# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

સોનાક્ષીની ટ્રોલિંગ પાછળ BJP IT સેલ....

**પેજ-09**

ટેસ્ટમાં સૌથી ઝડપી 100 છગ્ગા ફટકારનાર દુનિયાનો પહેલો બેટર....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |



પેજ 5

તહેવારોની સિઝન પહેલાં, એમેઝોન ઈન્ડિયાએ ભારતીય રેલવે સાથેની....

20 AUGUST-2026 THURSDAY

બ્રિટન પાકિસ્તાન વચ્ચે યૌન અપરાધીને લઈને વિવાદ, શાબીર અહેમદ દોષિત...



પેજ 10

**.....સુવિચાર.....**

જે તમને સમજે છે એમને તમારી ચોખવટની જરૂર નથી, જે તમને નથી સમજતા એની પાસે ચોખવટ કરવાનો શું મતલબ?

વર્ષ-15 । અંક-276 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


FLAMES OF HOPE
Where Hope Meets Healing

# SOUL GYM

अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

## SILVER
3 MONTHS WELLNESS JOURNEY
16 Sessions / Month
Total: 48 Live Sessions
₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE
- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

## GOLD
6 MONTHS TRANSFORMATION JOURNEY
20 Sessions / Month
Total: 120 Live Sessions
₹ 12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

## PLATINUM
1 YEAR COMPLETE WELLNESS JOURNEY
20 Sessions / Month
Total: 240 Live Sessions
₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000
- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

## WHY JOIN SOUL GYM?
Daily Live Guided Sessions | Positive & Supportive Community | Develop Healthy Daily Wellness Habits | Improve Emotional Balance | Build Self Confidence | Learn Powerful Relaxation Techniques | Lifetime Friendships & Community Support

*“Physical fitness builds the body.
Soul Gym nurtures the mind, emotions and inner well-being.
Because true transformation begins from within.”*

ENROLL TODAY
+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH... AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.

## સત્યેન્દ્ર જૈનની ફરીથી ભાજપે ધરપકડ કરાવી, અગાઉનો કેસ પણ ખોટો હતો, આ પણ ખોટો છે- કેજરીવાલ

# સત્યેન્દ્ર જૈનની ફરીથી ભાજપે ધરપકડ કરાવી, અગાઉનોકેસપણખોટોહતો,આપણખોટોછે-કેજરીવાલ

અમદાવાદ | આમ આદમી પાર્ટીએ પંજાબના સહ પ્રભારી અને પૂર્વ જળ મંત્રી સત્યેન્દ્ર જૈનની ફરી એકવાર ખોટા કેસમાં ધરપકડ કરવા બદલ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. પાર્ટી આ કાર્યવાહીને પંજાબમાં યોજાનારી ચૂંટણી સાથે જોડીને પણ જોઈ રહી છે. ''આપ''ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે સત્યેન્દ્ર જૈનની ફરીથી ભાજપે ખોટા કેસમાં ધરપકડ કરાવી દીધી. અગાઉનો કેસ પણ ખોટો હતો અને આ કેસ પણ ખોટો સાબિત થશે. તેમણે પૂછ્યું કે આખરે ભાજપની આ તાનાશાહી ક્યાર સુધી ચાલશે? જેને મન થાય છે, તેને ખોટા કેસ કરીને જેલમાં નાખી દે છે. પરંતુ હવે ભાજપના પાપનો ઘડો ભરાઈ ગયો છે. તેઓ ભલે જેટલી તાનાશાહી કરી લે, હવે મોદી સરકારનો અંત નક્કી છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે સત્યેન્દ્ર જૈનની ફરી એકવાર ભાજપે ધરપકડ કરાવી દીધી છે. થોડા સમય પહેલાં આ લોકોએ તેમને જેલમાં નાંખીને તેમની જે દુર્દશા કરી હતી, તે સૌને યાદ છે. અગાઉનો કેસ પણ ખોટો હતો અને આ કેસ પણ ખોટો સાબિત થશે. તેમણે કહ્યું કે તેમનું જૂઠ ફરી એકવાર દેશની સામે આવશે, પરંતુ જેલમાં વિતાવેલા તે સમય અને માનસિક ત્રાસની ભરપાઈ કોણ કરશે? ભાજપના પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે. તેઓ ભલે જેટલી તાનાશાહી કરી લે, હવે મોદી સરકારનો અંત નક્કી છે. સમગ્ર આમ આદમી પાર્ટી અને દેશની જનતા સત્યેન્દ્ર જૈનની સાથે મજબૂતીથી ઊભી છે.

સત્યેન્દ્ર જૈનની ધરપકડ પર આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને પંજાબના પ્રભારી મનીષ સિસોદિયાએ કહ્યું કે પંજાબ ચૂંટણીના ઠીક પહેલાં પંજાબના સહપ્રભારી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ પણ તેમને અઢી વર્ષ સુધી ખોટા કેસમાં જેલમાં રાખવામાં આવ્યા હતા અને હવે ફરી એક ખોટો કેસ. જેન-જી આંદોલનથી લઈને રામ મંદિરની ચંદાચોરી અને ઈ-20 સુધીના મુદ્દાઓ પર ઘેરાયેલી ભાજપ હવે ફરીથી ED-ACB અને CBIના જૂના ચૂંટણીના હથકંડા પર ઉતરી આવી છે. બીજી તરફ, "આપ"ના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સભ્ય

**પંજાબ ચૂંટણીના ઠીક પહેલાં સહ પ્રભારી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરાવીને ભાજપે પોતાની હારની બોખલાહટ બતાવી દીધી- મનીષ સિસોદિયા**

સંજય સિંહે કહ્યું કે "આપ" પંજાબના સહ પ્રભારી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરી લેવામાં આવી છે. ભાજપ સરકારની આ જ નીતિ છે કે જે સરકાર કામ કરે તેને ડિસ્ટર્બ કરો, તેને રોકો અને તેના પર દરેક રીતે દબાણ બનાવો. દિલ્હી ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન અને મારી ધરપકડ કરવામાં આવી હતી. તેનો એકમાત્ર હેતુ હતો કે દિલ્હી ચૂંટણીને ડિસ્ટર્બ કરવામાં આવે અને યેન-કેન-પ્રકારે, સામ-દામ-દંડ-ભેદ અપનાવીને દરેક રીતે ચૂંટણી જીતવામાં આવે.

સંજય સિંહે જણાવ્યું કે હવે આ જ કામ તેઓ પંજાબ ચૂંટણી પહેલાં કરી રહ્યા છે. પહેલાં સંજીવ અરોડાની ધરપકડ કરવામાં આવે છે, પછી આડેધડ દરોડા પાડવામાં આવે છે અને આજે ફરીથી પંજાબના સહ પ્રભારી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરી લેવામાં આવી, જેઓ ત્યાં સંગઠનનું કામ કરી રહ્યા હતા. પંજાબ ચૂંટણીને પ્રભાવિત કરવા માટે આ બધું કરવામાં આવી રહ્યું છે કારણ કે કેન્દ્રમાં બેઠેલી ભાજપ સરકાર બોખલાઈ ગઈ છે. મોદીજી અને અમિત શાહને સમજમાં નથી આવી રહ્યું કે પંજાબમાં તેઓ શું કરે. તેમણે હાથ-પગ મારીને જોઈ લીધા, પરંતુ તેમને કંઈ સમજાઈ રહ્યું નથી.

સંજય સિંહે જણાવ્યું કે પંજાબમાં અમારી સરકારે શ્રેષ્ઠ શિક્ષણ આપવાનું કામ કર્યું, વીજળી મફત કરી, મહિલાઓ માટે 1000-1500 રૂપિયાની યોજના લાગુ કરી, વૃદ્ધો માટે તીર્થયાત્રા શરૂ કરી અને 10 લાખ રૂપિયા સુધીનું મેડિકલ ઈન્શ્યોરન્સ આપ્યું. આટલા કામ કર્યા પછી ભાજપને હવે ખબર પડી ગઈ છે કે પંજાબમાં તેમની કોઈ દાળ ગળવાની નથી, તેથી આ હથકંડા અપનાવવામાં આવી રહ્યા છે.

સંજય સિંહે કહ્યું કે હું પ્રધાનમંત્રી મોદીજીને માત્ર એટલું કહેવા માગું છું કે સમગ્ર દેશ તેમની આ તાનાશાહી જોઈ રહ્યો છે. જે રીતે પ્રધાનમંત્રી આમ આદમી પાર્ટીને ટાર્ગેટ કરીને એક પછી એક નેતાની ધરપકડ કરીને જેલમાં નાખી રહ્યા છે, આ સમગ્ર દેશ જોઈ રહ્યો છે. હવે પાપનો ઘડો ભરાઈ ગયો છે અને જનતા તેમના આ કૃત્યો તથા તેમની આ તાનાશાહીનો ચોક્કસ જવાબ આપશે.

બીજી તરફ, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભામાં વિપક્ષના નેતા આતિશીએ કહ્યું કે સત્યેન્દ્ર જૈનની ધરપકડ ભાજપની રાજકીય બદલો લેવાની કાર્યવાહિયાનું વધુ એક ઉદાહરણ છે. તેમને અગાઉ પણ ખોટા કેસમાં ફસાવીને જેલમાં મોકલવામાં આવ્યા હતા અને હવે ફરી એકવાર એ જ કહાની દોહરાવવામાં આવી રહી છે. સત્તાના અહંકારમાં ભાજપ કદાચ ભૂલી ગયું છે કે જૂઠ અને અત્યાચારની એક સીમા હોય છે. આજે સરકારી શક્તિનો ઉપયોગ કરીને કોઈને ડરાવી શકાય છે, પરંતુ સત્યને હંમેશા માટે દબાવી શકાય નહીં. આ લડાઈ માત્ર સત્યેન્દ્ર જૈનની નથી. આ તે દરેક વ્યક્તિની લડાઈ છે જે સત્તાના દુરુપયોગ સામે ઊભો છે. આમ આદમી પાર્ટી સંપૂર્ણ મજબૂતી સાથે તેમની સાથે ઊભી છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય મીડિયા પ્રભારી અનુરાગ ઢાંડાએ કહ્યું કે હવે વધુ કેટલા પુરાવા જોઈએ કે ભાજપને ''આપ''થી ડર લાગે છે. જે જલ બોર્ડના ટેન્ડરનો હવાલો આપી રહ્યા છે, તે સમયે સત્યેન્દ્ર જૈન જેલમાં હતા. કહો, જેલમાંથી કેવી રીતે જવાબદાર બની ગયા? અસલી કારણ એ છે કે સત્યેન્દ્ર જૈન પંજાબના સહ પ્રભારી છે અને પંજાબમાં ચૂંટણી આવી રહી છે. ડરપોક મોદી, કંઈક તો શરમ કરો. તેમણે કહ્યું કે ટેન્ડર ઓક્ટોબર 2022માં થયું હતું અને સત્યેન્દ્ર જૈનને ભાજપે ખોટા કેસમાં મે 2022થી જેલમાં રાખ્યા હતા. કોઈ આધાર વગરની રાજકીય દ્વેષના કારણે કરવામાં આવેલું ષડયંત્ર છે, કારણ કે પંજાબમાં ચૂંટણી લડીને ભાજપ આમ આદમી પાર્ટીનો સામનો કરી શકતી નથી. તેથી સહ પ્રભારીની ધરપકડ કરી લેવામાં આવી.

## સુરતમાં ફૂડ પોઈઝનિંગથી બાળકીનું મૃત્યુ, ભાજપના શાસકો ક્યારે જાગશે?: ધર્મેશ ભંડેરી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને સુરત મનપાના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગઈકાલે સુરતમાં જે ફૂડ પોઈઝનિંગની ઘટના ઘટી એના સાત દિવસ પહેલા આમ આદમી પાર્ટીએ વિપક્ષ તરીકે સુરત મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ પત્ર લખીને માંગ કરી હતી કે સુરત શહેરના તમામ નવ ઝોનમાં ફૂડ ટેસ્ટ લેબોરેટરી શરૂ કરવામાં આવે. જેથી સામાન્યમાં સામાન્ય વ્યક્તિ સામાન્ય દરે ફૂડ ટેસ્ટ લેબોરેટરીમાં જઈને કોઈપણ ખાદ્ય પદાર્થનો ટેસ્ટ કરાવી શકે. ગઈકાલે સુરતના મેયરના વોર્ડમાં એક ઘટના બની. એક પરિવારે હોટલમાંથી જમવાનું મંગાવ્યું અને તેઓ ફૂડ પોઈઝનિંગના ભોગ બન્યા અને પાંચ વર્ષની દીકરીનું મૃત્યુ થયુ. અમે સાત દિવસ પહેલા આ મુદ્દે ગંભીરતા દાખવી હતી. અમે ચૂંટણી સમયે પણ લોકોને વચન આપ્યું હતું કે આમ આદમી પાર્ટીના મેયર બનશે તો અમે આરોગ્ય બાબતે ગંભીર બનીશું અને સુરતના તમામ નવ ઝોનમાં અમે ફૂડ ટેસ્ટ લેબોરેટરી બનાવીશું, જેથી લોકોની ચિંતા દૂર થાય. પરંતુ ભાજપના શાસકો આ બાબતની ગંભીરતા સમજતા નથી. કોઈપણ ઘટના બને કે કોઈનું મૃત્યુ થાય પછી જ ભાજપના શાસકો જાગે છે, પછી નાની નાની હોટલો કે દુકાનોમાં આરોગ્ય વિભાગ રેડ પાડશે અને આપણને બતાવવાનો પ્રયાસો કરશે કે આરોગ્ય વિભાગ સતર્ક છે પરંતુ હકીકતમાં એવું નથી.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, તક્ષશિલાની ઘટના યાદ કરો, જેમાં 23 જેટલા નાના નાના બાળકો હોમાઈ ગયા, ત્યારબાદ તંત્રનું ફાયર વિભાગ જાગ્યું, ખાડી પૂરમાં 40-42 લોકો મૃત્યુ પામ્યા, એના દસ દિવસ પછી હવામાન વિભાગે કહ્યું કે "ફરી એકવાર ભયંકર વરસાદ આવવાનો છે" ત્યારે તંત્ર સફાળુ જાગ્યું પરંતુ અમારો સવાલ છે કે કોઈ ઘટના બને એની પહેલા ભાજપના અને તંત્રના લોકો કેમ જાગતા નથી? નાની બાળકી મૃત્યુ પામી એટલા માટે હવે આરોગ્ય વિભાગ સતર્ક થયું, તો હવે સવાલ છે કે આપણે ક્યારે જાગીશું? આપણે ક્યારે તંત્રને સવાલ પૂછીશું? ભાજપના શાસકો ક્યારે જાગશે? શું ભાજપના શાસકો દર વખતે એવું જ વિચારશે કે કોઈનું મૃત્યુ થાય તો જ ગંભીર થવાનું બાકી ગંભીર થવાનું નહીં? આ સવાલ આપણે આપણી જાતને પણ પૂછવો પડશે અને ભાજપના શાસકોને પણ આ સવાલ પૂછવો પડશે કે શું ભાજપના શાસકો અમારી મૃત્યુ થવાની રાહ જોઈને બેઠા છે?

## ગુજરાત સરકાર સંપૂર્ણપણે વિદ્યાર્થી વિરોધી માનસિકતા ધરાવે છે : ધાર્મિક માથુકિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ વિડીયોના માધ્યમથી રાજ્ય સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર વારંવાર સાબિત કરી રહી છે કે તે તદ્દન વિદ્યાર્થી વિરોધી સરકાર છે. ગુજરાતમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' (RTE) હેઠળ જે વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાં એડમિશન લીધું છે, તેમને ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ૩,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. આ સહાયની રકમમાંથી વિદ્યાર્થીઓ સ્કૂલ બેગ, યુનિફોર્મ અને જરૂરી સ્ટેશનરી જેવી વસ્તુઓ ખરીદતા હોય છે. પરંતુ હાલમાં શાળાનું નવું સત્ર શરૂ થઈ ગયું છે અને ઘણો સમય વીતી ગયો હોવા છતાં, આજદિન સુધી સરકારે RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ ત્રણ હજાર રૂપિયા ચૂકવ્યા નથી.'આપ' ના વિધાર્થી નેતા ધાર્મિક માથુકિયાએ વધુમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આપણે કેવા ગુજરાતમાં રહીએ છીએ જ્યાં ભાજપ અને નરેન્દ્ર મોદીની સભાઓ તથા રેલીઓમાં સરકારી ધન અને પ્રાઈવેટાઈઝેશનના લાખો-કરોડો રૂપિયાનો બેફામ ઉપયોગ થાય છે, પરંતુ ગુજરાતના ગરીબ વિદ્યાર્થીઓને આપવા માટે સરકાર પાસે ત્રણ હજાર રૂપિયા નથી. આ બાબત દર્શાવે છે કે સરકારની માનસિકતા જ વિદ્યાર્થી વિરોધી છે. અમારી સરકાર અને સંબંધિત અધિકારીઓને વિનંતી અને કડક માંગણી છે કે RTE હેઠળના વિદ્યાર્થીઓને વાર્ષિક ૩,૦૦૦ રૂપિયાની સહાય તાત્કાલિક ચૂકવવામાં આવે. જો આ નાણાં તાત્કાલિક નહીં ચૂકવાય, તો ગુજરાતના વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી બહાર નીકળી એક-એક રૂપિયાની ભીખ માંગીને વિરોધ પ્રદર્શિત કરશે અને પોતાના હક્કના પૈસા મેળવશે.

## સત્તામાં બેઠેલા લોકો શાતીર છે અથવા મૂરખ છે અને ગુજરાતની જનતાને પણ મૂરખ સમજે છે : મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડીયોના માધ્યમથી સત્તાધારી પક્ષ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સત્તામાં બેઠેલા લોકો યા તો ખૂબ શાતીર છે અથવા તો ખૂબ મૂરખ છે, અને તેઓ ગુજરાતના લોકોને પણ મૂરખ સમજી રહ્યા છે. ભાવનગરમાં લઠ્ઠાકાંડમાં કેટલાક લોકોના મૃત્યુ થયા બાદ હવે સરકાર પોતાની ઈજ્જત બચાવવા માટે ખૂબ મોટા નાટકો આદરી રહી છે અને લોકોને છેતરવાનું કામ કરે છે. સરકારની આ નીતિ 'ચોરને કહે છે ચોરી કર, અને વોચમેનને કહે છે જાગતો રહેજે' જેવી છે. જો સરકારે ખરેખર દારૂના દૂષણને દૂર કરવું હોય તો આ નાટકો બંધ કરવા જોઈએ. સરકારે જાહેરાત કરીને નોટિફિકેશન બહાર પાડ્યું છે કે 21 તારીખ સુધી દારૂના અડ્ડાઓ પર સ્પેશિયલ ડાઈવ ચાલશે. જે અત્યંત



હાસ્યાસ્પદ બાબત છે.મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આવી જાહેરાતોના કારણે દારૂ વેચનારાઓ અને બુટલેગરો ત્રણ-ચાર દિવસ પૂરતું બધું સંકેલી લેશે. ત્યારબાદ પોલીસ 'સિંઘમ' બનીને ફરશે અને એવું સાબિત કરવાનો પ્રયાસ કરશે કે ગુજરાતમાં કોઈ દારૂ વેચાતો નથી. જો સરકાર ખરેખર આ દૂષણ બંધ કરાવવા માંગતી હોય, તો આવી જાહેરાતો કર્યા વગર દારૂના અડ્ડાઓ પર દરોડા પાડવા જોઈએ અને અડ્ડાઓ કાયમ માટે બંધ કરાવવા જોઈએ. આ સરકાર અને બુટલેગરોની મિલીભગત છે. સરકારે ગુજરાતમાં ક્રાઈમ રેટ એટલો બધો વધારી દીધો છે કે હવે જનતા તેમને બરાબર ઓળખી ગઈ છે. જો સરકાર ખરેખર રાજ્યમાં ગુનાખોરી ઘટાડવા માંગતી હોય તો દારૂ અને ડ્રગ્સના દૂષણ પર સાચી કાર્યવાહી કરી બતાવે, નહીંતર ગુજરાતના લોકો તેમને ક્યારેય માફ નહીં કરે.

## મુરડદ ગામના માવલી ફળિયામાં રસ્તા વગર કાદવ-કીચડથી ગ્રામજનો ભારે હેરાન : ઈશ્વરભાઈ પટેલ

અમદાવાદ | ગુજરાતના વિકાસની વરવી વાસ્તવિકતા છતી કરતાં પૂર્વ ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલે વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે, આઝાદીના આટલા વર્ષો પછી પણ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના છેવાડાના ગામો આજે પણ મૂળભૂત વિકાસથી વંચિત છે. ધરમપુર તાલુકાના મહારાષ્ટ્ર બોર્ડર પર આવેલા મુરડદ ગામના 'માવલી ફળિયા'માં ૧૫ થી ૨૦ ઘરો આવેલા છે, જ્યાં ૬૦ થી ૭૦ લોકોની વસ્તી વસવાટ કરે છે. પરંતુ અત્યાર સુધી ત્યાં વિકાસનું કોઈ કામ થયું નથી. ફળિયાના રસ્તાઓ આજે પણ અત્યંત ખરાબ, ખાડા ટેકરા વાળા અને કાદવ-કીચડથી ભરેલા છે. ગામમાં જ્યારે કોઈ વ્યક્તિ બીમાર પડે કે નાના બાળકોને શાળાએ ભણવા જવું હોય, ત્યારે પાકા રસ્તાના અભાવે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.વધુમાં ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ ફળિયામાં કોઈનું મૃત્યુ થાય ત્યારે સ્મશાને જવા માટે પણ ભારે આફત ઊભી થાય છે. કાદવ-કીચડ વાળા રસ્તા પરથી ચાર લોકોએ નનામી ઊંચકીને જવું પડે છે અને ચાલી પણ શકાતું નથી. ભાજપ સરકાર 'ગુજરાત નંબર વન' અને 'આગળ પડતું ગુજરાત'ની વાતો કરીને લોકોને ભ્રમિત કરી રહી છે, પરંતુ છેવાડાના વિસ્તારોનો કોઈ વિકાસ થયો નથી. ભાજપના નેતાઓ અને આગેવાનોએ આ ગામ તરફ ઘોર દુરલક્ષ્ય સેવ્યું છે. અમારી માંગણી છે કે સરકાર તાત્કાલિક આ ગામમાં પાકા રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવે, અને જો આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો અમારે આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

## News Brief

### પોલીસ જ કોર્ટને પુરાવા નથી આપી શકતી, ડ્રગ્સના આરોપીઓને સામે નથી લાવી શકતી: બ્રિજરાજ સોલંકી AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, હાલ સમાચાર મળી રહ્યા છે કે ગુજરાત પોલીસે અને ગુજરાતની સરકારે ડ્રગ્સ માફિયા વિરુદ્ધ 1649 નોંધ્યા પરંતુ એમાંથી ફક્ત 76 લોકોને જ દોષિત ઠેરવ્યા. એક બાજુ હર્ષ સંઘવી અને ગુજરાતની પોલીસ મીડિયા અને સોશિયલ મીડિયામાં વાહવાહી મેળવી રહી છે, જાણે કે ગુજરાતમાંથી ડ્રગ્સને પકડીને ખતમ કરી રહી છે. બીજી બાજુ પોલીસ જ કોર્ટને પુરાવા નથી આપી શકતી, આરોપીઓને સામે નથી લાવી શકતી, આ આજની હકીકત છે. આજે હર્ષ સંઘવી અને ગુજરાત પોલીસનો પર્દાફાશ થયો છે. શું આ લોકોની ડ્રગ્સ માફિયા સાથે મિલીભગત છે? ગુજરાતમાંથી 65000 કિલોનું હજારો કરોડોનું ડ્રગ્સ પકડાયું છે. એમડી ડ્રગ્સ, ઈન્જેક્શન, હિરોઈન, ગાંજા સહિત તમામ પ્રકારના નશા માટે ગુજરાત હવે એન્ટ્રી પોઈન્ટ બની ગયું છે, જેના કારણે હજારો-લાખો યુવાનો ખોખલા બનતા જાય છે. એક બાજુ અગાઉ લોકો ઉડતા પંજાબની વાત કરતા હતા અને અત્યારે ઉડતા પંજાબ એક પડતા પંજાબ બની ગયું છે. 27 નંબરે પંજાબ હતું એ આમ આદમી પાર્ટીની સરકારમાં પહેલા ક્રમે આવી ગયું છે. ભગવંત માનજીની સરકારે પંજાબમાંથી ડ્રગ્સને નેસ્ત નાબૂદ કરવાનું કામ કર્યું છે. જ્યારે ગુજરાતમાં ખૂણે ખૂણે નશાનો વેપાર ચાલી રહ્યો છે અને હોમ ડિલિવરી થઈ રહી છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, ભાવનગરના અનેક યુવાનો કેમિકલ યુક્ત દારૂ પીને મોતને ભેટ્યા છે. આ ગાંધી અને સરદારનું ગુજરાત છે, જ્યાં 10 વર્ષ પહેલા દારૂ કે ડ્રગ્સનું નામોનિશાન ન હતું પરંતુ હવે ભાજપ સરકારના રાજમાં બુટલેગરોને પ્રોત્સાહન મળ્યું છે અને ડ્રગ્સ ડીલરો ગુજરાતમાં વધી રહ્યા છે. પીપાવાવ પોર્ટ, કંડલા પોર્ટ, મુન્દ્રા પોર્ટ અને પોરબંદર પોર્ટ જાણે ડ્રગ્સ માટે એન્ટ્રી પોઈન્ટ બની ગયા છે. પાકિસ્તાનથી ડ્રગ્સ ગુજરાતમાં આવે છે.

### અમદાવાદમાં બોસનો ફોટો જોઈ એકાઉન્ટન્ટે ₹3 કરોડ ચૂકવી દીધા, કોન્ફરન્સ કોલ થતાં જ પગ નીચેથી જમીન સરકી ગઈ

અમદાવાદ | અમદાવાદ નજીક ચાંગોદરમાં 'પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી' કંપનીમાં સાયબર છેતરપિંડી થઈ છે. ઠગે ડિરેક્ટર હેમંતભાઈના ફોટોવાળું નકલી વોટ્સએપ પ્રોફાઈલ બનાવી, એકાઉન્ટન્ટ હાર્દિકભાઈને વિશ્વાસમાં લઈ 3 કરોડ રૂપિયા અજાણ્યા બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા. 18 ઓગસ્ટે બનેલી આ ઘટનામાં નકલી આદેશથી પેમેન્ટ થયું. કોન્ફરન્સ કોલ પર અસલી ડિરેક્ટરનો ખુલાસો થતા છેતરપિંડી બહાર આવી, અને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ.

અમદાવાદ નજીક ચાંગોદરમાં આવેલી 'પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી' નામની કંપનીમાં સાઈબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાતિર ઠગે કંપનીના ડિરેક્ટર હેમંતભાઈના નામે અને તેમના જ ફોટોવાળું નકલી વોટ્સએપ પ્રોફાઈલ બનાવી કંપનીના એકાઉન્ટન્ટ હાર્દિકભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. ઠગે ડિરેક્ટર તરીકેની ઓળખ આપી એકાઉન્ટન્ટને વિશ્વાસમાં લીધા હતા અને અજાણ્યા બેંક એકાઉન્ટમાં 3 કરોડ રૂપિયાની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ બનાવ અંગે સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને છેલ્લા 20 વર્ષથી ચાંગોદર ખાતેની આ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા 44 વર્ષીય હાર્દિકભાઈ પટેલ ગત 18 ઓગસ્ટે સવારે ઓફિસે કામ કરી રહ્યા હતા. તે સમયે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો.

### હરદ્વારથી 'સંત શિરોમણી રવિદાસ જી ના પૂજન માટે લવાયેલ ગંગાજળ કળશ યાત્રા ચાણસ્મા આવી પહોંચતા નગરજનો અ  જા પરિવારો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું


નીતિન ઠાકર | ચાણસ્મા

સંત શિરોમણી રવિદાસજી ની 625 મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે પવિત્ર શ્રાવણ માસમાં હરદ્વારથી ગંગાજળ કળશ યાત્રા ચાણસ્મા રેલવે સ્ટેશન રોડ પર. આવેલ રામાપીર મંદિરે આવી પહોંચતા રામાપીર મંદિરના પુજારી સહિત સંતો મહિલા કાર્યકરો ભાજપના સેવાર્થી કાર્યકરો



પદાધિકારીઓએ ગંગા કળશની પૂજા અર્ચના કરી હતી બાદમાં ખોડીયાર માતાજીના મંદિરેથી ચાણસ્માના વિવિધ વિસ્તારોમાં ગંગા કળશ શોભાયાત્રા પસાર થઈ રહી હતી દરમિયાન નગરજનો એ ગંગાજી કળશ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી કળશ યાત્રા ઉગમણા દરવાજા બહાર પહોંચતા અનુસૂચિત જાતિના ભક્તજનોએ ગંગા કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરી ધન્યતા અનુભવી હતી મહાશક્તિ સધી માતાજીના મંદિરે કળશ યાત્રાની પૂજા અર્ચના કરાયા બાદ માતાજીની પૂજા અર્ચના માટે ગંગા કળશ માતાજીના મંદિરે. મુકાયો હતો આ પ્રસંગે પ્રદેશ ભાજપ ના રૂપસિંહજી અનુસૂચિત ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ અમરતભાઈ ડોડીયા અગ્રણી લક્ષ્મણભાઈ શ્રીમાળી ગૌતમભાઈ પરમાર બાહુલભાઈ સથવારા મહિલા (ભાજપ) ના અગ્રણી મીરાં દેવી કૈલાસબેન પંચાલ આરતીબેન વ્યાસ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ પુરુષો ઉપસ્થિત રહ્યા હતા.

## AAP નેતા રાજુ બોરખતરીયાની આગેવાનીમાં પરિવહન કચેરીમાં અપાયું આવેદનપત્ર



અમદાવાદ | આજે આમ આદમી પાર્ટીના જુનાગઢ સંગઠન દ્વારા પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયાની આગેવાનીમાં જૂનાગઢમાં પરિવહન કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા રાજુ બોરખતરીયાએ જણાવ્યું હતું કે આજે અમે જુનાગઢ પરિવહન કચેરી ખાતે એક આવેદનપત્ર આપ્યું છે. આવેદનપત્રમાં અમે જણાવ્યું છે કે હમણાં જન્માષ્ટમી, રક્ષાબંધન જેવા તહેવારો આવી રહ્યા છે. અને મેં ગત વર્ષે પણ આ તહેવારોની આસપાસ અનેક લોકોની ફરિયાદો સાંભળી હતી અને મેં પોતે પણ બસમાં બેસીને અમુક ગંભીર સમસ્યાઓનો અનુભવ લીધો હતો કે જે લોકલ બસો કાયમી માટે ચાલે છે, જેમાં વિદ્યાર્થીઓ અને અપડાઉન કરતા લોકો મુસાફરી કરતા હોય છે, એ બસોમાં એક્સપ્રેસનું ભાડું લેવામાં આવે છે અને આ અનુભવ મેં પણ કરેલો છે. મેં આ મુદ્દે પણ રજૂઆત કરી હતી પરંતુ કાંઈ થયું નહીં. આજે અમે પૂર પહેલા પાળ બાંધવાની કોશિશ કરવા માટે પરિવહન કચેરીમાં અધિકારીને મળ્યા અને રજૂઆત કરી છે કે આ વખતે આવું ન થવું જોઈએ. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાજુ બોરખતરીયાએ જણાવ્યું હતું કે, પરિવહન કચેરીમાં અધિકારીએ અમને આશ્વાસન આપ્યું છે કે "આ વખતે લોકલ બસોમાં જો એક્સપ્રેસનું ભાડું લેવામાં આવે અમને તાત્કાલિક જાણ કરવામાં આવે" અમે આવેદનપત્રમાં સ્પષ્ટ વાત જણાવી છે કે જો આ વખતે આવું થશે તો અમે ઉગ્ર આંદોલન કરીશું. ઘણા રાજ્યમાં અને આપણા વિસ્તારોમાં જ્યારે એક બહેન રાખડી બાંધવા માટે પોતાના ભાઈના ઘરે જાય છે એવા સમયમાં બહેનને સુવિધા મળી રહે અને આર્થિક બોજ ન પડે એવા સમયમાં વધારે ભાડું લેવું એ અયોગ્ય છે.

## અંકલેશ્વરમાં પાવર ગ્રીડ લાઇનના પોલ વિરોધમાં ખેડૂતોએ ટ્રેક્ટર રેલી કાઢી ચક્કાજામ કર્યો : પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને કિસાન મોરચાના અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, તાજેતરમાં અંકલેશ્વર ખાતે પણ ખેડૂતોએ પાવર ગ્રીડ લાઇન એટલે કે વીજ લાઇનના પોલને લઈને ઉગ્ર અવાજ ઉઠાવ્યો છે. ખેડૂતોએ આ મુદ્દે વિશાળ ટ્રેક્ટર રેલી કાઢી હતી અને જ્યારે તેઓ રજૂઆત કરવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસ દ્વારા રોકવામાં આવતાં આખો હાઈવે ચક્કાજામ થઈ ગયો હતો. ટ્રાફિક જામ થવાને કારણે કલાકો સુધી આખો હાઈવે બ્લોક રહ્યો હતો. હવે સરકારે આ બાબત ગંભીરતાથી સમજવાની જરૂર છે, કારણ કે સમગ્ર ગુજરાતના ખૂણે-ખૂણેથી ખેડૂતોનો એક જ અવાજ ઊઠી રહ્યો છે કે વીજ લાઇન માટે સરકારે જે કાગળો અને વળતર જાહેર કર્યા છે,



તે વળતર ખેડૂતોને ક્યારેય માન્ય નથી.

પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતની ભાજપ સરકારે હવે સમયસર સમજી જવાની જરૂર છે અને ખેડૂતો જે વ્યાજબી માંગણી કરી રહ્યા છે તેને તાત્કાલિક ધોરણે પૂરી કરવી જોઈએ. આ સાથે જ પોલીસ પ્રશાસન, સરકારી તંત્ર અને સરકાર ખેડૂતોની વચ્ચે જે રોડાં નાખવાનું તેમજ અટકાવવાનું કામ કરી રહ્યા છે તે અત્યંત નિંદનીય છે. લોકશાહી દેશમાં ખેડૂતોને પોતાના હક્ક માટે વિરોધ કરવાનો પૂરો અધિકાર છે, પરંતુ તેમના આ વિરોધને કચડી નાખવાનું અને અટકાવવાનું કામ કરીને પ્રશાસન સરેઆમ લોકશાહીનું ગળું દબાવી રહ્યું છે, જે ખરેખર કઠિન અને ગંભીર બાબત છે.

## ગાંધીના ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓની 'મોજ' 1649 કેસ નોંધાયા પણ સજા માત્ર 76ને

ગુજરાત | મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ પર દાયકાઓથી 'નશાબંધી'નો કાયદો અમલમાં છે, પરંતુ આ કાયદો માત્ર કાગળ પર જ રહ્યો હોય તેવું બિહામણું ચિત્ર સામે આવી રહ્યું છે. દરિયાઈ અને રોડ માર્ગે ગુજરાતમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યું છે અને રાજ્ય ડ્રગ્સ માફિયાઓ માટે સેફ લેન્ડિંગ ઝોન બની ગયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર, છેલ્લા 3 વર્ષમાં રાજ્યમાંથી 65,549 કિલો ડ્રગ્સ, 45,564 નશીલી ટેબ્લેટ્સ અને 4,841 લિટર પ્રવાહી ડ્રગ્સ ઝડપાયું છે. આ ઉપરાંત છેલ્લા 2 વર્ષમાં 121 કિલો હાઈ-ક્વોલિટી કોકેઈન પણ પકડાયું છે.


ગુજરાતમાં ડ્રગ્સનો આટલો મોટો કાળો કારોબાર ચાલતો હોવા છતાં કાયદાકીય કારવાઈના નામે મોટા સવાલો ઊભા થઈ રહ્યા છે. છેલ્લા 3 વર્ષમાં ડ્રગ્સ સંબંધિત કુલ 1649 કેસો પોલીસ ચોપડે નોંધાયા હતા. આટલા વિશાળ નેટવર્ક અને હજારો કિલો નશાનો જથ્થો પકડાયો હોવા છતાં માત્ર ગણતરીના ડ્રગ્સ માફિયાઓ જ કોર્ટમાં દોષિત ઠરી શક્યા છે. પોલીસ ડ્રગ્સનો જથ્થો પકડીને વાહવાહી મેળવે છે, પરંતુ કોર્ટમાં ગુનેગારોને સજા અપાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે

## મિલકતવેરાને લઈ મહાનગરપાલિકાનું કડક ઉઘરાણું:શહેરની 20 મિલકતો સીલ કરી ડિફોલ્ટર્સો પાસેથી 40 લાખ વસૂલ્યા...

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા ગત વર્ષના બાકી લેણાં નિશ્ચિત સમયમર્યાદામાં ભરપાઈ ન કરનારા ડિફોલ્ટર્સ સામે લાલ આંખ કરીને સીલિંગ અને ટાંચ જપ્તીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કડક મોહિમ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ 20 જેટલી મિલકતોને સીલ મારી દઈ આક્રમક વલણ અપનાવી 40 લાખ બાકી વેરાની વસૂલાત કરાઈ છે.

મહાનગરપાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા ગત વર્ષના બાકી લેણાં ધરાવતા મિલકતધારકો સામે એક વ્યાપક અને કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આ સઘન ઝુંબેશને વધુ તેજ બનાવીને અન્ય બાકીદારો સામે પણ આકરાં પગલાં લેવાની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પાલિકાને કરદાતાઓ તરફથી અભૂતપૂર્વ સહકાર સાંપડ્યો છે.

અત્યાર સુધીમાં કુલ 1,15,288 નાગરિકોએ પોતાની ફરજ સમજીને રૂ. 55.15 કરોડનો



મિલકતવેરો જમા કરાવી દીધો છે. આ વર્ષે કેશલેસ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરફ લોકોનો ઝુકાવ નોંધપાત્ર જોવા મળ્યો છે. કુલ વસૂલાતના 56.75 ટકા ભાગ એટલે કે રૂ. 31.30 કરોડ જેટલી મોટી રકમ 75,191 કરદાતાઓએ યુ.પી.આઈ., નેટ બેન્કિંગ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ જેવા ડિજિટલ માધ્યમોથી ચૂકવી છે. જ્યારે 40,097 નાગરિકોએ રૂ. 23.85 કરોડનો વેરો ઓનલાઈન સિવાયના ઓફલાઈન કેશ કે ચેક માધ્યમથી જમા કરાવ્યો છે જે કુલ રકમના 43.25 ટકા હિસ્સો દર્શાવે છે.ચાલુ નાણાકીય વર્ષનો વેરો ભરવા માટે મહાનગરપાલિકાએ સપ્ટેમ્બર માસના અંત સુધીની આખરી સમયમર્યાદા આપી છે. આ મુદત પૂર્ણ થયા બાદ જારી કરાયેલા બિલને જ આખરી નોટિસ ગણીને કોઈપણ આગોતરી જાણ વગર મિલકતો સીલ કરવાની કામગીરી હાથ ધરાશે. નાગરિકોને ઘરેબેઠા બિલ મળી રહે તે માટે ઈન્ડિયા પોસ્ટ મારફતે વિતરણ સુનિશ્ચિત કરાયું છે. જો કોઈ કારણોસર બિલ ન મળ્યું હોય તો નાગરિકો ગાંધીનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ gandhinagarmunicipal.com અથવા નજીકની જનસેવા કચેરી પરથી ડિજિટલ કોપી ડાઉનલોડ કરી શકે છે. તંત્ર દ્વારા સીલિંગ, ટાંચ જપ્તી કે મિલકત હરાજી જેવા આકરાં પગલાંથી બચવા સમયસર વેરો ભરી દેવા તાકીદ કરવામાં આવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વડોદરામાં રાત્રે બંધ મકાનોને ટાર્ગેટ કરતી ગેંગ ઝડપાઈ, 17 મકાનોમાં ચોરી કરી

## અગિયાર લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, ક્રાઈમ બ્રાન્ચની મોટી સફળતા

(એજન્સી) વડોદરા । તા. 19




વડોદરા શહેરમાં રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવીને તાળાં તોડીને સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરી કરનાર એક કુખ્યાત ગેંગને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસે દરજીપુરા એરફોર્સ સામેના ગ્રાઉન્ડ પાસેથી એક સગીર સહિત કુલ ચાર આરોપીઓને ઝડપી લીધા છે અને તેમની પાસેથી આશરે રૂ. ૧૧.૫૪ લાખની કિંમતના દાગીના, મોબાઈલ ફોન, ઘડિયાળ અને રોકડ રકમ જપ્ત કરી છે. આ કાર્યવાહીથી શહેરમાં થયેલી ૧૭ જેટલી ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાઈ ગયા છે.

શહેરમાં વધી રહેલી ઘરફોડ ચોરીઓની ઘટનાઓને પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ સીસીટીવી ફૂટેજ તેમજ ટેકનિકલ સોર્સિસના આધારે આરોપીઓની શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ચોર ટોળકી એરફોર્સ સામેના ગ્રાઉન્ડમાં ચોરીનો મુદ્દામાલ વહેંચવા માટે ભેગી થઈ છે. પીઆઈ સંજય ગામેતી, પીએસઆઈ સી.ડી. યાદવ અને એએસઆઈ જયદીપસિંહ ડોડીયા સહિતની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને મોટરસાયકલ સાથે ચાર શખ્સોને ઘેરીને ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં પકડાયેલા આરોપીઓની ઓળખ (૧) સુરતમાં ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ રોહિત ઉર્ફે રાજુ સિંગ માનસિંગ બાવરી (સીકલીગર, રહે. આજવારોડ, એકતા નગર), (૨) બાદલસિંગ ધનસિંગ બાવરી (રહે. એકતા નગર, આજવા રોડ), (૩) કર્નલસિંગ માધુસિંગ ટાંક (રહે. સ્વાદ ક્વાર્ટર, હરણી રોડ) અને (૪) એક સગીર તરીકે થઈ છે. આ આરોપીઓ પૈકી મુખ્ય સૂત્રધાર રોહિત બાવરી સામે અગાઉ પણ ૧૪ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ટોળકીએ છાણી, ફતેગંજ, ગોરવા, જેપી રોડ, બાપોદ અને કપુરાઈ સહિતના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કુલ ૧૭ ઘરફોડ ચોરીઓ આચર્યાની કબૂલાત કરી છે.

### ભવિષ્યની અસરો અને પોલીસ તપાસ

ચોરી કરાયેલો મુદ્દામાલ ક્યાં ગીરવી મૂકવામાં આવતો હતો અથવા કોને વેચવામાં આવતો હતો તે અંગે પોલીસ સઘન પૂછપરછ કરી રહી છે. આ ઓપરેશનથી સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બની છે અને આગામી દિવસોમાં આ ગેંગના અન્ય સહયોગીઓ પણ કાયદાના શિંકજામાં આવે તેવી પૂરી શક્યતા છે.

## RTOમાં પ્રજા પર ભારે પડ્યો AI ટ્રેક: ૮૦ ટકા લોકો ફેઈલ થતાં ઊહાપોહ, હવે નિયમો બદલાશે!



સુરત | ગુજરાતની ૩૯ આરટીઓ કચેરીઓમાં લાયસન્સ પ્રક્રિયાને સંપૂર્ણપણે પારદર્શક બનાવવા અને વચેટિયાઓની દખલગીરી નાબૂદ કરવા માટે શરૂ કરવામાં આવેલા એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક હાલ ભારે ચર્ચા અને વિવાદનું કેન્દ્ર બન્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફોર વ્હીલર ટ્રેક ટેસ્ટમાં ફેલ થવાનો રેશિયો વધીને ૮૦ ટકાએ પહોંચી ગયો છે, જેના કારણે આરટીઓમાં ટેસ્ટ માટે મહિનાઓનું વેઈટિંગ થઈ ગયું છે અને અરજદારોમાં ભારે ઊહાપોહ મચી ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાહનવ્યવહાર વિભાગ દ્વારા એઆઈ ટ્રેકમાં જરૂરી સુધારા કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. અમદાવાદના સુભાષ બ્રિજ આરટીઓ ખાતે એઆઈ ટ્રેક શરૂ થયો ત્યારથી જ તે ચર્ચામાં રહ્યો છે. અહીં દરરોજ ફોરવ્હીલર માટે ૧૨૦ અને ટૂ-વ્હીલર માટે ૧૬૦ જેટલા ઉમેદવારો ડ્રાઈવિંગ ટેસ્ટ આપે છે. અગાઉ ૧૨૦ ફોરવ્હીલર ચાલકોમાંથી ૫૫ થી ૬૦ લોકો ટેસ્ટમાં નાપાસ થતા હતા, પરંતુ છેલ્લા દોઢ મહિનાથી આ આંકડો વધીને ૯૬ થી ૧૦૦ સુધી પહોંચી ગયો છે.

## વડોદરાના ભાલીયાપુરા ગામે જુગાર રમતા નવ શખ્સો ઝડપાયા, તેવીસ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને જુગારની બદી સામે પોલીસ દ્વારા સકંજા વધુ કડક કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના ભાલીયાપુરા ગામે ભાથીજીના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં પત્તા પાના વડે હારજીતનો જુગાર રમી રહેલા નવ શખ્સોને કપુરાઈ પોલીસે બાતમીના આધારે સફળ દરોડો પાડીને ઝડપી પાડ્યા છે. પોલીસની આ અચાનક થયેલી કાર્યવાહીથી જુગારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો અને સ્થળ પરથી રોકડ રકમ તેમજ અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કપુરાઈ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી બજાવી રહ્યો હતો, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ભાલીયાપુરા ગામમાં આવેલ ભાથીજી મંદિરની નજીક ખુલ્લા મેદાનમાં કેટલાક શખ્સો એકઠા થઈને પત્તા પાના વડે જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરીને પોલીસે નકી કરેલા સ્થળ પર રેડ પાડી હતી. પોલીસ કાફલાને જોઈને નાસી છૂટવાનો પ્રયાસ કરી રહેલા નવ શખ્સોને પોલીસે રાંધી કરીને ઝડપી લીધા હતા અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનાવી હતી. પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓની અંગઝડતીમાંથી રૂ. ૧૨,૬૦૦ રોકડા તેમજ જમીન ઉપર પાથરેલા પત્તા પાસેથી રૂ. ૯૮૦ મળી આવ્યા હતા. આ ઉપરાંત, બે નંગ મોબાઈલ ફોન જેની કિંમત આશરે રૂ. ૧૦,૦૦૦ થાય છે અને ૫૨ પત્તા પાના મળીને કુલ રૂ. ૨૩,૫૮૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં પ્રણવ જગદીશભાઈ ઠાકરડા, ઉપેન્દ્ર ઉદેસીંગ ઠાકરડા, નવઘણભાઈ અંબાલાલ ઠાકરડા, કરણ સંજયભાઈ ઠાકરડા, જીતેન્દ્ર દિલીપભાઈ ઠાકરડા, ધર્મેશ ગોવિંદભાઈ ઠાકરડા, વિશાલ દશરથભાઈ ઠાકરડા (તમામ રહેવાસી ભાલીયાપુરા, વડોદરા), કિશનભાઈ શંકરભાઈ ઠાકરડા તથા ભરત ઠાકોર તડવી (રહેવાસી ઘાઘરેટીયા, સોમાતળાવ બ્રિજ પાસે) નો સમાવેશ થાય છે.

## સુરતથી મેક્સિકો સુધી નશાનું નેટવર્ક: ગુજરાત બન્યું અમેરિકાની ઊંઘ ઉડાવનાર ‘ફેન્ટેનાઈલ’ ડ્રગનું હબ!

(એજન્સી) સુરત । તા. 19

ભારતનું ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી ગણાતું સુરત શહેર હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકન એજન્સીઓના રડાર પર આવી ગયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતમાં ગેરકાયદેસર રીતે અત્યંત જોખમી ફેન્ટેનાઈલ ડ્રગ બનાવવા માટે ઉપયોગી કેમિકલ્સનો કારોબાર ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, અમેરિકન પ્રશાસનની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં જ અમેરિકન અધિકારીઓએ ગુજરાતના કેમિકલ હબ સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ સામે કડક કાર્યવાહી કરી છે, કારણ કે આ કંપનીઓ મેક્સિકન ડ્રગ કાર્ટેલને આ પ્રાણઘાતક ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કાચો માલ પૂરો પાડી રહી હતી. અગાઉ આ સપ્લાય ચીનથી થતી હતી, પરંતુ ચીને નિકાસ પર સખત પ્રતિબંધ મૂકતાં આ ગેરકાયદેસર નેટવર્કે ભારત અને ખાસ કરીને ગુજરાત તરફ પોતાનો મોરચો વાળ્યો છે.

યુએસ ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન (DEA) ના રિપોર્ટ અનુસાર, ફેન્ટેનાઈલ એટલું ખતરનાક ડ્રગ છે કે કોઈપણ વયસ્ક વ્યક્તિનો જીવ લેવા માટે માત્ર ૨ મિલીગ્રામ જેટલી નાની માત્રા જ પૂરતી છે, જે એક પેન્સિલની અણી પર આવી શકે છે. આ ડ્રગ હેરોઈન કરતાં ૫૦ ગણું અને મોર્ફિન કરતાં ૧૦૦ ગણું વધુ અસરકારક છે. અમેરિકામાં ૧૮ થી ૪૪ વર્ષની વયના લોકોમાં અચાનક થતાં મોત પાછળ આ મુખ્ય કારણ બની ગયું છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) ના રિપોર્ટ પ્રમાણે, ઓવરડોઝથી થતાં કુલ મોતમાંથી આશરે ૬૯% મૃત્યુ સિન્થેટિક ઓપિયોઈડ્સ અને ગેરકાયદે બનાવવામાં આવતા ફેન્ટેનાઈલના કારણે થઈ રહ્યા છે.

તબીબી દ્રષ્ટિએ ફેન્ટેનાઈલ એ સંપૂર્ણપણે ગેરકાયદેસર નથી; કેન્સરના દર્દીઓને અસહ્ય દુખાવામાંથી રાહત આપવા, ટ્રોમા અને એનેસ્થેસિયામાં તે ખૂબ મહત્ત્વનું તત્ત્વ છે અને ભારતમાં તે ‘નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ’ (NDPS) હેઠળ નિયંત્રિત થાય છે. જોકે, ગેરકાયદે કામ કરતા તત્ત્વો ભારતની રેગ્યુલેટરી સિસ્ટમની છટકબારીઓનો લાભ ઉઠાવીને તે મેળવવામાં સફળ રહે છે.

## બે પિસ્તોલ અને 11 જીવતા કાર્ટિસ સાથે બે વેપારી ઝડપાયા, પીસીબીની મોટી કાર્યવાહી

(એજન્સી) રાજકોટ । તા. 19

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે સક્રિય બનેલી રાજકોટ પોલીસની પીસીબી (પ્રોહિબિશન એન્ડ એન્ટી કરપ્શન બ્યુરો) ટીમે ગેરકાયદે હથિયાર રાખનારા બે વેપારીઓને ઝડપી પાડીને મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. શહેરના બાલભવનના ગેટ સામે આવેલા જીઈબી સબ-સ્ટેશન પાસેથી અને રેસકોર્સ મેદાનમાંથી અલગ-અલગ જગ્યાએથી પોલીસે દેશી બનાવટની પિસ્તોલ અને ૧૧ જીવતા કાર્ટિસ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં એક એવા માસ્ટરમાઈન્ડનું નામ ખુલ્યું છે જે હાલમાં અમદાવાદ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે.

### આરોપીઓ અને હથિયારોની જપ્તી

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પીસીબી ટીમે સૌપ્રથમ યાકીબ સિકંદર મામટી (ઉ.વ. ૩૭, રહે. નહેરૂનગર મેઈન રોડ, રૈયા રોડ) ને એક દેશી પિસ્તોલ અને ૯ જીવતા કાર્ટિસ સાથે ઝડપી પાડ્યો હતો. યાકીબ લાખાજીરાજ રોડ પર લેડીઝ વેરની દુકાન ચલાવે છે. તેની પૂછપરછમાં મળેલી માહિતીને આધારે પોલીસે રેસકોર્સ મેદાનમાંથી અરબાઝ ઉર્ફે ફીરોઝ અમીનભાઈ કાજી (ઉ.વ. ૨૮, રહે. હાથીખાના મેઈન રોડ) ને પણ એક પિસ્તોલ અને ૨ જીવતા કાર્ટિસ સાથે દબોચી લીધો હતો. અરબાઝ પણ લેડીઝ વેરની દુકાન ચલાવે છે.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું છે કે આ હથિયારો સાવરકુંડલાના અકીલ વલીભાઈ સૈયદે સપ્લાય કર્યા હતા. અકીલ સૈયદ હાલમાં એક ખૂનના કેસમાં અમદાવાદની જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. આશરે સાતેક મહિના પહેલા જ્યારે તે પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો, ત્યારે તેણે યાકીબને આ હથિયાર આપ્યું હોવાની માહિતી મળી છે. અકીલ સૈયદ સામે સાવરકુંડલામાં મર્ડર, મારામારી અને પ્રિઝન એક્ટ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જ્યારે પકડાયેલા આરોપી અરબાઝ સામે પણ રાજકોટમાં જુગારધારા સહિતના બે ગુના નોંધાયેલા છે.

## દાંડિયાબજારની હોટલ વિન્ટેજ ઈનના રૂમમાંથી 29 વર્ષીય યુવાનનો મૃતદેહ મળ્યો




વડોદરા | વડોદરા શહેરના મધ્યસ્થ વિસ્તાર ગણાતા દાંડિયાબજારમાં આવેલી હોટલ વિન્ટેજ ઈનમાંથી એક ૨૯ વર્ષીય યુવાનનો રહસ્યમય હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હોટલના રૂમ નંબર ૩૦૨માંથી પાણીગેટના ખાટકીવાડ વિસ્તારમાં રહેતા ગુલામમુસ્તફા ખુર્શીદઅહેમદ નૈયરનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાવપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ તથા એસીપી અશોક રાઠવા સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક ગુલામમુસ્તફા નૈયર અને ભાયલી ગામના કિશન વસાવા મોડી રાત્રે હોટલમાં આવ્યા હતા. હોટલ મેનેજમેન્ટ દ્વારા શરૂઆતમાં તેમને રૂમ નંબર ૩૦૪ ફાળવવામાં આવ્યો હતો, પરંતુ તે રૂમમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં રાત્રે આશરે ૩ વાગ્યે બંનેને રૂમ નંબર ૩૦૨માં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ બંને યુવાનો છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપના માધ્યમથી સંપર્કમાં આવ્યા હતા.

### એસઓજીની મોટી કાર્યવાહી

## રાજકોટમાં205કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે ટ્રક ચાલક ઝડપાયા

(એજન્સી) રાજકોટ । તા. 19



રાજકોટને ‘ઊડતા’ રાજકોટ બનાવવાનો મોટો કારસો એસઓજી પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) ની ટીમે બામણબોર પાસેથી ૨૦૫ કિલોગ્રામ ગાંજાના જંગી જથ્થા સાથે બે ટ્રક ચાલકોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ જથ્થો જંગલેશ્વરના રમીઝ ઉર્ફે માયા નામના શખ્સે ઓરિસ્સાથી મંગાવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે, જ્યારે મુખ્ય સૂત્રધાર રમીઝ અને ઓરિસ્સાથી માલ મોકલનાર અમિત હાલ ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ સઘન બનાવી છે.

### પકડાયેલા આરોપીઓ અને ગુનાની પદ્ધતિ

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગઈકાલે રાતે એસઓજીએ ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને બામણબોર પાસેથી સ્ટીલના પાઈપ ભરેલા એક ટ્રકને અટકાવીને તલાશી લીધી હતી. ટ્રક અંદર બાચકામાં જુદાં-જુદાં પેકેટ્સમાં છૂપાયેલો ૨૦૪.૯૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પકડાયેલા ટ્રક ચાલકો મહમદ ઉર્ફે કાળો હુસેન ઉર્ફે કડીબાપુ સર્વદી (ઉ.વ. ૨૬, રહે. બાપા સીતારામ ચોક, ઉપલેટા) અને અરબાઝ સલીમ સંધી (ઉ.વ. ૨૭, રહે. સૈફી પાર્ક, ભગવતીપરા) ની પૂછપરછમાં ખુલાસો થયો કે રસ્તામાં પકડાઈ ન જવાય તે માટે સ્ટીલના પાઈપ વચ્ચે ગાંજાનો જથ્થો સંતાડીને ટ્રક પર તાલપત્રી બાંધવામાં આવી હતી.

આ ઓપરેશનમાં પોલીસે ગાંજાની કિંમત અંદાજે રૂ. ૧.૦૨ કરોડ ગણી છે. આ ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન, ટ્રક અને રૂ. ૨૩.૧૭ લાખના સ્ટીલના પાઈપ વગેરે મળીને કુલ રૂ. ૧.૫૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આ સિન્ડિકેટે ગત એપ્રિલ માસમાં પણ ૧૦૦ કિલો ગાંજો કોટડાનાયાણી ગામે મંગાવ્યો હતો. આશ્ચર્યજનક બાબત એ છે કે પકડાયેલા ટ્રક ચાલક મહમદ સામે અગાઉ પણ ધોરાજીમાં એનડીપીએસનો કેસ નોંધાયેલો છે, જ્યારે ગાંજો મંગાવનાર રમીઝ અને ઓરિસ્સાથી મોકલનાર અમિત પણ અગાઉના ડ્રગ્સના ગુનાઓમાં સંડોવાયેલા છે.

### ભવિષ્યની અસરો અને પોલીસ કામગીરી સામે સવાલ

શહેરમાં અવારનવાર ડ્રગ્સ વિરોધી દાવાઓ થતા હોવા છતાં આ પ્રકારે મોટા પ્રમાણમાં ગાંજાનો જથ્થો ઝડપાવાથી પોલીસની કામગીરી અને પેટ્રોલિંગ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રમીઝ ઉર્ફે માયા સૌરાષ્ટ્રભરમાં ગાંજો સપ્લાય કરતો હોવાની શંકા છે, અને તેના પકડાયા બાદ આ નેટવર્ક અંગે અનેક ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે. પોલીસ હવે આ કેસના તમામ છેડા ભેગા કરીને મુખ્ય સૂત્રધારને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ત્રણ હજાર લિટર શંકાસ્પદ તેલ જપ્ત, એસઓજી અને ગ્રામ્ય પોલીસની મોટી કાર્યવાહી

## ગોંડલ નજીક ભોજપરા GIDCમાં નકલી ખાદ્યતેલ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) ગોંડલ । તા. 19



ગુજરાતમાં અવારનવાર નકલી ખાદ્ય પદાર્થો ઝડપાવાની ઘટનાઓ સામે આવતી રહે છે, ત્યારે હવે ગોંડલ પંથકમાંથી લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરતું એક મોટું ડુપ્લિકેટ ખાદ્યતેલનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ ગ્રામ્ય પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) ની ટીમે સંયુક્ત ઓપરેશન પાર પાડીને ગોંડલ નજીક આવેલા ભોજપરા જીઆઈડીસી વિસ્તારમાં ધમધમતી ‘મુરલીધર પ્રોટીન્સ’ નામની ફેક્ટરી પર અચાનક દરોડો પાડ્યો હતો અને ભેળસેળયુક્ત તેલ બનાવવાનું આખું નેટવર્ક પર્દાફાશ કર્યું હતું.

આ કૌભાંડના સંચાલકો અત્યંત આયોજનબદ્ધ રીતે સસ્તા ભાવનું પામ ઓઈલ અથવા સોયાબીન ઓઈલ જથ્થાબંધ મંગાવતા હતા. ત્યારબાદ તેમાં એક ખાસ પ્રકારનું કેમિકલ કે એસેન્સ ઉમેરવામાં આવતું હતું જેથી તેલનો રંગ અને સુગંધ અસલી મગફળી, કપાસિયા કે સૂરજમુખી તેલ જેવા જ લાગે. આ નકલી તેલને અસલી ખાદ્યતેલ તરીકે બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવતું હતું અને રાજ્યના અલગ-અલગ સ્થળોએ તેની સપ્લાય કરવામાં આવતી હતી. એસઓજીની ટીમે દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી અંદાજે ૩,૦૦૦ લિટર જેટલો શંકાસ્પદ અને ભેળસેળયુક્ત તેલનો જથ્થો કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં આ સમગ્ર કૌભાંડ પાછળ મોટા દડવા ગામના નવા બસ સ્ટેન્ડ પાછળ રહેતા જયદેવ પ્રભાતભાઈ ડાંગર (ઉ.વ. ૨૬) અને ગોંડલના દિવ્યેશભાઈ નામના બે શખ્સો સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે એક ભાગીદારને હસ્તગત કરીને સઘન પૂછપરછ શરૂ કરી દીધી છે. જપ્ત કરાયેલા શંકાસ્પદ તેલના સેમ્પલ લઈને ગુણવત્તા ચકાસવા માટે ફૂડ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ ભેળસેળમાં વપરાતા પદાર્થોની ઝેરી અસરો સ્પષ્ટ થશે અને તે આધારે કાયદેસરની કડક કલમો હેઠળ ગુનો નોંધવામાં આવશે.

### ભવિષ્યની અસરો અને નેટવર્કના મૂળ સુધી પહોંચવાની કવાયત

આ પ્રકારના ખાદ્યતેલના સેવનથી સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ શકે છે, જેને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા સક્રિય બન્યું છે. આ કાચો માલ ક્યાંથી ખરીદવામાં આવતો હતો અને આ નકલી તેલ કયા-કયા વેપારીઓને મોકલવામાં આવતું હતું તે તમામ પાસાઓ પર ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે, જેનાથી આગામી સમયમાં અન્ય સંડોવાયેલા લોકો પણ કાયદાના શિંકજામાં આવી શકે છે.

### ગાંધીગ્રામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

## રાજકોટમાં નિવૃત્ત વૃદ્ધનો ફોન હેંગ કરી 95 હજારની ઓનલાઈન છેતરપિંડી

(એજન્સી) રાજકોટ । તા. 19

રાજકોટ શહેરમાં સાયબર અપરાધીઓ દ્વારા અવનવી પદ્ધતિઓ અપનાવીને સામાન્ય નાગરિકો સાથે ઠગાઈ કરવામાં આવી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માધાપર સર્કલથી મોરબી રોડ તરફ જતાં ધ સ્પેસ એપાર્ટમેન્ટમાં રહેતા અને જામનગરમાં રોડ એન્ડ બિલ્ડિંગ ડિપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થયેલા દિનેશભાઈ નિમાવત (ઉ.વ. ૫૮) સાથે રૂ. ૯૫ હજારની ઓનલાઈન છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પીડિત દિનેશભાઈના જણાવ્યા અનુસાર, ગઈ તા. ૨૬ મેના રોજ તેમનો મોબાઈલ ફોન અચાનક હેંગ થઈ ગયો હતો. ત્યારબાદ તેમણે ગુગલ પે એપ ખોલીને તપાસ કરતા પ્રિન્સ સિંઘ નામના ટ્રાન્ઝેક્શન આઈડી પરથી રૂ. ૯૫ હજારનું ટ્રાન્ઝેક્શન થયાનું નજરે પડ્યું હતું. સવારે ૧૧:૪૪ વાગ્યે ફોન હેંગ કરીને આ પ્રક્રિયા કરવામાં આવી હતી અને તેના પાંચ જ મિનિટમાં ગઠિયાઓએ રકમ સેરવી લીધી હતી. આ બનાવ બનતાની સાથે જ તેઓ તાત્કાલિક પંજાબ નેશનલ બેંકની શાખામાં દોડી ગયા હતા અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર પર પણ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ રકમ તુરંત ઉપાડી લેવાઈ હોવાથી તેને ફ્રિઝ કરી શકાઈ ન હતી.

સામાન્ય રીતે કોઈપણ ઓનલાઈન ફ્રોડ ત્યારે જ થાય છે જ્યારે યુઝર પોતાનો યુપીઆઈ આઈડી, પાસવર્ડ કે ઓટીપી નંબર અન્ય કોઈ વ્યક્તિ સાથે શેર કરે. પરંતુ આ ચોંકાવનારા કિસ્સામાં દિનેશભાઈ દ્વારા કોઈપણ પ્રકારની અંગત વિગતો કે ઓટીપી શેર કરવામાં આવ્યો ન હોવા છતાં આ ઠગાઈ થઈ છે, જેના કારણે ખુદ પોલીસ પણ અસમંજસમાં મુકાઈ ગઈ છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ખાતામાં કુલ રૂ. ૯૫,૮૦૦ હતા, જેમાંથી માત્ર રૂ. ૮૦૦ બાકી રાખીને બાકીની તમામ રકમ ગઠિયાઓ ઉપાડી ગયા હોવા છતાં બેંક દ્વારા આજદિન સુધી કોઈ મેસેજ મોકલવામાં આવ્યો ન હતો.

### સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલ

## જાફરાબાદ નજીક જુગારધામ પર SMCનો દરોડો, 15 શખ્સો ઝડપાયા

(એજન્સી)અમરેલી। તા. 19

રાજ્યમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને જુગારના અડ્ડાઓ સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા સતત સકંજા કડક કરવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી જિલ્લાના જાફરાબાદ નજીક આવેલા વાપાળીયા વિસ્તારમાં સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને એસએમસીની ટીમે ખુલ્લી જગ્યામાં ચાલતા એક મોટા જુગારધામ પર અચાનક દરોડો પાડ્યો હતો. આ સફળ ઓપરેશનના કારણે જુગારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે અને સાથે જ સ્થાનિક પોલીસ તંત્રની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ આર.કે. કરમટાને મળેલી ચોક્કસ બાતમીના આધારે તેમની ટીમે જાફરાબાદના વાપાળીયા વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાન પાસેની ખુલ્લી જગ્યામાં વોચ ગોઠવીને દરોડો પાડ્યો હતો. આ સ્થળે કેટલાક શખ્સો ભેગા મળીને પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા હતા. એસએમસીની ટીમે સ્થળ પરથી રોકડ રકમ રૂ. ૧,૬૧,૬૦૦, ગંજીપત્તા, મોબાઈલ ફોન તેમજ ૩ વાહનો સહિત કુલ રૂ. ૩,૨૮,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ પ્રકરણે તમામ ૧૫ આરોપીઓ વિરુદ્ધ જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આ સ્થળે જુગારધામ ધમધમી રહ્યું હતું અને ખાસ કરીને શ્રમિકો તેમજ ખેડૂતો અહીં જુગાર રમવા માટે આવતા હતા. રાજ્ય સ્તરની એજન્સી દ્વારા આ પ્રકારે દરોડા પાડીને ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કરવાથી સ્થાનિક પોલીસની પેટ્રોલિંગ અને કાર્યનિષ્ઠા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો લાગ્યા છે, અને આગામી દિવસોમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા જવાબદાર કર્મચારીઓ સામે પણ તપાસ થઈ શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ.**

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લઈ જાથી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થઈ શકે છે.

**વૃષભ : બ.વ.ઉ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. સંબંધીઓ સાથે વિતાવેલો સમય તમારા લાભમાં રહેશે.

**મિથુન : ક.છ.ઘ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો.

**કર્ક : ડ.હ.**

કામનું દોઢમણભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.

**સિંહ : મ.ટ.**

તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે.

**કન્યા : પ.ઠ.ણ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**તુલા : ર.ત.**

માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો આજે તમને લાભ થશે- કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે.

**વૃશ્ચિક : ન.ય.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**ધન : ભ.ધ.ફ.ઢ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે- તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**મકર : ખ.જ.**

શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

**કુંભ : ગ.સ.શ.ષ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મીન : દ.ચ.ઝ.થ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે.

# પીપાવાવ મરીન પોલીસ દ્વારા એક ઈસમને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો મરીન પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી.પી.શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબનાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી સી.પી. વાઘેલા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એક શકમદ ઈસમને તાંબા, પિત્તળ તથા કાંસાના વાસણો સાથે પકડી પાડી, પકડાયેલ ઇસમની સઘન પુછ પરછ કરતા રાજુલા તાલુકાના કડીયાળી ગામે એક રહેણાક મકાનમાંથી ઘરફોડ ચોરી કરેલ કબુલાત આપતા, મીમાવાવ મરી, મો રે માં રબ ગમેલ વરદતવેક મોડી પીપાવાવ મરીન પો.સ્ટે.માં રજી. થયેલ ઘરફોડ ચોરીનો અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. પકડાયેલ આરોપીની વિગતઃ- સંજયભાઈ ઉર્ફે સુનીલ ધનજીભાઈ ખસીયા, ઉ.વ.૨૫, રહે. કડીયાળી, તા.રાજુલા, જિ.અમરેલી. કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ- ત્રાંબા, પિત્તળ અને કાંસાના વાસણો મળી કુલ કિ.રૂ.૧૫,૨૪૦/- નો મુદ્દામાલ. પકડાયેલ આરોપીએ ગુનાની આપેલ કબુલાતની વિગતઃ- પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતાં નીચે મુજબના ગુનાની કબુલાત આપેલ છે.(૧) પકડાયેલ આરોપી આજથી આશરે વીસેક દિવસ પહેલા રાત્રીના આશરે એકાદ વાગ્યાના



અરસામાં પોતાની બાજુમાં રહેતા દિનેશભાઈ કાનાભાઈ ધાખડાના રહેણાક મકાનમાં દિવાલ કુદી, રૂમના દરવાજાનુ તાળુ તોડી, તાંબા, પિત્તળ તથા કાંસાના વાસણોની ચોરી કરેલાની હકિકત જણાવેલ હોય, જે અંગે અગઈ કરતા પીપાવાવ મરીન મો સ્ટે ગુરનં, વાસણોની ચોરી કરેલાની હકિકત જણાવેલ હોય, જે અંગે ખરાઇ કરતા પીપાવાવ મરીન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૬૦૨૩૮/૨૦૨૬, બી.એન.એસ. કલમ ૩૩૧ (૪), ૩૩૧(૩), ૩૦૫(એ) મુજબ ગુનો રજી. થયેલ છે. પકડાયેલ આરોપીનો ગુનાહિત ઈતિહાસઃ- પકડાયેલ ઇસમ નીચે મુજબના ગુનાઓમાં પકડાયેલ છે.(૧) રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૫૦૩૪૯/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૩૦૯(૬), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ મુજબ.(૨) રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૪૦૦૯૦/૨૦૨૪, આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.(૩) રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૪૦૦૫૫/૨૦૨૪, આઈ.પી. સી. કલમ ૩૮૦ મુજબ. (૪) જાફરાબાદ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૫૦૧૬૫/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ.વમગીરી કર ચાર અધિકારીથી થયા મોથીય રમ, કામગીરી કરનાર અધિકારીશ્રી તથા પોલીસ સ્ટાફઃ-આ કામગીરી અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી સી.પી.વાઘેલા તથા પો.સ.ઈ.શ્રી એમ.ડી. ગોહિલ તથા પો.સ.ઈ.શ્રી જે.ડી.વાઘેલા તથા એ.એસ.આઈ. બહાદુરભાઈ વાળા તથા હેડ કોન્સ. ગોકુળભાઈ કળોતરા, લીલેશભાઈ બાબરીયા, જનકભાઈ હિમાસીયા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. યુવરાજસિંહ વાળા પિપાવાવ મરીન પોલીસ દ્વારા કરવામાં આવેલ .

## 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ હેઠળ
## વઘઇ પોલીસે ખોવાયેલો મોબાઇલ શોધી મૂળ માલિકને કર્યો પરત

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઇ પોલીસ સ્ટેશન દ્વારા 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરતા એક નાગરિકનો ગુમ થયેલો કિંમતી મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, વઘઇ તાલુકાના ગીરા ધોધ પાસે આવેલ આંબાપાડા ગામના નિવાસી અરજદાર દિનકરભાઈ



યહુદશભાઈ વળવીનો રૂ. ૭,૫૦૦/- ની કિંમતનો 'TECNO BF7' કંપનીનો કાળા રંગનો મોબાઈલ ફોન વઘઇ ટાઉનમાં રસ્તા પર ક્યાંક પડી ગયો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઇ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એ. ચાવડા તથા તેમની ટીમે ટેકનિકલ સોર્સ અને સર્વેલન્સની મદદથી આ મોબાઈલ ફોન શોધી કાઢ્યો હતો.ત્યારબાદ વઘઇ પોલીસ મથકે અરજદારને બોલાવીને તેમનો શોધી કાઢેલો ફોન પરત સોંપવામાં આવ્યો હતો, જેથી અરજદારે ડાંગ જિલ્લા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખારોલ ગામે સંત શિરોમણી રોહીદાસ જયંતિ નિમિત્તે ઉજવણી કરવામાં આવી

જગદીશ ત્રિવેદી | મહીસાગર



સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના 650 માં જયંતી વર્ષ નિમિત્તે 'કળશ વંદન અભિયાન 'અંતર્ગત ખારોલ ખાતે ભવ્ય કળશ યાત્રા યોજવામાં આવી હતી. ગ્રામ પંચાયત ખારોલથી પ્રસ્થાન કરેલી પવિત્ર કળશ યાત્રા માં પવિત્ર કળશનું વિતરણ કરવામાં આવ્યું હતું. લુણાવાડા તાલુકાના ખારોલ ગામે આજે સંત શિરોમણી રોહીદાસજીની 650મી જન્મ જયંતી નિમિત્તે સુંદર અને ભવ્ય ઉજવણી આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ખારોલ ગ્રામજનો, આગેવાનો તથા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સંત રોહીદાસજીના જીવન સંદેશ અને સમાજમાં સમાનતા તથા ભાઈચારાના વિચારો અંગે વક્તાઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમ ભક્તિમય અને અનેરા ઉત્સાહ પૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# જિલ્લામાં વિવિધ સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત : જાહેર સલામતીને ધ્યાનમાં રાખી ગુનાખોરીની પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે સીસીટીવી કેમેરા લગાવવા જરૂરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાડવા બાબતે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું બહાર પાડ્યું છે. અમરેલી જિલ્લામાં આવેલ તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કિંગ સંસ્થાઓ, એટીએમ સેન્ટર, મલ્ટિપ્લેક્સ થિયેટર, લોજીંગ, બોર્ડિંગ, ધર્મશાળાઓ, આંગડિયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો કોમર્શિયલ સેન્ટરો, પેટ્રોલ પંપ તથા હોટલ ઉપર અથવા હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડિંગ થઈ શકે તે રીતે સીસીટીવી કેમેરા ગોઠવવા, બેન્કિંગ સંસ્થાઓ, આંગડિયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શિયલ સેન્ટરોમાં આવતી-જતી તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સીસીટીવી કેમેરા નાઈટ વિઝન હાઈડેફિનેશન કેમેરા લગાડવા.જાહેર સલામતીને ધ્યાને રાખી ગુનાખોરીની પ્રવૃત્તિઓને જાહેર સલામતીને ધ્યાને રાખી ગુનાખોરીની પ્રવૃત્તિઓને અંકુશમાં લઈ શકાય તે માટે અને વિવિધ ગુના બનતા અટકાવી શકાય અને ગુના બન્યા પછી તેના ભેદ ઉકેલવામાં મદદ મળી રહે, ઉપરાંત જાહેર સ્થળો લોકોની ભીડભાળ વાળા સ્થળો તથા ઔદ્યોગિક એકમોમાં સલામતી અર્થે સીસીટીવી કેમેરા ગોઠવી વિડીયો રેકોર્ડિંગ મારફત સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની જરુર છે. જાહેરનામા મુજબ સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈડેફિનેશન) વીથ રેકોર્ડિંગ સિસ્ટમની વ્યવસ્થા કરવી. સીસીટીવી કેમેરાનો ડેટા ઓછામાં ઓછો ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે-તે જગ્યાના સંચાલકની રહેશે.આવા સ્થળોના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા લગાવવા. સ્થળોના પાર્કિંગની જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા. રિસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર નાગરિકો માટે પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય એ રીતે કેમેરા ગોઠવવા.આ જાહેરનામુ તા.૨૭.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે, તેનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે કાનૂની કાર્યવાહી થઈ શકે.

**પાલીતાણા હોસ્પિટલમાં સ્થળ પર 2.55 લાખ લીટર ક્ષમતાની**

# ભૂગર્ભ પાણીની ટાંકી ન હોવા છતાં બિલ ₹ 50.43 લાખ મંજૂર કરવાના મામલે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની કડક કાર્યવાહી

પાલીતાણા | રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ પાલીતાણા હોસ્પિટલની તાજેતરની મુલાકાત દરમિયાન હોસ્પિટલ માટે મંજૂર કરવામાં આવેલી 2.55 લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકી સ્થળ પર ન હોવાનું ધ્યાનમાં આવતા સમગ્ર મામલે ગંભીર નોંધ લીધી હતી. મહત્વપૂર્ણ બાબત એ છે કે સ્થળ પર પાણીની ટાંકીનું કામ થયેલું ન હોવા છતાં તેનું બિલ 50.43 લાખનું મંજૂર કરવા વડી કચેરીમાં રજૂ કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવ્યું હતું.આ ગંભીર બેદરકારીના પગલે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક અસરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પાલીતાણા હોસ્પિટલ તથા પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (PIU)ના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર ઘટનાની વિગતવાર સમીક્ષા કરી હતી.બેઠક દરમિયાન બિલ મંજૂર કરાવવાની પ્રક્રિયામાં જવાબદારી નિભાવનાર અધિકારીઓની ભૂમિકા અંગે ગંભીર નોંધ લેતા આરોગ્ય મંત્રીશ્રીએ બિલ રજૂ કરનાર (1) શ્રી મેહુલ દવે (ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર), (2) શ્રી એન.વી. કાલીયા (નાયબ કાર્યપાલક ઈજનેર) સામે પોલીસ ફરિયાદ નોંધાવવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી.આ સમગ્ર મામલામાં સંડોવાયેલી ધર્મનંદન કન્સ્ટ્રકશન-સુરતને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવા તેમજ ફરજમાં બેદરકારી બદલ બે સંબંધિત ઈજનેરો સામે ફરજમુકતની કાર્યવાહી કરવા પણ આરોગ્ય મંત્રીશ્રીએ PIUના અધિકારીશ્રીઓને આદેશ આપેલ છે.આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજ્યની આરોગ્ય સેવાઓ માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ગેરરીતિ કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી આરોગ્યલક્ષી વિકાસકાર્યોમાં ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.જનતાના નાણાંનો એક પણ રૂપિયો બિનજવાબદારીપૂર્વક ખર્ચાય નહીં અને મંજૂર થયેલા વિકાસકાર્યો સ્થળ પર વાસ્તવિક રીતે, ગુણવત્તાપૂર્વક અને નિર્ધારિત ધોરણો અનુસાર પૂર્ણ થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.આ સમગ્ર કાર્યવાહી દ્વારા આરોગ્ય વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સરકારી કામોમાં બેદરકારી કે ગેરરીતિ કરનાર કોઈપણ વ્યક્તિ કે એજન્સી સામે જવાબદારી નક્કી કરી કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ગુરુ રવિદાસ મહારાજની 650મી જન્મજયંતીએ નખત્રાણા તાલુકા ભાજપનો સમરસતાનો સંકલ્પ



> રામેશ્વર ખાતે કળશ વિતરણ કાર્યક્રમ યોજાયો : મહંતશ્રી મોહનદાસ બાપુની ઉપસ્થિતિમાં સંગઠનના હોદ્દેદારો, સરપંચો અને કાર્યકર્તાઓ જોડાયા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની 650મી જન્મજયંતી નિમિત્તે 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત નખત્રાણા તાલુકા ભાજપ દ્વારા રામેશ્વર ખાતે આવેલા હરિહર આશ્રમ, જડેશ્વર મહાદેવ મંદિર ખાતે કળશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતશ્રી મોહનદાસ બાપુની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ભક્તિભાવ સાથે સામાજિક સમરસતા અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.'મન ચંગા તો કાથરોટ મેં ગંગા'ના અમર સંદેશને કેન્દ્રમાં રાખી યોજાયેલા આ કાર્યક્રમમાં સંત શ્રી ગુરુ રવિદાસ મહારાજના સમાનતા, ભાઈચારો અને માનવતાના વિચારોને યાદ કરવામાં આવ્યા હતા. સમાજમાં સૌ સાથે મળીને આગળ વધે અને સમરસતાની ભાવના વધુ મજબૂત બને તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે તાલુકા ભાજપ સંગઠનના મંત્રીશ્રી હરિસિંહ રાઠોડ સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે, સંત શ્રી ગુરુ રવિદાસ મહારાજે સમાજને સમાનતા, એકતા અને માનવતાનો માર્ગ બતાવ્યો છે. તેમના વિચારો આજના સમયમાં પણ એટલા જ પ્રાસંગિક છે. 'સમરસતા સંકલ્પ અભિયાન' દ્વારા તેમના આ વિચારને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સરપંચશ્રીઓ તેમજ ભાજપના કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, શ્રદ્ધા અને સામાજિક એકતાના વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## રાજપીપલા પાલિકાતંત્ર ને "એક્ટિવ" કરતા નવનિયુક્ત C .O. ચાર્જ સંભાળ્યા ના 10 દિવસ માં 80 દુકાનદારોને નોટિસ ફટકારી તો 75 ને દંડ

રાજપીપલા | નર્મદા જિલ્લા ની એકમાત્ર નગરપાલિકા માં નવનિયુક્ત ચીફઓફિસરે પાલિકા ના રીઢા અને શિથિલ તંત્ર ને એક્ટિવ કરી દેતા C .O . ની કામગીરી ની નગર માં પ્રશ્નસા સાથે ચર્ચા થઇ રહી છે . પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા નગરપાલિકા માં છેલ્લા દોઢ વર્ષથી ચીફઓફીસર ની જગ્યા ખાલી હતી અને ઇન્ચાર્જ થી વહીવટ ચાલતો હતો જેની વહીવટ પર વિપરીત અસર પડતી હતી અને પાલિકા તંત્ર ની શિથિલ કામગીરી થી નગરજનો પરેશાન હતા ત્યારે સરકારે અગાઉ GST ઈન્સ્પેક્ટર તરીકે અને. ફોરેસ્ટ ઓફિસર તરીકે પણ ફરજ બજાવી ચૂકેલા મહિલા અધિકારી વૈશાલી વરિયા ની નિમણુંક કરતા નવનિયુક્ત અધિકારીએ પાલિકાતંત્ર ને સક્રિય બનાવી દીધું હોદ્દો ગ્રહણ કર્યા ના 10 દિવસ માં વૈશાલી વરિયા એ દુકાન આગળ દબાણ કરનારા 80 દુકાનદારો ને દબાણ હટાવવા નોટિસ ફટકારી દીધી તો 75 દુકાનદારો ને ગંદકી મામલે દંડ ફટકારી દીધો . રોજ નગરચર્યા એ નીકળતા મહિલા અધિકારી એ શહેર માં સ્વચ્છતા ની કામગીરી હાથમાં લીધી છે . અગાઉ પાલિકાતંત્ર ની શિથિલતા ને કારણે શહેર માં કચરા ના ઢગ હતા ખુદ પ્રમુખ ના વોર્ડ માં મહાલક્ષ્મી મંદિર પાસે મહિનાથી ગટર ઉભરાતા ગંદકી ફેલાતી હતી જેની રજુઆત થતા તત્કાલ સફાઈ કરવામાં આવી . શહેર માંથી રખડતા ઢોર પકડવાની કામગીરી પણ તંત્ર એ શરુ કરી દીધી ત્યારે 'લેડી સિંઘમ' તરીકે લોકપ્રિય થઇ રહેલા આ મહિલા અધિકારી સત્તાધારી ભાજપ ની આંતરિક ખેંચતાણ માં કેટલા સફળ થાય છે તે જોવું રહ્યું.

## જામનગરમાં પોલીસની કસ્ટડીમાંથી આરોપી ફરાર થઈ જતાં ભારે દોડધામ

જામનગર : જામનગરમાં પોલીસની કસ્ટડીમાંથી એક આરોપી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ છે. શહેરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં ઝડપાયેલા આરોપીને ફોટા તથા ફિંગરપ્રિન્ટ માટે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લઇ જવાયા બાદ પરત ફરતી વખતે એમ.પી. શાહ કોલેજના ખૂણે વાહનો વચ્ચે આવી જવાથી હોમગાર્ડ જવાનનું સ્કૂટર ધીમું પડતા આ તકનો લાભ લઈ આરોપી ચાલુ વાહનમાંથી નીચે ઉતરી ગયો હતો અને પાછળથી બાઈક લઈને આવી રહેલા સાગરીતની બાઈક પર બેસી ફરાર થઈ ગયો હતો. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા મુજબ, શહેરના સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ધીરજલાલ ત્રિવેદીને આરોપી મીત સુનીલભાઈબારીયાને ફોટા તથા ફિંગરપ્રિન્ટ લેવડાવવા માટે લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

# શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના શતાબ્દી વર્ષ નિમિત્તે "વિવેક ગ્રંથ રથ" કેશોદની ન્યુ એરા પ્રોફેસર એકેડેમીમાં પહોંચ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરી રહેલા 'વિવેક ગ્રંથ રથ'નું કેશોદની ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રથ સાથે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના કૌશિકભાઈ ગોસ્વામી, મિલન શાહ, કમલેશ ઉપાધ્યાય, ભાવેશ ચુડાસમા તથા શિવમ જોશી ઉપસ્થિત રહ્યા હતા. ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે રથમાં બિરાજમાન સ્વામી વિવેકાનંદજીની પ્રતિકૃતિ ની આરતી ઉતારી શાળા પરિવાર દ્વારા રથનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળા ના સંચાલક ડો.પ્રવીણચંદ્ર ગજેરા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના કૌશિકભાઈ ગોસ્વામી દ્વારા વિદ્યાર્થીઓની સભાને સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે સ્વામી વિવેકાનંદજીના જીવન, વિચારો અને રાષ્ટ્રનિર્માણના સંદેશ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય, તેઓ હિંમતવાન અને સાહસિક બને તથા દેશ અને સમાજ માટે જવાબદાર નાગરિક બને તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર ગુજરાત માં રથયાત્રા:



શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટને આગામી માર્ચ મહિના માં 100 વર્ષ પૂર્ણ થવાના હોવાથી શતાબ્દી વર્ષ નિમિત્તે 'વિવેક ગ્રંથ રથ' સમગ્ર ગુજરાતની શાળાઓ, કોલેજો અને વિવિધ સંસ્થાઓમાં જઈ રહ્યો છે. દરેક શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સુધી સ્વામી વિવેકાનંદજીના વિચારો અને સંદેશ પહોંચાડવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે. કાર્યક્રમ દરમિયાન સ્વામી વિવેકાનંદજી ના પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વિવેકાનંદજીના જીવન અને વિચારો અંગેના પુસ્તકો રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થી ઓએ પુસ્તક પ્રદર્શનને ઉત્સાહપૂર્વક નિહાળ્યું હતું.સ્વામી વિવેકાનંદજીના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ બાદ સ્વામીજી અમેરિકા ગયા હતા અને ત્યાર બાદ ભારતમાં પરત આવી રામકૃષ્ણ મઠ તથા રામકૃષ્ણ મિશનની સ્થાપનાની દિશામાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. આજે રામકૃષ્ણ પરંપરાની આધ્યાત્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ વિશ્વના અનેક દેશોમાં વિસ્તરેલી છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય વિક્રમ બાલાસ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા વિવેક ગ્રંથ રથના આગમનને આવકારી સ્વામી વિવેકાનંદજીના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સ્મૃતિવનમાં Jolly Kids Pre School દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી



મહેશ એલ. સોની નખત્રાણા

ભુજના સ્મૃતિવન ખાતે ૧૫મી ઓગસ્ટના પવિત્ર સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ કાર્યક્રમ માટે સ્મૃતિવનના ડાયરેક્ટર શ્રી મનોજ કુમાર પાંડે સાહેબ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા Jolly Kids Pre School, Bhujને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય સેનાના જવાનો દ્વારા ભવ્ય પરેડ રજૂ કરવામાં આવી હતી, જેને સૌએ દેશભક્તિ અને ગૌરવની લાગણી સાથે નિહાળી હતી.સ્મૃતિવનના ઓડિટોરિયમ ખાતે Jolly Kids Pre Schoolના LKG અને UKGના નાનકડા ભૂલકાઓ દ્વારા ચાર દેશભક્તિ ગીતો પર મનમોહક ડાન્સ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકોની સુંદર અને ઉત્સાહભરી રજૂઆતથી સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.બાળકોની સુંદર રજૂઆતની પ્રશંસા કરતાં શ્રી મનોજ કુમાર પાંડે સાહેબે જણાવ્યું હતું કે, "આ બાળકો જ આઝાદ ભારતનું ભવિષ્ય છે." તેમણે Jolly Kids Pre Schoolના પ્રિન્સિપાલ શ્રીમતી રૂપલબેન ઠક્કર તથા સમગ્ર શિક્ષકગણને સફળ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા.અંતમાં પ્રિન્સિપાલ શ્રીમતી રૂપલબેન ઠક્કરે સ્મૃતિવનના ડાયરેક્ટર શ્રી મનોજ કુમાર પાંડે સાહેબ તથા તેમની સમગ્ર ટીમ, વાલીઓ, ભુજવાસીઓ અને સમગ્ર શિક્ષકગણનો આ સુંદર આયોજન માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. નાનકડા ભૂલકાઓની દેશભક્તિપૂર્ણ રજૂઆતથી સ્મૃતિવનમાં યોજાયેલો આ સ્વાતંત્ર્ય દિવસનો કાર્યક્રમ સૌ માટે યાદગાર બની રહ્યો હતો.

# ઈકો ઝોનમાં ગેરકાયદે ફાર્મહાઉસ બદલ ભાજપના જિ.પં. સભ્યને દંડ
# જંગલ અને સિંહોનાં રક્ષણ માટે અંતે તંત્રએ સરકારની શરમ છોડી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ


ગીર જંગલની સંવેદનશીલ બોર્ડર પર આવેલા ઈકો-સેન્સિટિવ ઝોનમાં પર્યાવરણના નિયમોના ધજાગરા ઉડાડીને ધમધમતા ગેરકાયદેસર હોટલ, રિસોર્ટ, ફાર્મહાઉસ અને ધાબાઓ સામે જિલ્લા તંત્રએ આખરે લાલ આંખ કરી છે. ગીરનાં જંગલ અને વન્યજીવોની સુરક્ષા સાથે ખીલવાડ કરનારા ભૂમાફિયાઓ અને રાજકીય વગ ધરાવતા લોકો સામે જૂનાગઢ જિલ્લા કલેક્ટરના કડક વલણથી ગેરકાયદે પ્રવૃત્તિ એચરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ભાજપ અગ્રણી સહિત ૪૦નાં એકમોની જમીનનાં રેકર્ડમાં ગેરકાયદે પ્રવૃત્તિ અને શરતભંગની નોંધ કરી દેવાઈ........આ લડતમાં દરરોજ નવા-નવા ફણગા ફૂટી રહ્યા છે. સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, જૂનાગઢ જિલ્લા પંચાયતની અમરાપુર બેઠક નાં ભાજપના સભ્ય રામસિંહ ગોવિંદભાઈ ચૌહાણ પોત પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હતા. માળિયાહાટીના તાલુકાના જલંધર ગામે સર્વે નંબર ૭ પૈકી બે પૈકી ૧ની જમીન પર રામસિંહ ચૌહાણે ઊભા કરેલા ગેરકાયદેસર ફાર્મ હાઉસ બદલર ૯૭ લાખનો દંડ ફટકારાયો છે. કલેક્ટરના આદેશ બાદ જે તે મામલતદાર તંત્ર દ્વારા જૂનાગઢ જિલ્લાના ૪૦ જેટલા ગેરકાયદેસર એકમો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. જે ખેડૂતો અને વગદારો ખેતીની જમીનમાં વાણિજ્યિક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા તે તમામની જમીનના ૭-૧૨ના ઉતારામાં બોજા અને બીજા હકની વિગતોમાં 'ગેરકાયદે પ્રવૃત્તિ' અને 'શરતભંગ' નો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. જ્યારે ભાજપના જિલ્લા પંચાયતના સભ્યની માળિયાહાટીના તાલુકાના જલંધર ગામે આવેલી ખેતીની જમીનમાં નોંધ નંબર ૪૪૮૨થી લાલચોળ નોંધ દાખલ કરી દેવામાં આવી છે.ઓનલાઈન બૂકિંગ બંધ કરવા, વધારાનું બાંધકામ હટાવવા આદેશ........ગૂગલ, મેકમાય ટ્રીપ કે અન્ય કોઈ પણ વેબસાઈટ તથા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચાલતું ઓનલાઈન રૂમ બુકિંગ તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ. જમીનના એકંદર ક્ષેત્રફળના માત્ર ૫ ટકામાં જ સ્ટોરેજ અને રહેણાંક મકાન રાખી શકાશે તેનાથી વધુ કરાયેલું તમામ બાંધકામ દૂર કરવું પડશે. તમામ શરતો અને ગેરકાયદે બાંધકામાં દૂર કર્યો બાદ ૩૦ દિવસની અંદર સંબંધિત મામલતદાર સમક્ષ આ અંગેનું વિધિવત સોગંદનામું રજૂ કરવાનું રહેશે. શાસક પક્ષના નેતાઓ જ ગીરના ભક્ષક જેવી ભૂમિકામાં.....???

પર્યાવરણવાદીઓ અને સ્થાનિક નાગરિકોમાં એ ચર્ચાએ જોર પકડયું છે કે, જે શાસક પક્ષ પર્યાવરણ અને ગીરના સિંહોના સંરક્ષણના મોટી-મોટી વાતો કરે છે તે જ પક્ષના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ગીરની બોર્ડર પર ગેરકાયદે હોટલો અને ફાર્મ હાઉસ બનાવીને પ્રકૃતિનો વિનાશ કરી રહ્યા છે. કલેક્ટર દ્વારા રેવન્યુ ચોપડે જ બોજો અને શરતભંગની કાયમી નોંધ નાખી દેવાતાં આ ગેરકાયદેસર મિલકતોના ખરીદ-વેચાણ અને વ્યવસાય પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. તંત્રની આ કાર્યવાહી બાદ હવે એ જોવા નું રહેશે કે, ૪૦ એકમો પર કાગળ પરની કાર્યવાહી પછી ખરેખર બુલડોઝર ફરી વળશે કે પછી રાજકીય દબાણ હેઠળ મામલો ઠંડો પડી જશે???

## ગવહાણ ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે ૪ આરોપીઓ ઝડપાયા, કુલ ₹૭.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

સુશીલ પવાર | ડાંગ


ડાંગ જિલ્લામાં પ્રોહિબિશન અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાન અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે સુબીર પોલીસ સ્ટેશન વિસ્તારના ગવહાણ ગામે દરોડો પાડીને મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસ દ્વારા ચાર આરોપીઓની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ ગુનામાં સંકળાયેલા અન્ય ૮ ઈસમો સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડાંગ LCB પી.એસ. આઈ.જે.જી. અનડકટ અને તેમની ટીમે સમગ્ર જિલ્લામાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ગવહાણ ગામના બારીપાડા ફળિયામાં રહેતા સુરેશભાઈ રેવાભાઈ દેસાઈના ઘરે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ખાલી કરી ઘરમાં રાખવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પંચોની હાજરીમાં ત્વરિત દરોડો પાડતાં પોલીસે સ્થળ પરથી ૪ ઈસમોને ઝડપી લીધા હતા. પોલીસે ઘર અને બહાર પાર્ક કરેલી કારની તલાશી લેતાં ૧૮૦ એમ.એલ.ની વિદેશી દારૂની ૨,૯૪૯ બોટલો (કિંમત ૩,૮૪,૯૪૫/-), બીયરના ૩૬૦ ટીન (કિંમત ૪૫,૦૦૦/-) અને દેશી દારૂ 'ટેંગો પંચ'ની ૮૯ બોટલો (કિંમત ૩,૫૬૦/-) મળી કુલ ૩,૩૯૮ નંગ દારૂ/બીયર (કિંમત ૪,૩૩,૫૦૫/-) જપ્ત કર્યો હતો.આ ઉપરાંત હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ૧ મારૂતિ સ્વિફ્ટ કાર, ૨ મોટરસાઈકલ (યુનિકોર્ન અને સીડી-ડીલક્સ), ૩ એન્ડ્રોઈડ સ્માર્ટફોન અને ૫,૮૫૦ રોકડા મળી કુલ ૭,૪૪,૩૫૫/- નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. ઝડપાયેલા આરોપીઓમાં સુરેશભાઈ રેવાભાઈ દેસાઈ (ઉં.વ. ૨૪), રેવાભાઈ હુડીયાભાઈ દેસાઈ (ઉં.વ. ૪૪), સંજયભાઈ ઉર્ફે સંજુ ઝીમનભાઈ સિંદે (ઉં.વ. ૨૪) અને વણકરભાઈ રમણભાઈ માળવી (ઉં.વ. ૨૩)નો સમાવેશ થાય છે. પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર, ભરી આપનાર અને મંગાવનાર અન્ય ૮ ઈસમોના નામો ખુલતાં કુલ ૧૨ આરોપીઓ વિરુદ્ધ સુબીર પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## રાજ્ય માળખાગત સુવિધાઓ, લોજિસ્ટિક્સમાં આગળ છે: મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

# યુપી ૧ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર તરફ મજબૂત રીતે આગળ વધી રહ્યું છે

નવી દિલ્હી: ઉત્તર પ્રદેશ 1 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવા તરફ મજબૂત રીતે આગળ વધી રહ્યું છે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે જણાવ્યું હતું કે, રાજ્યના માળખાગત સુવિધાઓ, લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક વિકાસ અને સુશાસનના ફાયદાઓ તેના આર્થિક વિસ્તરણના મુખ્ય પ્રેરક તરીકે પ્રકાશિત કર્યા છે. યુપી-જાપાન ઇન્વેસ્ટમેન્ટ મીટ 2026 ને સંબોધતા, સીએમ આદિત્યનાથે કહ્યું કે રાજ્ય સતત સુધારો કરી રહ્યું છે અને દેશની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન ધરાવે છે. 'અમે એક ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવા તરફ મજબૂત રીતે આગળ વધી રહ્યા છીએ,' મુખ્યમંત્રીએ ભાર મૂકતા કહ્યું, 'ઉત્તર પ્રદેશમાં માળખાગત સુવિધાઓ, લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક વિકાસ અને સુશાસનનો ફાયદો છે.' રાજ્યની આર્થિક પ્રગતિ પર વધુ પ્રકાશ પાડતા, આદિત્યનાથે કહ્યું, 'છેલ્લા નવ વર્ષોમાં, અમે ઉત્તર પ્રદેશના બજેટ, GSDP અને માથાદીઠ આવકને ત્રણ ગણી કરવામાં સફળ થયા છીએ. મહિલાઓની કાર્યબળ ભાગીદારીમાં પણ ત્રણ ગણાથી વધુ વધારો થયો છે.' તેમણે રાજ્યના વિસ્તરતા માળખાગત સુવિધાઓ પર પણ પ્રકાશ પાડ્યો, નોંધ્યું કે 'મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક કોરિડોર, ઇલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ અને ડેટા-સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર...' 'આદિત્યનાથે કહ્યું કે ઉત્તર પ્રદેશ દેશના કુલ એક્સપ્રેસવેનો 60 ટકા હિસ્સો ધરાવે છે અને તેમાં 17 એરપોર્ટ, ભારતનું સૌથી મોટું રેલ નેટવર્ક, મેટ્રો નેટવર્ક, દેશનું પ્રથમ રેપિડ રેલ, પ્રથમ આંતરિક જળમાર્ગ, બે સમર્પિત ફ્રેઇટ કોરિડોર અને લોજિસ્ટિક્સ હબ છે, જે વૈશ્વિક-માનક કનેક્ટિવિટી પ્રદાન કરે છે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે યુપી-જાપાન રોકાણ મીટ 2026 માં ભારતીય ખેડૂતોને લાભ આપવા માટે જાપાની ટેકનોલોજી અને કુશળતાનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો. જાપાની રોકાણ માટે ઉત્તર પ્રદેશને એક મજબૂત સ્થળ તરીકે રજૂ કરતા, તેમણે કહ્યું કે ભારત-જાપાન ભાગીદારી ફક્ત રોકાણ સુધી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તેના ફાયદા ખેડૂતો, યુવાનો અને ગ્રામીણ અર્થતંત્ર સુધી પહોંચાડવા જોઈએ. આ ઉપરાંત, તેમણે નોંધ્યું કે, ભારતનું વિશાળ બજાર, મોટી યુવા વસ્તી અને નોંધપાત્ર કૃષિ ક્ષમતા, જાપાનની તકનીકી અને ઔદ્યોગિક કુશળતા સાથે મળીને, કૃષિ ક્ષેત્રમાં નવી તકો ખોલી શકે છે. ચૌહાણે જાપાની ઉદ્યોગો અને સંસ્થાઓને એવી તકનીકો અને મશીનરી વિકસાવવા વિનંતી કરી જે નાના અને સીમાંત ખેડૂતો માટે ઉપયોગી અને સરળતાથી સુલભ હોય. તેમણે કહ્યું કે રાજ્યમાં જાપાનની તકનીકી કુશળતાને ઉત્તર પ્રદેશની પ્રતિભા અને બજાર તકો સાથે જોડવાની ક્ષમતા છે. રોજગાર, નવીનતા અને ટકાઉ વિકાસ માટે નવા માર્ગો બનાવવા. જોકે, ચૌહાણે ભાર મૂક્યો કે એવી ટેકનોલોજીઓની જરૂર છે જે ખેતી ઉત્પાદકતામાં વધારો કરી શકે, પાણીનો વપરાશ અને ઉત્પાદન ખર્ચ ઘટાડી શકે અને ખેડૂતોની આવક વધારી શકે. મંત્રીએ કૃષિ ટેકનોલોજી ઇકોસિસ્ટમમાં ગ્રામીણ યુવાનોની વધુ ભાગીદારી માટે પણ હાકલ કરી. તેમણે ભાર મૂક્યો કે કૃષિ અને ઉત્પાદન વચ્ચે ગાઢ સંકલન ખેડૂતોની જરૂરિયાતોને અનુરૂપ ટેકનોલોજી વિકસાવવામાં મદદ કરી શકે છે.



યુપી-જાપાન ઇન્વેસ્ટમેન્ટ મીટ 2026 18 થી 23 ઓગસ્ટ દરમિયાન ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં યોજાઈ રહી છે, જેમાં 200 થી વધુ જાપાની ઉદ્યોગપતિઓ, સીઈઓ, વ્યવસાયિક પ્રતિનિધિઓ અને નીતિ ઘડવૈયાઓ ભાગ લઈ રહ્યા છે. વધુમાં, 2025-26 માં ભારત અને જાપાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર લગભગ USD 27.5 બિલિયન રહ્યો. આ સમયગાળા દરમિયાન જાપાનથી ભારતમાં નિકાસ USD 21.43 બિલિયન અને આયાત USD 6.04 બિલિયન હતી, સરકારી ડેટા મુજબ, ભારત જાપાનના કુલ વેપારમાં 1.75% હિસ્સા સાથે 14મા ક્રમે છે.

# સોનું, ચાંદી છોડી દુનિયા તાંબુ ખરીદવા પાછળ ઘેલી, આટલી ડિમાન્ડ વધવાનું કારણ શું?

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ઓગસ્ટ 2026માં ભારતમાં તાંબાનો ભાવ 1,400 પ્રતિ કિલોએ પહોંચ્યો છે, જે MCX પર પણ જોવા મળ્યો. લંડન મેટલ એક્સચેન્જ પર પણ ભાવ રેકોર્ડ નજીક છે. પાવર ગ્રીડ, EV, રિન્યુએબલ એનર્જી અને ડેટા સેન્ટર જેવા ક્ષેત્રોમાં વધતી માગને કારણે તાંબુ હવે 'નવું ઓઇલ' બન્યું છે. 2040 સુધીમાં વૈશ્વિક માગ 50% વધવાનો અંદાજ છે, જે સપ્લાયની અછતને કારણે ભાવ પર દબાણ વધારશે. ભારતમાં ઓગસ્ટ 2026માં તાંબા(Copper)ની કિંમત પ્રતિ કિલોગ્રામ રૂ. 1,400ના સ્તર સુધી પહોંચી ગઈ છે. 17 ઓગસ્ટે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (MCX) પર કોપર કોન્ટ્રાક્ટ પણ આ જ સ્તરની આસપાસ ટ્રેડ થઈ રહ્યા હતા. બજારમાં માત્ર કિંમતો જ વધી નથી, પરંતુ તુરંત સપ્લાય મેળવવા માટે ખરીદદારોએ વધારાનું પ્રીમિયમ પણ ચૂકવવું પડી રહ્યું છે. લંડન મેટલ એક્સચેન્જ(LME) પર પણ કોપરના ભાવ રૅકોર્ડ સ્તરની નજીક છે. પાવર ગ્રીડ, ઈલેક્ટ્રિક વ્હીકલ, રિન્યુએબલ એનર્જી અને ડેટા સેન્ટર જેવા ક્ષેત્રોમાં માગ ઝડપથી વધી રહી હોવાથી તાંબાને હવે એનર્જી ટ્રાન્ઝિશનનું 'નવું ઓઇલ' ગણાવવામાં આવી રહ્યું છે.તાંબાની વધતી માગ સામે સપ્લાય વધારવી એક મોટો પડકાર છે. નવી માઇન્સ શરૂ કરવાની પ્રક્રિયા ખૂબ લાંબી અને ખર્ચાળ હોય છે, જેમાં યોગ્ય ભંડારની ઓળખ, સરકારી મંજૂરીઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં વર્ષો લાગી જાય છે. ઉપરાંત, જૂની માઇન્સમાં અયસ્ક(Ore)ની ગુણવત્તા ઘટવા લાગી છે. બીજી તરફ, રિફાઇનર્સ કોપર બનાવવા માટે જરૂરી કોપર કન્સન્ટ્રેટની અછત સર્જાઈ છે. સપ્લાય મર્યાદિત હોવાથી સ્મેલ્ટર્સ વચ્ચે સ્પર્ધા વધી છે, જેનાથી પ્રોસેસિંગ કોસ્ટ વધી રહી છે. મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ માલ ઉત્પાદન બંધ રાખવા કરતાં મોંઘું પ્રીમિયમ ચૂકવીને પણ તાંબુ ખરીદવું વધુ ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે.

S&P Globalના અંદાજ મુજબ, વિશ્વમાં કોપરની માગ 2025માં આશરે 28 મિલિયન ટનથી વધીને 2040 સુધીમાં 42 મિલિયન ટન થઈ શકે છે.

## News Brief

### ઓટો સેક્ટરમાં સ્થિર માંગ, પરંતુ કોમોડિટી ખર્ચ, વૈશ્વિક નબળાઈ અને દબાણ માર્જિન જોવા મળશે: કોટક

નવી દિલ્હી: ભારતના ઓટોમોબાઈલ સેક્ટર નજીકના ગાળામાં GST 2.0-નેતૃત્વ લાભો દ્વારા સમર્થિત, માંગમાં સ્થિર ગતિ જાળવી રાખે તેવી શક્યતા છે, જોકે, કોટક ઇન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝના સંશોધન અહેવાલ મુજબ, સતત કોમોડિટી-ખર્ચ દબાણ અને વૈશ્વિક ઓટો બજારોમાં નબળાઈ માર્જિનને દબાણ હેઠળ રાખવાની અપેક્ષા છે. બ્રોકરેજ મોટાભાગના મૂળ ઉપકરણ ઉત્પાદકો (OEM) માટે માર્જિન દબાણ ક્રમિક રીતે મધ્યમ રહેવાની અપેક્ષા રાખે છે, પરંતુ રબર અને એલ્યુમિનિયમના ભાવમાં વધારો થવાને કારણે નાણાકીય વર્ષ 27 ના બીજા ક્વાર્ટરમાં ટ્રેક્ટર, વાણિજ્યિક વાહનો અને ટાયર કંપનીઓ માટે કાચા માલના અવરોધો ચાલુ રહે છે. જોકે, બ્રોકરેજએ નોંધ્યું હતું કે પ્રથમ ક્વાર્ટરના અંતમાં રબર અને એલ્યુમિનિયમના ભાવ ઊંચા સ્તરે આવ્યા હતા.

બ્રોકરેજએ જણાવ્યું હતું કે આ ક્ષેત્રે નાણાકીય વર્ષ 27 ના પ્રથમ ક્વાર્ટરમાં મજબૂત વોલ્યુમ વૃદ્ધિ દર્શાવી હતી, જેમાં OEM વોલ્યુમ વાર્ષિક ધોરણે 26 ટકા વધ્યું હતું, જેનું નેતૃત્વ 2W, PV, CV અને ટ્રેક્ટર સેગમેન્ટમાં મજબૂત પ્રદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું. ટાટા મોટર્સ પીવી સિવાયના ઓટો OEM માટે આવકમાં 26 ટકાનો વધારો થયો છે, જે મુખ્ય સેગમેન્ટમાં 20 ટકાથી વધુ વોલ્યુમ વૃદ્ધિ, ભાવ વધારો અને અનુકૂળ ઉત્પાદન મિશ્રણ દ્વારા સહાયિત છે. જોકે, EBITDA વૃદ્ધિ 8.2 ટકા સુધી મર્યાદિત રહી કારણ કે ઊંચા કોમોડિટી ખર્ચે માર્જિનને 210 બેસિસ પોઈન્ટ ઘટાડીને 13.1 ટકા કર્યું.

# તહેવારોની સિઝન પહેલાં, એમેઝોન ઈન્ડિયાએ ભારતીય રેલવે સાથેની પોતાની ભાગીદારી વધુ મજબૂત કરી, વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર કામગીરી વધારી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

એમેઝોન ઈન્ડિયાએ આજે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ડીએફસીસીઆઈએલ) ના સહયોગથી ભારતીય રેલવેના વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડીએફસી) પર પોતાની કામગીરીના વિસ્તરણની જાહેરાત કરી છે. આ વિસ્તરણ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં એમેઝોનના પરિવહન નેટવર્કમાં રેલવેની ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે. આ ભારતીય રેલવે સાથેના લાંબા સમયના સહયોગ પર આધારિત છે, જેની શરૂઆત 2019 માં થઈ હતી, જ્યારે એમેઝોન એક્સપ્રેસ પાર્સલની હેરફેર માટે રેલવે નેટવર્કનો ઉપયોગ કરનારી ભારતની પ્રથમ ઈ-કોમર્સ કંપની બની હતી. 2023 માં, એમેઝોને ઈ-કોમર્સ લોજિસ્ટિક્સ માટે ભારતના ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ શરૂ કરીને પહેલ કરી હતી અને વેસ્ટર્ન ડીએફસીના 659 કિમી લાંબા રેવાડી-પાલનપુર સેક્શન પર કામગીરી શરૂ કરી હતી. આજની આ જાહેરાત એ સફરનો આગળનો તબક્કો છે, જે પશ્ચિમ ભારતમાં એમેઝોનની ડીએફસી પહોંચને વધુ ઊંડી અને વિસ્તૃત કરે છે.આ વિસ્તરણ સાથે, એમેઝોન ભારતીય રેલવેના



વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર શરૂ થનારી સૌપ્રથમ 'જોઈન્ટ પાર્સલ પ્રોડક્ટ-રેપિડ કાર્ગો સર્વિસ (જેપીપી - આરસીએસ) ટ્રેનનો ઉપયોગ કરનારી પ્રથમ ઈ-કોમર્સ કંપની બની ગઈ છે. આ ટ્રેનને 18 ઓગસ્ટ, 2026ના રોજ ન્યૂ દાદરી રેલવે સ્ટેશન ખાતેથી રેલવે બોર્ડના સભ્ય (ઓપરેશન્સ અને બિઝનેસ ડેવલપમેન્ટ) ડૉ. મનોજ સિંહ અને એમેઝોન ઈન્ડિયાના ડિરેક્ટર-ઓપરેશન્સ કિશોર લંકા દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ દૈનિક રેલવે સેવા એમેઝોનના ઉત્તર અને પશ્ચિમ નેટવર્કને જોડશે, જેમાં આ રૂટ પર 10 થી વધુ વેન પાર્સલ કાર્યરત રહેશે. આનાથી સામાનની હેરફેર રોડ માર્ગને બદલે રેલવે દ્વારા થશે, જે પરિવહનના વિવિધ માધ્યમોના ઉપયોગને વધુ મજબૂત બનાવશે અને સાથે જ વધુ ભરોસાપાત્ર અને પર્યાવરણને અનુકૂળ પરિવહન પૂરું પાડશે. આ કોરિડોર દિલ્હી, અમદાવાદ અને સુરત જેવા મુખ્ય પ્રદેશોમાં એમેઝોનના નેટવર્કને જોડશે, અને ત્યાંથી આગળ પુણે, મુંબઈ અને ગોવા સુધીની સુવિધા પૂરી પાડશે. આનાથી તહેવારોની સિઝન પહેલાં ગ્રાહકોનો સામાન ઝડપથી મોકલવામાં ખૂબ મદદ મળશે. એમેઝોન ઈન્ડિયાના ડિરેક્ટર-ઓપરેશન્સ કિશોર લંકાએ જણાવ્યું હતું કે, 'ભારતીય રેલવે અને એમેઝોન ઈન્ડિયા વચ્ચેની આ ભાગીદારી ભારતના માલસામાન પરિવહનના આધુનિકીકરણ અને દેશના લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના અમારા સમાન લક્ષ્યને જોડે છે – જે ભારત સરકારના 'વિકસિત ભારત, વિકસિત રેલ' ના વિઝન સાથે સંપૂર્ણપણે સુસંગત છે. ડેડિકેટેડ ફ્રેઈટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અમારો ઉપયોગ વધારીને, અમે અમારા ટ્રાન્સપોર્ટેશન નેટવર્કમાં પરિવહનના વિવિધ માધ્યમોનો (મલ્ટિમોડાલિટી) ઉપયોગ વધારી રહ્યા છીએ અને રેલવેને પરિવહનના એક સસ્તા, ભરોસાપાત્ર અને ટકાઉ વિકલ્પ તરીકે અપનાવી રહ્યા છીએ. અમારા લોજિસ્ટિક્સ નેટવર્કને મજબૂત કરવા, કામગીરીની ક્ષમતા (ઓપરેશનલ કાર્યક્ષમતા) સુધારવા અને દેશભરના ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો પૂરી કરવા માટે અમે ભારતીય રેલવે અને ડીએફસીસીઆઈએલ સાથે અમારી ભાગીદારી વધુ ગાઢ બનાવવા માટે ઉત્સુક છીએ.'

# InfinityDAO IDL ઈકોસિસ્ટમ માટે US$1 બિલિયન વીમા સુરક્ષા તરફ આગળ વધે છે

મુંબઈ : IDL ટોકન પાછળ AI-સંચાલિત વિકેન્દ્રિત-ફાઈનાન્સ ઈકોસિસ્ટમ, InfinityDAO, US$1 બિલિયન સુધીના કુલ વીમા મૂલ્ય સાથે સંસ્થાકીય-સ્તરના વીમા સુરક્ષા કાર્યક્રમ સ્થાપિત કરવા માટે આગળ વધી રહી છે, જે ડિજિટલ-એસેટ માર્કેટમાં મજબૂત જોખમ વ્યવસ્થાપન, વપરાશકર્તા સુરક્ષા અને સંસ્થાકીય વિશ્વસનીયતા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.અંડરરાઈટરની અંતિમ પોલિસી જારી, અંડરરાઈટિંગ શરતો, મર્યાદાઓ અને બાકાત, વીમા માળખું યુકે-સ્થિત નિષ્ણાત ક્રિપ્ટો વીમા સિન્ડિકેટ દ્વારા ગોઠવવામાં આવી રહ્યું છે અને તેનો હેતુ InfinityDAO ઈકોસિસ્ટમ, તેના હિસ્સેદારો અને લાયક વીમાકૃત હિતોને સુરક્ષાના બહુવિધ સ્તરો પ્રદાન કરવાનો છે.આ કાર્યક્રમ સુરક્ષાના પાંચ મુખ્ય ક્ષેત્રોની આસપાસ રચાયેલ છે:* ટોકન ડિફોલ્ટ પ્રોટેક્શન – IDL ટોકનને અસર કરતી ચોક્કસ વીમાકૃત ઘટનાઓ સામે રક્ષણ, જે પોલિસીમાં સમાવિષ્ટ ડિફોલ્ટની ચોક્કસ વ્યાખ્યાને આધીન છે.* પ્લેટફોર્મ ડિફોલ્ટ પ્રોટેક્શન – અંતર્ગત ઈન્ફિનિટીડીએઓ પ્લેટફોર્મ અને ઈકોસિસ્ટમને અસર કરતી વ્યાખ્યાયિત નિષ્ફળતાઓ અથવા વીમાકૃત ડિફોલ્ટ ઘટનાઓ માટે કવરેજ.* ગુના અને ડિજિટલ સંપત્તિ ચોરી સુરક્ષા – ચોક્કસ ચોરી, ગુના, સાયબર-સંબંધિત નુકસાન અને અનધિકૃત સંપત્તિ-નિરાકરણ ઘટનાઓ સામે રક્ષણ, જ્યાં પોલિસી દ્વારા આવરી લેવામાં આવે છે.* ડિરેક્ટર્સ અને અધિકારીઓ જવાબદારી સુરક્ષા – નાણાકીય તકલીફ અથવા નાદારી દરમિયાન ઉદ્ભવતા સંજોગો સહિત, પોલિસી શબ્દરચનાને આધીન, આવરી લેવામાં આવેલા મેનેજમેન્ટ-જવાબદારી દાવાઓ સામે પાત્ર ડિરેક્ટર્સ અને અધિકારીઓ માટે રક્ષણ.* ઈકોસિસ્ટમ અને હિસ્સેદાર સુરક્ષા – અંતિમ વીમા કરારના અવકાશમાં, લાયક વપરાશકર્તાઓ, હિસ્સેદારો અને પ્લેટફોર્મના માલિકી/વ્યવસ્થાપન માળખા માટે રક્ષણને મજબૂત બનાવવા માટે રચાયેલ વીમા માળખું.US$1 બિલિયનની કુલ વીમા મર્યાદાનો હેતુ ઈન્ફિનિટીડીએઓને મોટાભાગના ડિજિટલ-એસેટ પ્રોજેક્ટ્સથી અલગ પાડવાનો છે જે નોંધપાત્ર તૃતીય-પક્ષ વીમા સુરક્ષા વિના કાર્યરત રહે છે.

## હિમાલયા બેબીકેર રજૂ કરે છે,

# 'પ્યોર બીગીનિંગ ઘી ગિફ્ટ પેક', શુદ્ધ શરૂઆત સાથે બાળકની સર્વપ્રથમ ભેટની ઉજવણી કરતી એક ડીવીસી



(એજન્સી) નવી દિલ્હી | તા.19

હિમાલયા બેબીકેર, ભારતની સૌથી વિશ્વાસનિય બેબીકેર બ્રાન્ડ્સમાંની એક, જેને બાળકો પણ પસંદ કરે છે, તે તેના નવા હિમાલયા બેબી પ્યોર બિગીનિંગ્સ ઘી ગિફ્ટ પેક માટે રજૂ કરે છે, એક નવી એઆઇ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડીવીસી છે, ટેકનોલોજી આધારીત વાર્તાની રજૂઆત, સાંસ્કૃતિક સંબંધિત અને પ્રીમિયમ ઉત્પાદન સ્થાનનું સંયોજન દ્વારા વિકસતી નવજાતને આપવામાં આવતી ભેટની શ્રેણી તેની હાજરીને વધુ મજબૂત કરશે.ભારતીય ઘરોમાં નવજાત શિશુઓને ભેટ આપવી એ ગાઢ લાગણી અને પ્રતિકાત્મક હોય છે, આ જ બાબતને ધ્યાનમાં રાખીને આ અભિયાન એ પરંપરાગત બાળકની ભેટને આધુનિક દૃષ્ટિકોણથી પુનઃરૂપરેખાંકિત કરે છે. આ અભિયાન હિમાલયા બેબી પ્યોર બીગીનિંગ ઘી ગિફ્ટ પેકને વિચારશીલ અને પ્રીમિયમ ભેટ ઉકેલ તરીકે રજૂ કરે છે, જે વિશ્વસનીય, નમ્ર અને અર્થપૂર્ણ બાળ સંભાળ માટે યોગ્ય પ્રોડક્ટ્સને શોધી રહેલા આધુનિક પરિવારો માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. નરમ, ભાવનાત્મક રીતે સાંકળી શકાય તેવા દૃશ્યો દ્વારા, ફિલ્મમાં દર્શાવે છે કે, આજકાલ નવજાત માટેની ભેટો ઉપયોગ-આધારિત ખરીદીઓથી આગળ વધીને કાળજી, ભાવના અને જાગૃત માતાપિતૃત્વનું વિસ્તરણ બની રહી છે. એઆઇ-સંચાલિત સર્જનાત્મક અમલ દ્વારા, ડીવીસી હિમાલયા બેબીકેરની આધુનિક સામગ્રી ફોર્મેટ્સ અને નવીન વાર્તાકથન પદ્ધતિઓ અપનાવવાની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેથી ડિજિટલી વિકસતા માતાપિતાઓ સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત થાય.ડીવીસી એક હૂંફાળા વાતાવરણથી શરૂ થાય છે, જેમાં હિમાલયા બેબીકેર પ્યોર બિગીનિંગ્સ ઘી ગિફ્ટ પૅક એ ધીમે-ધીમે પીડિયાટ્રિશિયન દ્વારા મૂલ્યાંકિત પાંચ બેબી કેર આવશ્યક વસ્તુઓની રેન્જ રજૂ કરે છે – હિમાલયા બેબી બાર વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા હેડ ટુ ટો બેબી વોશ વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા બેબી લોશન વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા બેબી ક્રીમ શુદ્ધ ગાયના ઘી સાથે, અને હિમાલયા બેબી રેશ રિલીફ ક્રીમ શુદ્ધ ગાયના ઘી સાથે. આ પ્રોડક્ટ્સ એ ડર્મેટોલોજિકલ પરીક્ષણ કરાયેલા છે અને પેરાબેન્સ તથા કૃત્રિમ રાસાયણોથી મુક્ત છે, જે બ્રાન્ડની સુરક્ષિત અને વિશ્વસનીય બેબી કેર પૂરા પાડવાની પ્રતિબદ્ધતાને યોગ્ય બનાવે છે. આ વાર્તા એ વિચાર પર આધારિત છે કે બાળકો માટે ભેટ આપવી એટલે ફક્ત ઉત્પાદન આપવા એટલું જ નહીં, પરંતુ પરંતુ બાળકના શરૂઆતના સમયમાં પ્રેમ, કાળજી અને આરામ પણ ભેટમાં આપવાનું છે.

# પરીજાત ઈન્ડસ્ટ્રીઝ અને HELM એ પાક સંરક્ષણ અને કૃષિ ઈનપુટ્સના પોર્ટફોલિયોને વિસ્તારવા માટે વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

HELM AG, વિશ્વની અગ્રણી કેમિકલ કંપનીઓમાંની એક, અને બહુરાષ્ટ્રીય હાજરી ધરાવતી ભારતસ્થિત એગ્રોકેમિકલ કંપની પરીજાત ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) લિમિટેડ, એ ડિજિટલ કોમર્સ અને બ્રાન્ડેડ પાક સંરક્ષણ ઉત્પાદનો, ટેકનિકલ મેન્યુફેક્ચરિંગ તથા આંતરરાષ્ટ્રીય વિતરણ ક્ષેત્રે બહુઆયામી વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી છે.આ સહયોગનો હેતુ HELM ના વૈશ્વિક એગ્રી-ઈનપુટ પોર્ટફોલિયો અને ટેક્નોલોજી પ્લેટફોર્મ્સને પરીજાતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા, વૈશ્વિક વિતરણ નેટવર્ક અને ફોર્મ્યુલેશન મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ સાથે જોડવાનો છે. તેમાં HELM ની પોર્ટફોલિયો કંપની PEAT GmbH પણ સામેલ છે, જે Plantix ડિજિટલ એગ્રીકલ્ચર પ્લેટફોર્મની ડેવલપર છે.ભારતમાં પરીજાતની હાજરીને વધુ મજબૂત બનાવવી : આ સહયોગના ભાગરૂપે, પરીજાત રિટેલર-કેન્દ્રિત ડિજિટલ કોમર્સ પ્લેટફોર્મ તેમજ તેના રિટેલર ડેટાબેઝનું અધિગ્રહણ કરશે. આ પહેલથી ખરીદી




પ્રક્રિયાની કાર્યક્ષમતા વધારવા, બજાર સુધી પહોંચ મજબૂત કરવા અને વ્યૂહાત્મક વિસ્તારોમાં પ્રોડક્ટના વિતરણને વધુ સુદ્ઢ બનાવવામાં મદદ મળશે.આ ઉપરાંત, પરીજાત Plantix ટીમ સાથે નજીકથી કામ કરશે અને ખેડૂતો સાથેના તેમના જોડાણ તથા ડિમાન્ડ જનરેશનની ક્ષમતાનો લાભ લેશે. તેમાં સીધા ખેડૂતો સુધી માર્કેટિંગ માટે કેટલીક વિશેષ સુવિધાઓના એક્સક્લુઝિવ ઈન્ટિગ્રેશનનો પણ સમાવેશ થશે.આ સહયોગ ભારતમાં નવી બ્રાન્ડ-લાઈનની પણ સ્થાપના કરશે. પરીજાત અને તેની સહાયક કંપની Leeds Lifesciences એ ભારતમાં HELM બ્રાન્ડિંગના ઉપયોગના વિશિષ્ટ અધિકારો મેળવ્યા છે. પરીજાત ભારતમાં HELMની Plant Advantage Line (બાયોસ્ટિમ્યુલન્ટ્સ અને બાયોલોજિકલ્સ) પણ લોન્ચ કરવાની યોજના ધરાવે છે. HELMની વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પરીજાતની ભૂમિકાનો વિસ્તાર : આંતરરાષ્ટ્રીય સ્તરે, આ સહયોગ HELM ની વૈશ્વિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પરીજાતની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ અને પેટન્ટેડ ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટમાં રહેલી નિષ્ણાતીનો લાભ ઉઠાવશે.

# "ભારતે યુએસ વેપાર કરારમાં ઉતાવળ ન કરવી જોઈએ, રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવું જોઈએ": EAC-PM સભ્ય સંજીવ સાન્યાલ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઉતાવળ ન કરવી જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે કરાર દેશના લાંબા ગાળાના હિતોનું રક્ષણ કરે છે, વડા પ્રધાન (EAC-PM) ના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે ANI સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું. સન્યાલે કહ્યું કે ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, પરંતુ જો જરૂર પડે તો નવી દિલ્હીએ વધુ ચર્ચાઓ માટે તૈયાર રહેવું જોઈએ કારણ કે કરાર લાંબા સમય સુધી અમલમાં રહેશે. 'અમે તે કરીશું, તમે જાણો છો, અમારા હિતોને ધ્યાનમાં રાખીને. અને જો તેને થોડી માલિશ અને વધુ વાટાઘાટોની જરૂર હોય, તો અમે તે કરીશું,' સન્યાલે કહ્યું. તેમણે કહ્યું કે વેપાર કરારોની લાંબા ગાળાની પ્રકૃતિ ભારત માટે હસ્તાક્ષર કરતા પહેલા શરતોની કાળજીપૂર્વક તપાસ કરવી મહત્વપૂર્ણ બનાવે છે. 'કારણ કે એકવાર આપણે તેને લૉક કરી લઈએ છીએ, તે ખૂબ લાંબા સમયગાળા માટે રહેશે. તેથી તે કારણોસર, તે મહત્વપૂર્ણ છે કે આપણે તેમાં ઉતાવળ ન કરીએ,' તેમણે કહ્યું. સન્યાલે કહ્યું વૈશ્વિક બહુપક્ષીય વેપાર વ્યવસ્થા નબળી પડી હોવાથી વેપાર કરારો વધુને વધુ મહત્વપૂર્ણ બન્યા છે. તેમણે નોંધ્યું કે ભારતે ઓસ્ટ્રેલિયા અને યુકે સાથે વેપાર કરારો પર પ્રગતિ કરી છે અને યુરોપિયન યુનિયન અને યુએસ સાથે પણ પ્રગતિ કરી રહ્યું છે.

# ખાતર ક્ષેત્ર આગામી છ મહિનામાં રૂ. 90,000 કરોડ સુધીનું મૂડીખર્ચ પ્રતિબદ્ધ કરે તેવી શક્યતા છે: ICRA

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતનું સ્થાનિક યુરિયા ક્ષેત્ર એક નવા રોકાણ ચક્ર માટે તૈયાર છે, ખાતર કંપનીઓ આગામી છ મહિનામાં રૂ. 80,000-90,000 કરોડ મૂડીખર્ચ પ્રતિબદ્ધ કરે તેવી અપેક્ષા છે, કારણ કે નવી રોકાણ નીતિ ક્ષમતા વધારાને વેગ આપશે અને 2030-31 થી યુરિયા આયાત પર દેશની નિર્ભરતા ઘટાડશે, ICRA એ જણાવ્યું હતું કે યુરિયા-2026 (NIPU-2026) માટે નવી રોકાણ નીતિ હેઠળ આવનારા પ્લાન્ટ લગભગ 3.5-4 વર્ષમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ રોકાણો 2030-31 થી સ્થાનિક યુરિયા સ્વનિર્ભરતામાં ભૌતિક રીતે સુધારો કરશે તેવી અપેક્ષા છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, ભારતે 2025-26 માં તેની યુરિયા જરૂરિયાતના લગભગ 27 ટકા આયાત કરી હતી, જેની સ્થાનિક ક્ષમતા 30.6 મિલિયન ટન પ્રતિ વર્ષ (MMTPA) હતી, જ્યારે માંગ લગભગ 39.9 મિલિયન ટનની હતી. જોકે, નવી નીતિએ સૂચિત પ્રાપ્તિ ઘટાડીને અને વળતર બેન્ડ ઘટાડીને પ્રોજેક્ટ અર્થશાસ્ત્રને કડક બનાવ્યું છે. NIPU-2026 હેઠળ, ઈક્વિટી પર વળતર શ્રેણીને 12-16 ટકા સુધી સંકુચિત કરવામાં આવી છે, જે અગાઉના NIP-2012 હેઠળ 12-20 ટકા હતી. 'આ હોવા છતાં, પ્રોજેક્ટ સમર્થકો માટે દેવાનું કવરેજ અને વળતર મેટ્રિક્સ આરામદાયક રહેવાની અપેક્ષા છે,' ICRA ના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ગ્રુપ હેડ ગિરીશકુમાર કદમે જણાવ્યું હતું.ICRA નો અંદાજ છે કે નીચલા ફ્લોર અને ટોચમર્યાદા પ્રાપ્તિ NIP-2012 ની તુલનામાં પ્રમાણભૂત 1.27-MMTPA યુનિટ માટે EBITDA માં રૂ. 250-280 કરોડનો ઘટાડો કરી શકે છે.

## રિઝર્વ બેંકને વિગતવાર પ્રતિસાદ સબમિટ કરીશું

# રિવોલ્વિંગ ક્રેડિટ પરના પ્રસ્તાવિત પ્રતિબંધથી NBFC ચિંતિત

અમદાવાદ : અમદાવાદમાં ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ (FIDC) રિઝર્વ બેંકના રિવોલ્વિંગ ક્રેડિટ પ્રોડક્ટ્સ પરના પ્રતિબંધ સામે ચિંતિત છે. NBFC ક્ષેત્ર માટેની આ સંસ્થા દલીલ કરે છે કે આ પગલું બેંકો માટે નિયમનકારી આર્બિટ્રેજ ઊભું કરી શકે છે. FIDC, તેના સભ્યો પાસેથી ઈનપુટ મેળવી, નિર્ધારિત સમયમર્યાદામાં RBIને વિગતવાર પ્રતિસાદ સુપરત કરશે. તેઓ સંતુલિત પ્રતિસાદ આપવા કટિબદ્ધ છે.ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ (FIDC) રિવોલ્વિંગ ક્રેડિટ પ્રોડક્ટ્સ પર ભારતીય રિઝર્વ બેંકના પ્રસ્તાવિત પ્રતિબંધ સામે ધિરાણકર્તાઓની ચિંતાઓ ઉઠાવવાની તૈયારી કરી રહી છે. નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી) ક્ષેત્ર માટે આ સ્વ-નિયમનકારી સંસ્થા દલીલ કરે છે કે આ પગલું બેંકોના પક્ષમાં નિયમનકારી આર્બિટ્રેજ બનાવી શકે છે.આ ઉદ્યોગ સંસ્થા એક નિર્ધારિત સમયમર્યાદામાં કેન્દ્રીય બેંકને પ્રતિસાદ આપે છે અને એનબીએફસી પાસેથી અગાઉથી ઈનપુટ માંગે છે. આમાં સપ્લાય-ચેઈન ફાઈનાન્સ, લોન અગેન્સ્ટ પ્રોપર્ટી અને માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) ધિરાણમાં સામેલ કંપનીઓનો સમાવેશ થાય છે.સંસ્થાએ જણાવ્યું હતું કે, અમે અમારા સભ્યો પાસેથી ઈનપુટ એકત્રિત કરવાની પ્રક્રિયામાં છીએ અને નિર્ધારિત સમયમર્યાદામાં રિઝર્વ બેંકને વિગતવાર પ્રતિસાદ સબમિટ કરીશું. એક ઉદ્યોગ સંસ્થા તરીકે, સંતુલિત પ્રતિસાદ આપવાની અમારી જવાબદારી છે.

# એમેઝોન નાઉએ રાખી સ્ટોર લૉન્ચ કર્યો, તહેવારોની આવશ્યક વસ્તુઓ મિનિટોમાં પહોંચાડવામાં આવશે

રાખી સ્ટોરમાં ડિજિટલ, વ્યક્તિગત, આધ્યાત્મિક, બાળકો અને પ્રીમિયમ કલેક્શનમાં ફેલાયેલી 500 થી વધુ અનોખી રાખડીઓ છે. ગ્રાહકો ડિજિટલ, QR અને NFC-સક્ષમ રાખડીઓ, DIY અને રાખી હગ કાર્ડ્સ, બ્લેસિડ અને હનુમાન ચાલીસા રાખડીઓ, બાળકો અને પેટ રાખડીઓ, ભૈયા-ભાભી રાખડીઓ, એવિલ આઈ અને



સ્વરોવસ્કી ક્રિસ્ટલ રાખડીઓ, વગેરેનો આનંદ માણી શકે છે. વન-સ્ટોપ ફેસ્ટિવલ શોપિંગ ડેસ્ટિનેશન તરીકે ડિઝાઈન કરાયેલ, રાખી સ્ટોર આ પ્રસંગની ઉજવણી માટે જરૂરી દરેક વસ્તુને એકસાથે લાવે છે, રાખડીઓ અને રોલી ચાવલ કોમ્બોથી લઈને ચોકલેટ, મીઠાઈઓ, ગ્રુમિંગ પ્રોડક્ટ્સ, બ્યુટી એસેન્શિયલ્સ, નાસ્તા, સ્ટેશનરી અને FNP, Oye Happy, Ugaoo, IGP અને ઘણી બધી બ્રાન્ડ્સ - એક જ ઓર્ડરમાં ફેસ્ટિવ શોપિંગ પૂર્ણ કરવાનું સરળ બનાવે છે. અનુભવમાં વ્યક્તિગત સ્પર્શ ઉમેરતા, એમેઝોન નાઉએ રાખી વાઈબ ચેક પણ રજૂ કર્યો છે, જે 30-સેકન્ડની ઈન્ટરેક્ટિવ ક્વિઝ છે જે ગ્રાહકોને તેમના ભાઈ-બહેન સાથેના અનોખા બંધનના આધારે સંપૂર્ણ રાખડી શોધવામાં મદદ કરે છે. ભલે તેઓ 'સર્ટિફાઈડ મેનિસ', 'રાઈડ ઓર ડાઈ', 'ફેમિલી શીલ્ડ', 'લૉંગ ડિસ્ટન્સ બોન્ડ' અથવા '2AM કોલ' ભાઈ-બહેન હોય, આ ક્વિઝ રાખડીઓની ક્યુરેટેડ પસંદગીની ભલામણ કરે છે જે તેમના સંબંધને શ્રેષ્ઠ રીતે પ્રતિબિંબિત કરે છે.વિચારશીલ રાખડીઓ અને તહેવારોની આવશ્યક ચીજવસ્તુઓથી લઈને છેલ્લી ઘડીની ભેટો સુધી, એમેઝોન નાઉ મિનિટોમાં ડિલિવરી કરીને આ પ્રસંગની ઉજવણી કરવાનું સરળ બનાવે છે. ગ્રાહકો પ્રાઈમ સભ્યો માટે INR 99 અને નોન-પ્રાઈમ સભ્યો માટે INR 149 થી વધુના ઓર્ડર પર મફત ડિલિવરીનો આનંદ માણી શકે છે, શૂન્ય હેન્ડલિંગ ફી અને કોઈ વધારાના શુલ્ક વિના. તેમના પિન કોડમાં સેવા ઉપલબ્ધ છે કે નહીં તે તપાસવા માટે, ગ્રાહકો Amazon એપ ખોલી શકે છે અને ટોચના બેનર પર 'લાઈટનિંગ' Now આઈકોન શોધી શકે છે.

## ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડએ ઈક્વિટી શેરદીઠ રૂ. 160ની અપર પ્રાઈસ બેન્ડ પર એન્કર રોકાણકારો પાસેથી રૂ. 165 કરોડનું ફંડ ઊભું કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડે ઈક્વિટી શેરદીઠ રૂ. 160ની અપર પ્રાઈસ બેન્ડ (ઈક્વિટી શેરદીઠ 155.00/-ના શેર પ્રીમિયમ સહિત) એન્કર રોકાણકારો પાસેથી રૂ. 165 કરોડનું ફંડ ઊભું કર્યું છે.તેમાં મ્યુચ્યુઅલ ફંડ મોખરે રહ્યાં હતાં અને એન્કર બુકમાં 65.15 ટકા હિસ્સો ધરાવે છે. ત્યાર બાદ જીવન વીમા કંપનીઓનો હિસ્સો 16.66 ટકા છે. આ લાંબા ગાળાના સ્થાનિક સંસ્થાગત રોકાણકારો એન્કર બુકમાં અંદાજે 82 ટકા હિસ્સો ધરાવે છે. ભારતના બે ટોચના મ્યુચ્યુઅલ ફંડ નિપ્પોન ઈન્ડિયા MF અને ઈન્વેસ્કો MFએ રૂ. 30 કરોડ-રૂ. 30 કરોડના રોકાણ સાથે એન્કર બુકમાં લીડ લીધી છે. ભારતની બે અગ્રણી જીવન વીમા કંપનીઓ HDFC લાઈફ અને SBI લાઈફ એન્કર બુકમાં મુખ્ય રોકાણકારોમાં સામેલ હતી. અગ્રણી સંસ્થાઓ ઉપરાંત આકાશ ભણસાળી (વિનરો કમર્શિયલ (ઈન્ડિયા) લિમિટેડ), મુકુલ અગ્રવાલ (સાંશી ફંડ I) તથા આશિષ કચોલિયો (બેંગાલ ફાઈનાન્સ) જેવા અનુભવી રોકાણકારોએ પણ ગજા કેપિટલ એન્કર બુકમાં સારું એવું રોકાણ કર્યું છે. અન્ય જાણીતા રોકાણકારોમાં ગ્રોવ મ્યુચ્યુઅલ, JM ફાઈનાન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ અને સોસાએટ જનરલ - ODI સામેલ છે. ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર JM ફાઈનાન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ અને IIFL કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ IIFL સીક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી હતી) છે.

## Symbiotec Pharmalab Limited નો ₹ 17,570.00 મિલિયનનો 'ઈનિશિયલ પબ્લિક ઓફર' (IPO) 24 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

2 ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા દરેક ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ 938 થી 988 નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર સોમવાર, 24 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે અને ગુરુવાર, 27 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની પ્રક્રિયા શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે અને બંધ થશે.ઓછામાં ઓછા 15 ઈક્વિટી શેર અને ત્યારબાદ 15 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.'એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન' (કર્મચારીઓ માટે અનામત હિસ્સો) હેઠળ બિડ કરતા પાત્ર કર્મચારીઓને 2 ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ 90.00 નું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રીય સ્તરે, 19 ઓગસ્ટ, 2026: Symbiotec Pharmalab Limited ('Symbiotec Pharmalab' અથવા 'કંપની') સોમવાર, 24 ઓગસ્ટ, 2026ના રોજ તેના ઈક્વિટી શેરના 'ઈનિશિયલ પબ્લિક ઓફર' ('ઓફર') માટે બિડ/ઓફરનો સમયગાળો શરૂ કરવા જઈ રહી છે.આ ઓફરમાં કંપની દ્વારા 1,500.00 મિલિયન સુધીના નવા ઈક્વિટી શેરનો ઈશ્યૂ ('ફ્રેશ ઈશ્યૂ') અને કંપનીના અમુક વર્તમાન શેરધારકો ('વેચાણકર્તા શેરધારકો') દ્વારા 16,070.00 મિલિયન સુધીના શેરનું વેચાણ ('ઓફર ફોર સેલ') સામેલ છે (જેને સામૂહિક રીતે 'કુલ ઓફર સાઈઝ' કહેવામાં આવે છે).કંપની ચોખ્ખી આવકનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલી અમુક બાકી લોન/ધિરાણની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અથવા અગાઉથી ચુકવણી (prepayment) કરવા માટે; અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવા માંગે છે. ('ઓફરના ઉદ્દેશ્યો') 'ઓફર ફોર સેલ' (વેચાણ માટેની ઓફર) માં સાતવાની હોલ્ડિંગ્સ એલએલપી ('પ્રમોટર વેચાણકર્તા શેરધારક') દ્વારા 1,440.00 મિલિયન સુધીના, રોઝવુડ ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા 9,880.00 મિલિયન સુધીના અને ઈન્ડિયા બિઝનેસ એક્સલન્સ ફંડ - III ('રોકાણકાર વેચાણકર્તા શેરધારકો') દ્વારા 4,750.00 મિલિયન સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.

તંત્રીની કલમે...

# હોર્મુઝમાં ફસાયેલા જહાજો સુપર સ્પ્રેડર બનવાનું જોખમ!

હોર્મુઝની ખાડી લાંબા સમય સુધી બંધ રહેવાની અસર માત્ર ક્રૂડ, ગેસ અને વૈશ્વિક વેપાર પૂરતી મર્યાદિત નથી. ફારસની ખાડીમાં લાંબા સમયથી અટવાયેલા જહાજો હવે એક એવા જોખમને દુનિયાના વિવિધ દેશો સુધી વિસ્તારી શકે છે, જેની અસર હજારો કિલોમીટર દૂર સુધી પહોંચવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સંશોધકોએ ચેતવણી આપી છે કે પર્શિયન ગલ્ફમાં લાંબા સમયથી ઊભેલા ૧,૫૦૦થી વધુ કોમર્શિયલ જહાજો હવે એક અલગ પ્રકારનો ખતરો ઊભો કરી રહ્યા છે. તેઓ હવે બિમારીના બોમ્બ બનીને દુનિયાભરમાં ભય ફેલાવી શકે તેમ છે.ઉલ્લેખનીય છે કે, જ્યારે જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવામાં આવે છે. જાણકારોના મતે હવે ભય જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલ્યા પછી જ્યારે આ જહાજો અલગ-અલગ દેશોના બંદરો તરફ રવાના થશે, ત્યારે તેમની સાથે આ જીવો પણ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી શકે છે. તેના દ્વારા વ્યાપક બિમારી અથવા તો અજ્ઞાત બિમારીઓ ફેલાવાનો ભય રહે છે. સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવો તેમની સ્થાનિક ઈકોસિસ્ટમનો ભાગ હોય છે. પરંતુ જો કોઈ બાહ્ય પ્રજાતિ કોઈ નવા દરિયાઈ ક્ષેત્રમાં પહોંચી જાય, તો ત્યાં તેનો કુદરતી શિકારી ન હોવાને કારણે તે ઝડપથી ફેલાઈ શકે છે.આનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ વનસ્પતિ અને અન્ય જીવો માટે જોખમ ઊભું થઈ શકે છે. આ ઉપરાંત આની અસર માત્ર સમુદ્ર પૂરતી સીમિત નહીં રહે. મત્સ્યપાલન, જળચર ઉછેર, દરિયાકાંઠાના ઉદ્યોગો અને તેની સાથે જોડાયેલી અર્થવ્યવસ્થા પણ તેની ઝપેટમાં આવી શકે છે. આ જ કારણ છે કે વૈજ્ઞાનિકો લાંબા સમય સુધી ખાડીમાં ઊભેલા જહાજોને સંભવિત 'સુપર-સ્પ્રેડર' માની રહ્યા છે.હકિકતે, પર્શિયન ખાડીનું ગરમ દરિયાઈ વાતાવરણ બાયોફાઉલિંગ માટે અનુકૂળ માનવામાં આવે છે. એટલે કે, જહાજો જેટલા લાંબા સમય સુધી અહીં ઊભા રહેશે, તેમની સપાટી પર દરિયાઈ જીવો અને વનસ્પતિઓ જમા થવાની શક્યતા વધશે. પશયનની ખાડીમાં પહેલેથી જ ૫૦થી વધુ બિન-સ્થાનિક દરિયાઈ પ્રજાતિઓ હાજર હોવાનું કહેવાય છે.આવા સંજોગોમાં અહીં લાંબા સમયથી અટવાયેલા જહાજો જ્યારે વિશ્વના અન્ય ભાગોમાં જશે ત્યારે તેમની સાથે નવા દરિયાઈ જીવો પહોંચવાનું જોખમ વધી શકે છે. વિશ્વમાં દરિયાઈ વેપારના એવા ઘણા માર્ગો છે, જેને 'ચોક પોઈન્ટ' કહેવામાં આવે છે. આ માર્ગો અવરોધાતાં જહાજોની અવરજવર ખરાબ રીતે પ્રભાવિત થાય છે. મોટાભાગના ચોક પોઈન્ટ માટે વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ છે, પરંતુ કેટલાક એવા દરિયાઈ માર્ગો છે જ્યાં વિકલ્પો અત્યંત મર્યાદિત અથવા વ્યવહારુ રીતે ઉપલબ્ધ નથી.હોર્મુઝની ખાડી પણ આ અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં સ્થાન ધરાવે છે. આ ઉપરાંત ઓરેસુંડ, બોસ્ફોરસ-ડાર્ડેનેલ્સ અને બોહાઈ જેવા માર્ગો પણ વૈશ્વિક દરિયાઈ વેપાર માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. ઈતિહાસમાં દરિયાઈ માર્ગો લાંબા સમય સુધી ખોટકાઈ જવાના ભૂતકાળમાં પણ ઘણા ઉદાહરણો મળતા રહ્યા છે.સુએઝ નહેરમાં ૨૦૨૧નો અકસ્માત અને પનામા નહેરમાં દુષ્કાળને કારણે સર્જાયેલી પરિસ્થિતિઓએ દર્શાવ્યું છે કે દરિયાઈ પરિવહનમાં કોઈ એક મહત્વપૂર્ણ માર્ગનો અવરોધ કેટલી મોટી સમસ્યા બની શકે છે. પરંતુ હોર્મુઝના કિસ્સામાં ચિંતાનું એક નવું પાસું સામે આવ્યું છે. જહાજોનું લાંબા સમય સુધી એક જ દરિયાઈ વિસ્તારમાં સ્થિર ઊભા રહેવું. સંશોધન મુજબ, હોર્મુઝમાંથી નીકળ્યા પછી તરત જ જહાજો દ્વારા ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સુધી આ ખતરો પહોંચવાની શક્યતા ઓછી હોઈ શકે છે. પરંતુ સમય જતાં ઘણા જહાજો આ દેશોના બંદરો સુધી પહોંચી શકે છે.બંને દેશોમાં દરિયાઈ જૈવ-સુરક્ષાને લઈને કડક નિયમો છે. ત્યાં શંકાસ્પદ જહાજોની તપાસ કરવામાં આવે છે અને જરૂર પડયે તેમની બાહ્ય સપાટી, પ્રોપેલર અને અન્ય ભાગોની સફાઈ કરવામાં આવે છે. તેમ છતાં, મોટી સંખ્યામાં જહાજોની એકસાથે અવરજવર શરૂ થવા પર આ પડકાર ઘણો મોટો બની શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે હોર્મુઝ વિસ્તારમાંથી નીકળતા પહેલા જહાજોની તપાસ જરૂરી છે. તેમની બાહ્ય સપાટી પર જમા થયેલા જીવો અને જૈવિક સામગ્રીની ઓળખ કરી શકાય છે. જરૂર પડયે સમુદ્રમાં આગળ વધતા પહેલા જહાજની અંડરવોટર સફાઈ પણ થવી જોઈએ. જોકે સફાઈ દરમિયાન સાવચેતી અત્યંત જરૂરી રહેશે. જો જહાજમાંથી નીકળેલો જૈવિક કચરો સીધો સમુદ્રમાં ભળી જશે તો સમસ્યા ઘટવાને બદલે વધુ વધી શકે છે.હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીનો એક છે.

# કેશોદમાં લોહાણા સમાજની બહેનો અને બાળકો માટે નિઃશુલ્ક દાંડીયા ક્લાસિસ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

શ્રી લોહાણા મહાજન કેશોદના સહયોગથી રઘુવીર સેના મહિલા પાંખ કેશોદ દ્વારા લોહાણા સમાજની બહેનો અને બાળકો માટે નિઃશુલ્ક દાંડીયા ક્લાસિસ નું આયોજન કરવામાં આવ્યું છે.ક્લાસિસનો પ્રારંભ લોહાણા મહાજન સુંદર વાડી ખાતે કરવામાં આવેલ,નિઃશુલ્ક દાંડીયા ક્લાસિસ માં અત્યાર સુધીમાં 100થી વધુ બહેનો અને બાળકોનું રજિસ્ટ્રેશન થયું છે. ક્લાસિસનો સમય દરરોજ સાંજે 4:00થી 7:00 વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. તાલીમ દરમિયાન દાંડીયાના વિવિધ પ્રકારના સ્ટેપ્સ, નવીન સ્ટાઇલ, તાલમેલ તેમજ સ્ટેમિના અંગે તાલીમ આપવામાં આવશે. સમાજની બહેનો અને બાળકોને દાંડીયાની વિવિધ શૈલીઓ શીખવવા માટે ચાર બહેનો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોહાણા સમાજની બહેનો અને બાળકોમાં દાંડીયા પ્રત્યેનો ઉત્સાહ વધારવા સાથે આગામી નવરાત્રી દરમિયાન સુંદર, શિસ્તબદ્ધ અને તાલબદ્ધ રીતે દાંડીયા રમી શકે તે માટે જરૂરી તાલીમ પૂરી પાડવાનો છે.

કાર્યક્રમને સમાજમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે લોહાણા મહાજન પ્રમુખ જીતુભાઈ લુકકા, પ્રેમાંગભાઈ ધનેશા, જતીનભાઈ સોડા તથા કે.ટી. દેવાણી દ્વારા દીપ પ્રાગટ્ય અને રીબન કાપી દાંડીયા ક્લાસિસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ તરીકે ચૂંટાયેલા પરિવર્તન પેનલના સભ્યોનું શબ્દોથી અભિવાદન કરી તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સમાજના આગેવાનો, બહેનો અને બાળકોની ઉત્સાહભેર ઉપસ્થિતિ જોવા મળી હતી.

# મહીસાગર જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ નામનો કે કામનો? ૧૩ વર્ષથી અન્ય જિલ્લાઓમાંથી ચાલતો વહીવટ!

**મહીસાગર જિલ્લા નો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ના ચાર્જ વાળા ફુડ ઇન્સ્પેક્ટર ગોધરા અને કમિશનર દાહોદ બેસે છે**

જગદીશ ત્રિવેદી | મહીસાગર

પંચમહાલમાંથી અલગ થઈને મહીસાગર નવો જિલ્લો બન્યાને ૧૩ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, પ્રજાના આરોગ્યની સુરક્ષા માટે અત્યંત મહત્વનો ગણાતો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ હજુ પણ અન્ય જિલ્લાઓમાંથી જ ચલાવવામાં આવી રહ્યો છે. જિલ્લાનું મુખ્ય મથક લુણાવાડા હોવા છતાં આ વિભાગના કમિશનર દાહોદ બેસે છે અને ઈન્સ્પેક્ટર ગોધરાથી વહીવટ ચલાવે છે. સ્થાનિક કક્ષાએ કાયમી ઓફિસ ન હોવા પાછળ વહીવટી તંત્ર દ્વારા 'લુણાવાડામાં ઓફિસ ખોલવા સરકારી જગ્યા નથી મળતી' તેવું હાસ્યાસ્પદ બહાનું ધરીને પોતાની મૂળ જવાબદારીમાંથી છટકબારી શોધવામાં આવી રહી છે. તંત્રની આ નિષ્ક્રિયતાના કારણે જિલ્લાની પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ થઈ રહ્યો છે. તાજેતરમાં લુણાવાડાની એક ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં જીબીએસ (ગિલેન-બારે સિન્ડ્રોમ) જેવા ગંભીર રોગના શંકાસ્પદ લક્ષણો દેખાતા જ સમગ્ર વહીવટી તંત્રમાં ભારે હડકંપ મચી ગયો હતો. આ ઘટના બાદ માત્ર પોતાની આબરૂ બચાવવા અને કાગળ પર કામગીરી દર્શાવવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અચાનક સફાળો જાગ્યો હતો અને ઉતાવળે શાળાઓમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ખાનગી શાળામાંથી મોટી માત્રામાં અખાદ્ય અને બિનઆરોગ્યપ્રદ ખોરાકનો જથ્થો ઝડપાયો હતો, જેનો તાત્કાલિક નાશ કરી સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, આ સમગ્ર પ્રકરણમાં આશ્ચર્યની વાત તો એ છે કે, જ્યારે આ તાજેતરની કાર્યવાહી અંગે જવાબદાર અધિકારીઓ પાસે વિગતો માંગવામાં આવી, ત્યારે તેઓએ પારદર્શકતા દાખવવાને બદલે 'માહિતી અધિકાર (RTI) નો ઉપયોગ કરો' તેવો ઉડાવ જવાબ આપી દીધો હતો. આમ કહીને અધિકારીઓએ મુખ્ય મુદ્દા પરથી ધ્યાન હટાવવાનો અને પોતાની નિષ્ફળતા છુપાવવાનો નિંદનીય પ્રયાસ કર્યો હતો, જે તેમની કામગીરી પ્રત્યેની ગંભીરતાનો અને જવાબદારીનો સદંતર અભાવ દર્શાવે છે. લોકમુખે એવી ચર્ચાઓ થઈ રહી છે કે આ વિભાગના અધિકારીઓને પ્રજા કે બાળકોના જીવની કોઈ પડી નથી અને તેઓ માત્ર દિવાળી જેવા તહેવારોમાં "દિવાળી"કરવા પૂરતા જ મેદાનમાં દેખાય છે. સવાલ ઉઠી રહ્યા છે કે ૧૩-૧૩ વર્ષથી જગ્યા ન મળવી એ તંત્રની નાકામી છે કે પછી ઈચ્છાશક્તિનો અભાવ? જનતાની ઉગ્ર માંગ છે કે આરોગ્ય સાથે ચેડાં કરનાર શાળા સંચાલકો બેદરકાર અધિકારીઓ અને ખાનગી સંસ્થાઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત, છાશવારે જનતાના આરોગ્યને નિશાન બનાવતા તત્વો પર કાયમી અંકુશ લાવવા માટે તાત્કાલિક ધોરણે લુણાવાડા ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાયમી ઓફિસ શરૂ કરવામાં આવે તે અત્યંત જરૂરી બની ગયું છે.

# બાળકી સાથે ગંભીર મારપીટના કેસમાં ચાઇલ્ડ હેલ્પલાઇન જૂનાગઢની તાત્કાલિક કાર્યવાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ચાઇલ્ડ હેલ્પલાઇન જૂનાગઢ પર એક સગીર બાળકી સાથે ગંભીર રીતે મારપીટ કરવામાં આવી હોવાની માહિતી ૧૦૯૮ હેલ્પલાઇન મારફતે પ્રાપ્ત થઈ હતી. કેસની ગંભીરતા ધ્યાને લઈને ચાઇલ્ડ હેલ્પલાઇનની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ આ બાળકી હાઉસિંગ બોર્ડ કોલોની ખાતે રહે છે. બે દિવસ અગાઉ બાળકી દ્વારા બેડ પર પેશાબ થઈ જવાની સામાન્ય ઘટનાને લઈને તેની માતા દ્વારા બાળકી સાથે અત્યંત અમાનવીય વર્તન કરવામાં આવ્યું હતું અને વેલણ તથા ચાર્જિંગ કેબલ વડે માર મારવામાં આવ્યો હતો. ઘટનાનો વીડિયો સોસાયટીના રહેવાસીઓ દ્વારા વાયરલ થયા બાદ એક જાગૃત નાગરિકે ૧૦૯૮ ચાઇલ્ડ હેલ્પલાઇન પર જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ ચાઇલ્ડ હેલ્પલાઇન જૂનાગઢના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શીતલ મારૂ તથા કાઉન્સેલર પૂનમ પરમાર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઘટના સ્થળે બાળકીની સ્થિતિની તપાસ કરતાં બાળકી સાથે ગંભીર રીતે મારપીટ કરવામાં આવી હોવાનું જણાઈ આવ્યું હતું. બાળકીની સુરક્ષા અને સમગ્ર ઘટનાની ગંભીરતા ધ્યાને લઈને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શીતલ મારૂ દ્વારા તાત્કાલિક ૧૧૨ પોલીસ ટીમને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકી તથા તેના વાલીને C ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બાળકીની માતા વિરુદ્ધ Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 ની કલમ 75 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં ચાઇલ્ડ હેલ્પ લાઇનના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શીતલ મારૂ ફરિયાદી તરીકે આગળ આવ્યા હતા, જેથી બાળકીના હિત અને સુરક્ષાને પ્રાથમિકતા આપી કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત થઈ શકે. આ દરમિયાન બાળ કલ્યાણ સમિતિ (CWC)ના સભ્યો ધારાબેન તથા અશોકભાઈ દ્વારા પણ ઘટનાની તપાસ કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશન ખાતેની જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ, રાત્રિના લગભગ ૧૨વાગ્યા સુધીની કાર્યવાહી પૂર્ણ કરીને, કાયદાકીય SOP મુજબ બાળકીનું તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું. મેડિકલ તપાસ પૂર્ણ થયા બાદ બાળકીની સુરક્ષા અને સંભાળને ધ્યાનમાં રાખીને તેને શિશુમંગલ ખાતે સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો છે.બાળકીના શ્રેષ્ઠ હિત અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આજે બાળકી તથા તેના માતા-પિતાને બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ બાળ કલ્યાણ સમિતિ દ્વારા આપવામાં આવનાર આદેશ અને માર્ગદર્શન મુજબ બાળકીના પુનર્વસન, સુરક્ષા અને પરિવાર સંબંધિત આગળની કાર્યવાહી કરવામાં આવશે. ચાઇલ્ડ હેલ્પલાઇન જૂનાગઢ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે બાળકો સાથે કોઈપણ પ્રકારની હિંસા, શારીરિક સજા કે અમાનવીય વર્તન ક્યારેય સ્વીકાર્ય નથી. બાળકોની સુરક્ષા માટે સમાજના દરેક નાગરિકે જાગૃત રહેવું અને આવી કોઈ ઘટના ધ્યાનમાં આવે તો તાત્કાલિક ૧૦૯૮ ચાઇલ્ડ હેલ્પલાઇન અથવા સંબંધિત સત્તાવાળાઓને જાણ કરવી જરૂરી છે જેથી બાળકો ની સુરક્ષા જળવાઈ રહે.

# શ્રાવણ માસના મંગળવારે સંગીતમય સુંદરકાંડ પાઠ વિભિન્ન સુંદરકાંડ મંડળો દ્વારા પાઠ કરાયા





નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રીસ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.18-08-2026ને મંગળવારના રોજ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દાદાના દરબારમાં દર મંગળવારે સંગીતમય સુંદરરકાંડ પાઠ - વિભિન્ન સુંદરકાંડ મંડળો દ્વારા પાઠનું ભક્તિ- ભાવપૂર્વક શ્રીહરિ મંદિરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંદિર તરફથી સંપૂર્ણ સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આજે ભક્તોના દ્વારા સાંજે 4થી 6 વાગ્યા સુધી સુંદરકાંડના પાઠ કરવામાં આવ્યો હતો. જેથી ભક્તજનો ભક્તિમાં તલ્લીન થઈ ગયા હતા. ભક્તજનો ના શ્રદ્ધા ભાવની ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને દિવ્ય અને શાંતિમય બનાવી દીધું હતું.

## સ્પર્ધામાં 9 જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે CWDC અંતર્ગત 'રંગોળી' સ્પર્ધાનું આયોજન







| કમલેશ પટેલ | સંખેડા

આ સ્પર્ધાના સફળ આયોજન માટે કોલેજના આચાર્ય ડો. દીપકભાઈ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. ડો. કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. નિલાબેન સોલંકી અને પ્રા. વર્ષાબેન પટેલે સેવા આપી હતી. તેઓએ તમામ સ્પર્ધકોની રંગોળીઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને વિજેતા સ્પર્ધકોની જાહેરાત કરી હતી.આ સ્પર્ધામાં સમગ્ર કોલેજ પરિવારે ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના કન્વીનર પ્રા. ડો. રાકેશભાઈ વણકર સાધુએ સૌનો આભાર વ્યક્ત કરી સ્પર્ધાની પૂર્ણાહુતિ જાહેર કરી હતી.

# જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના માર્ગ સલામતી માટે કડક નિર્દેશો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે. ખાસ કરીને વ્યવસાયિક હેતુસર નેશનલ હાઈવે પર ડિવાઈડર તોડનાર, હાઈવે નજીક ગેરકાયદે દબાણ કરનાર સહિત અન્ય રીતે પણ માર્ગ સલામતીમાં અવરોધરૂપ બનનાર તત્વો સામે કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને મળેલી જિલ્લા માર્ગ સલામતીની બેઠકમાં પણ આ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. કેશોદના ચાંદીગઢ પાટિયા નજીક વ્યવસાયિક હેતુસર જાહેર મિલકતને નુકસાન પહોંચાડવાના આરોપસર ક્રીશવ પેટ્રોલ પંપના માલિક સામે પણ કેશોદ પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે નેશનલ હાઈવે ઓથોરિટીની ફરિયાદ મુજબ ડિવાઈડર તોડીને રૂ. ૫૦,૦૦૦ની જાહેર મિલકતને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. તે મુજબ કેશોદ પોલીસે જરૂરી તપાસ શરૂ કરી છે. સાથે જ પેટ્રોલ પંપનું લાયસન્સ રદ થાય તે દિશામાં પણ પોલીસે તજવીજ હાથ ધરી છે.જિલ્લા કલેક્ટરશ્રીએ અદાલતી નિર્દેશો મુજબ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે જિલ્લા હાઈવે ટાસ્ક ફોર્સની પણ રચના કરી છે. તે મુજબ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર માર્ગ સલામતી માટે પોલીસ, આરટીઓ સહિત સંલગ્ન વિભાગોની ટીમ ૨૪+૭ સર્વેલન્સ અને પેટ્રોલિંગની કામગીરી કરશે. જિલ્લા કલેક્ટરશ્રીએ નેશનલ હાઈવે ની સાથે અન્ય માર્ગોની પણ માર્ગ સલામતી ની દ્રષ્ટિએ જરૂરી દેખરેખ રાખવા સૂચનાઓ આપી હતી. ઉપરાંત, આ ટાસ્ક ફોર્સ ગેરકાયદે દબાણો દૂર કરવા, બ્લેક સ્પોટ સુધારણા, એન્જિનિયરિંગની દ્દષ્ટિએ માર્ગ સુધારણા, આંતર વિભાગીય સંકલન સહિતની કામગીરી કરશે. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, જિલ્લા માર્ગ સલામતી સમિતિના સભ્ય સચિવશ્રી, નેશનલ હાઈવે, માર્ગ અને મકાન વિભાગ સહિતના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

**કામોની પ્રગતિની સમીક્ષા સાથે કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને આપ્યું જરૂરી માર્ગદર્શન**

પાલનપુર : જિલ્લા કલેકટર શ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં કલેકટર કચેરી પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં સાંસદશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી પાસે મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં વિવિધ પ્રશ્નો બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા/ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી કામ પૂર્ણ કરવા જણાવ્યું હતું. બેઠકમાં બનાસકાંઠા સાંસદશ્રી ગેનીબેન ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, ધારાસભ્ય સર્વ શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી કાંતિભાઈ ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, અધિક નિવાસી કલેક્ટરશ્રી સી.પી.પટેલ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા જલારામ ભક્તિ ધામ મંદિર ખાતે શ્રાવણ માસના પ્રથમ સોમવારે યોજાયેલ બાબા અમરનાથના દર્શન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવેલ છે કે, પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ઝાંઝરડા ચોકડી પાસે આવેલ, જલારામ ભક્તિ ધામ મંદિર ખાતે બાબા અમરનાથના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક આયોજનમાં શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી બાબા અમરનાથના દર્શનનો લ્હાવો લીધો હતો. બાબા અમરનાથની યાત્રા દરમિયાન આવતા વિવિધ પવિત્ર સ્થળોના દર્શનનો અનુભવ ભક્તોને એક જ સ્થળે મળી રહે તે હેતુથી ગિરનારી ગ્રુપ દ્વારા બે વિશેષ પડાવ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં શેષનાગ અને મહાકાલની આબેહૂબ પ્રતિકૃતિ સાથેના ફ્લોટ્સ મુખ્ય આકર્ષણ બન્યા હતા. સાથે જ ભક્તો માટે તૈયાર કરાયેલ સેલ્ફી પોઈન્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દર્શનાર્થે આવતા ભક્તોને પ્રસાદીરૂપે રુદ્રાક્ષનો પારો આપવામાં આવ્યો હતો. ઉપરાંત ભક્તો માટે અશ્વિનભાઈ ઘરસંડા, કાનભાઈ ઘરસંડા, નિલેશભાઈ ઘરસંડા તથા ઘરસંડા પરિવાર તરફથી ગરમાગરમ બટેટાની ચિપ્સની પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિના ૧૨ વાગ્યે શેષનાગ અને મહાકાલની પ્રતિકૃતિઓની ઉપસ્થિતિમાં બાબા અમરનાથની મ્યુઝિકલ બેન્ડ પાર્ટીના સંગાથે મહા આરતી કરવામાં આવી હતી. જેમાં પ્રો. પી.બી. ઉનડકટ, શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, હિરેનભાઈ રૂપારેલીયા, યતીનભાઈ કારીયા, ગીરીશભાઈ આડતીયા, પ્રવીણભાઈ પોપટ, મનીષભાઈ રાવલ સહિત મોટી સંખ્યામાં ભક્તોએ મહા આરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ ભક્તોએ બાબા અમરનાથના દર્શન કરી 'હર હર મહાદેવ'ના જયઘોષથી સમગ્ર મંદિર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું. આ ઉપરાંત શ્રાવણ માસના પ્રથમ સોમવારના પવિત્ર પ્રસંગે ભગવાન ભોળાનાથની પ્રાર્થના સાથે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 36 બોટલ રક્તની એકત્રિત કરણ કરવામાં આવેલ હતી. તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આરોગ્ય કેમ્પ અને વાહકજન્ય રોગોના નિયંત્રણ અંગેનું માર્ગદર્શન તથા પ્રદર્શન પણ ભક્તો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના દિનેશભાઈ રામાણી, સમીરભાઈ દવે સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૧૫ સપ્ટેમ્બર સુધી હથિયારબંધી આદેશ જારી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરેલ હોય તે મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં શસ્ત્ર, દંડા,તલવાર, ભાલા,ચપ્પુ,લાકડી,અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહિ. પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા તથા તૈયાર કરવા નહિ. વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ વાળા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભસ્ત સૂત્રો પોકારવા નહિ. અસ્લીલ ગીતો ગાવા નહિ. જેનાથી સુરૂચીનો શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ,તેવા હાવ ભાવ કરવા નહિ,તેવી ચેષ્ટા કરવી નહિ તથા ચિત્રો,પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદ્રથ અથવા વસ્તુઓ કરવી નહિ.આ હુકમ સરકારશ્રી ની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.ખેડૂતો પોતાના ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજિંદા કામ કરી શકે તે આશયથી ખેડૂતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય. તેને લાગૂ પડશે નહિ. આ જાહેરનામું તાત્કાલીક અસર થી તા.૧૫/૯/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ શિક્ષા અને દંડ ને પાત્ર થશે.

## સામાજિક નાટક 'મુંબઈની મોહિની યાને યુવાનીના ઝેર' ની સુંદર રજૂઆત સાથે લોકકલા, દેશભક્તિ અને સામાજિક સંદેશનો અનોખો સંગમ

# દેશલપરની ભવાઈમાં છલકાયો દેશપ્રેમ, 'વંદે માતરમ'ના નાદથી ગુંજી ઉઠ્યો ચોક...

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે ચાર વર્ષ બાદ યોજાયેલી ભવ્ય ગ્રામ્ય ભવાઈમાં લોકકલાની સાથે દેશપ્રેમની લાગણી પણ છલકાઈ હતી. ભવૈયાશ્રી હસમુખભાઈ મારાજ એન્ડ કંપની દ્વારા સામાજિક નાટક 'મુંબઈની મોહિની......' ની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. નાટક નિહાળવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને કલાકારોની જીવંત રજૂઆતને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી.

ભવાઈના રંગમંચ પર 'હર ઘર તિરંગા, હર દિલ તિરંગા' ની ભાવનાની ઝલક જોવા મળી હતી. તિરંગા સાથે 'એ મેરે વતન કે લોગો' ગીતની રજૂઆત થતાં સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. અંતે 'વંદે માતરમ'ના ગગનભેદી નારાથી દેશલપરનો ચોક ગુંજી ઉઠ્યો હતો.

પાટણ જિલ્લાના કુણઘેર ગામના વતની હસમુખભાઈ મારાજ અને તેમની ટીમ કચ્છથી આશરે 400 કિલોમીટર દૂરથી આવી નખત્રાણા ઉપરાંત અબડાસા, માંડવી સહિતના ગામડાઓમાં વર્ષોથી ઐતિહાસિક અને સામાજિક નાટકો ભજવે છે. વતનથી દૂર રહીને પણ પોતાની લોકકલા દ્વારા લોકો સાથે જોડાયેલા આ કલાકારોએ મનોરંજનની સાથે સામાજિક સંદેશ અને દેશપ્રેમની ભાવના પણ લોકો સુધી પહોંચાડી હતી.

હસમુખભાઈ મારાજે જણાવ્યું હતું કે, "રંગમંચ એ જ અમારું ઘર છે." જ્યારે દેશલપરના વેપારી દિનેશભાઈ બારૂએ જણાવ્યું હતું કે, "ભવાઈ એ



ગામડાંઓનું એક જીવંત મનોરંજન છે." ગામના વડીલ લુહાર હાજી આદમે જણાવ્યું હતું કે, "ભવાઈ આજના સમયનો ચિતાર આપે છે અને તેમાંથી મળતી શીખ આજના યુવાનો માટે પણ ઉપયોગી છે."

આમ, દેશલપરની ભવાઈમાં લોકકલા, સામાજિક સંદેશ અને રાષ્ટ્રભક્તિનો સુંદર સંગમ જોવા મળ્યો હતો. તિરંગાની શાન અને 'વંદે માતરમ'ના નાદ વચ્ચે યોજાયેલો આ કાર્યક્રમ ગ્રામજનો માટે યાદગાર બની રહ્યો હતો.

## PHC કેન્દ્ર અને ધો. 11-12ની મંજૂરીથી લઈ સિંચાઈ કેનાલ, ઘાસ ડેપો અને જમીન માપણીના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યાં...

# જિલ્લા કલેક્ટર સમક્ષ ગ્રામજનોની વિકાસલક્ષી રજૂઆતો





જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

મથલ ગ્રામ પંચાયત કચેરી ખાતે કચ્છ જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે મુલાકાત અને રજૂઆત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નખત્રાણા એસ.ડી.એમ., તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, નખત્રાણા તાલુકા પોલીસ મથકના પી.આઈ. પટેલ સહિત આરોગ્ય વિભાગ, જમીન દફતર કચેરી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મથલ ગ્રામ પંચાયતના સરપંચ હુસેન ખલીફા દ્વારા જિલ્લા કલેક્ટર તેમજ નખત્રાણા તાલુકાના અધિકારીઓનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ગામના વિવિધ સમાજના આગેવાનો દ્વારા અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સરપંચ હુસેન ખલીફાએ મથલ ગામના વિકાસને લગતી મહત્વની રજૂઆતો કરી હતી. જેમાં ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) શરૂ કરવા તેમજ ધોરણ 11 અને 12ની મંજૂરી આપવા માંગ કરવામાં આવી હતી. ઉપરાંત મથલ મધ્યમ સિંચાઈ યોજનામાંથી નવી કેનાલ બનાવવામાં આવે તો મથલ અને અમરાપર ગામના ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે તેમ હોવાથી નવી કેનાલ માટે પણ રજૂઆત કરાઈ હતી.

ગામના પશુપાલકોએ મથલ ખાતે ઘાસ ડેપો ફાળવવા તથા ખેડૂતો દ્વારા જમીન માપણીની કામગીરી હાથ ધરવા અંગે જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોની તમામ રજૂઆતો જિલ્લા કલેક્ટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી નોંધ લીધી હતી.

આ પ્રસંગે ગામના આગેવાનો દશરથસિંહ જાડેજા, નરસિંહભાઈ ભટ્ટ, કરસનભાઈ બદરું, હરેશભાઈ વાઘેલા, હાજી ફકીર મહંમદ સાટી, યુસુફ ખલીફા, હાજી ફકીર મામદ લુહાર, યુસુફ કુંભાર, ઈશ્વરભાઈ પટેલ, ભીમજીભાઈ વણકર, બ્રિજેશ ગોર, સુનિલભાઈ સોની અને ઓસમાણભાઈ પીંજારા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તલાટી યોગેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની રજૂઆતોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રાથમિકતા આપી યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# સંખેડા અને બહાદરપુર પંથકમાં શીતળા સાતમ-અષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ



સંખેડા અને બહાદરપુર પંથકમાં શીતળા સાતમ-અષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે રામજી મંદિર અને મહાદેવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

મહિલાઓ અને પરિવારોએ વહેલી સવારે નદીમાં સ્નાન કર્યા બાદ શીતળા માતાના મંદિરે પહોંચી પૂજા અર્ચના કરી હતી. ભક્તોએ શીતળા માતાને ઠંડા પ્રસાદ, દહીં-ચોખા અને કમળના ફૂલ અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે મહારાજ ભરત અને લાલજી મહારાજે શીતળા માતાની વાર્તા કહી હતી. તેમણે રોગ-બીમારી દૂર કરવા અને સુખ-શાંતિની પ્રાપ્તિ માટે આ પૂજાના મહત્વ વિશે ભક્તોને માહિતગાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગરમીની શરૂઆત સાથે સંખેડા પંથકમાં શીતળા માતાની વિશેષ પૂજા કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ દિવસે શીતળા માતાની પૂજા કરવાથી શીતળા જેવા રોગોથી રક્ષણ મળે છે તેવી માન્યતા છે.

# મહીસાગર જિલ્લાના બાકોર ખાતે MGVCL ની પ્રશંસનીય કામગીરી: વારંવાર ખોટકાતા વીજ પુરવઠાનો કાયમી ઉકેલ લવાયો

જગદીશ ત્રિવેદી મહીસાગર

બાકોર સબ ડિવિઝન દ્વારા ખુટેલાવ અને ભાદર ડેમ જ્યોતિગ્રામ લાઈનમાં ૪.૫ કિ.મી. ઓપન કંડક્ટર બદલી ઈન્સ્યુલેટેડ કેબલ નખાયો.

જિલ્લાના નાગરિકોને સતત અને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે માટે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે બાકોર સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારોમાં વારંવાર વીજ ફોલ્ટ સર્જાતો હોવાની સમસ્યાનું વીજ કંપનીની ટીમ દ્વારા ત્વરિત અને કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બાકોર સબ ડિવિઝનના ઈનચાર્જ નાયબ ઈજનેર શ્રી આર.બી. માલીવાડે આ સમસ્યામાં અંગત રસ દાખવીને પોતાની ટીમ સાથે ફિલ્ડ પર ઉતરીને કામગીરી હાથ ધરી હતી. ટીમ દ્વારા આજે ખુટેલાવ અને ભાદર ડેમ જ્યોતિગ્રામ (JGY) લાઈન પર જે લોકેશન પર વારંવાર ફોલ્ટ સર્જાતા હતા, ત્યાં મેન્ટેનન્સની સઘન કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત આશરે ૪.૫ કિલોમીટર લંબાઈના જૂના ઓપન કંડક્ટરને બદલીને તેની જગ્યાએ નવો અને વધુ સુરક્ષિત ઈન્સ્યુલેટેડ કેબલ નાખવામાં આવ્યો છે.




વારંવાર સર્જાતા વીજ ફોલ્ટમાંથી કાયમી મુક્તિ અપાવવા બદલ અને MGVCL ની ટીમની આ ત્વરિત અને પ્રશંસનીય કામગીરીની સ્થાનિક ગ્રાહકોમાં ભારે પ્રશંસા થઈ રહી છે.



તારીખ ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડો. વિષ્ણુભાઈ પટેલ સાહેબ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, ડો.કલ્પેશભાઈ પટેલ દ્વારા ફિમેલ હેલ્થ વર્કર અને આશા બેનની સાથે રહીને મુલાકાત લેવામાં આવેલ હતી. મુલાકાત દરમિયાન સેઢાલ ગામની સાત દીકરી વાળા લાયક દંપતિની મુલાકાત કરી તેમને કુટુંબ નિયોજન સેવાઓ માટે સમજણ આપવામાં આવી હતી. તેમજ અગાઉ ચાર બાળકો ધરાવતી એક અતિ જોખમી સગર્ભા તેમજ અગાઉ ત્રણ સિઝેરિયન કરાવેલ બીજી અતિ જોખમી સગર્ભાની પણ મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન તેમણે મેડિકલ કોલેજ અથવા પાટણ સિવિલ હોસ્પિટલ ખાતે સુવાવડ કરવા સમજાવવામાં આવ્યું હતું અને આરોગ્ય સ્ટાફને સગર્ભા બેનોની યોગ્ય કાળજી લેવા સૂચન કર્યું હતું. સાથે જ 25 વર્ષના એક ક્ષય રોગના વ્યક્તિની મુલાકાત લેવામાં આવી હતી. તેની સાથે સ્વાસ્થ્ય સંબંધી, દવાની નિયમિતતા બાબત, સરકાર તરફથી મળતી સહાય સંબંધી પૂછપરછ કરેલ હતી.

# મહીસાગર જિલ્લામાં જી.બી.એસ. ના શંકાસ્પદ કેસોને પગલે કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની સૂચનાથી ફૂડ સેફ્ટી વિભાગનું ચેકિંગ



જગદીશ ત્રિવેદી મહીસાગર

મહીસાગર જિલ્લામાં જી.બી.એસ.ના શંકાસ્પદ કેસો ધ્યાને આવતા જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના સીધા માર્ગદર્શન હેઠળ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જિલ્લામાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ગત તા. ૧૭ અને ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ફૂડ સેફ્ટી ટીમ તથા ફૂડ સેફ્ટી વાન (FSW) દ્વારા જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો અને ખાણી-પીણીની પેઢીઓમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. તા. ૧૭ ઓગસ્ટના રોજ ફૂડ સેફ્ટી ટીમ દ્વારા લુણાવાડા ખાતે આવેલ ગવર્મેન્ટ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી કાચી ખાદ્ય સામગ્રી (રો-મટીરીયલ) ના ૬ નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાધે ક્રિષ્ના ઈડલી ઢોસા હાઉસમાંથી ૫ કિલો મેંદો અને ૫ કિલો શેકેલા ચણાના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. હોટલ રાજસ્થાનની તપાસ કરી સ્વચ્છતા જાળવવા બાબતે કડક નોટિસ ફટકારવામાં આવી હતી, જ્યારે અંગારા દાલ બાટી અને લિયો કેફેની પણ સઘન તપાસ કરાઈ હતી. વધુમાં, ફૂડ સેફ્ટી વાન દ્વારા લુણાવાડામાં ૧૯ જેટલી પેઢીઓનું ચેકિંગ કરી વાસી મંચુરિયન, પ્રતિબંધિત કલર અને એક્સપાયર થયેલ ચેરીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના આરોગ્યને પ્રાધાન્ય આપતા ફૂડ સેફ્ટી ટીમે ૧૭ તારીખે જિલ્લાના પાંચ જેટલા છાત્રાલયોની મુલાકાત લઈ ફૂડ સેફ્ટી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં લુણાવાડાના મોટા સોનેલા સ્થિત સરકારી કુમાર છાત્રાલય, ખાનપુરના વાવ્યો ભગતના મુવાડા ખાતે પ્રજ્ઞા મંડળ સંચાલિત શ્રી સરસ્વતી કુમાર છાત્રાલય, મુડાવડેખ ખાતે મહીસાગર જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત નવજીવન કુમાર છાત્રાલય, બામરોડાના શ્રી આદર્શ બક્ષીપંચ કુમાર છાત્રાલય અને છાપરી-બેડવલ્લીના શ્રી આદર્શ કુમાર બક્ષીપંચ છાત્રાલય ખાતે સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવા કડક સૂચનાઓ તેમજ નોટિસ આપવામાં આવી હતી.ો

# બાલાસિનોરમાં ટ્રાફિક સમસ્યા નિવારણ અને રોડ સેફ્ટી અર્થે સેવાલિયા-વીરપુર રોડ પરથી ૨૦૦થી વધુ કાચા-પાકા દબાણો દૂર કરાયા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફિસર સહિત વિવિધ વિભાગોના સંયુક્ત ઉપક્રમે મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરાઈ.બાલાસિનોર શહેરમાં ટ્રાફિક નિયમન, રોડ સેફ્ટી તથા સ્વચ્છતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત રીતે મેગા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સેવાલિયા-બાલાસિનોર-વીરપુર મુખ્ય માર્ગ પર બંને તરફ આવેલા ૨૦૦થી વધુ કાચા અને પાકા દબાણો દૂર કરવામાં આવ્યા હતા.આ કામગીરી અંગે માહિતી આપતાં બાલાસિનોર પ્રાંત અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરમાં રોડ સેફ્ટી,



સ્વચ્છતા અને દબાણોના કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાના કાયમી નિરાકરણ અર્થે આ ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત પ્રથમ તબક્કામાં સેવાલિયા-વીરપુર રોડ પર બંને બાજુ અંદાજે ૧ કિલોમીટર વિસ્તારમાં માર્ગ અવરોધક કાચા-પાકા દબાણો હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ સતત કાર્યરત રહેશે.આ મેગા ડિમોલિશન કામગીરીમાં તાલુકા વહીવટી તંત્ર, બાલાસિનોર નગરપાલિકા, પોલીસ તંત્ર, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તેમજ એમજીવીસીએલ (MGVCL) સહિતના વિવિધ વિભાગોની ટીમોએ સંકલનમાં રહીને સુચારૂ કામગીરી હાથ ધરી હતી.

# વઘઈ તાલુકામાં ઘરેલુ LPG ગેસ સિલિન્ડરની કાળાબજારી ના આક્ષેપો

સુશીલ પવાર | ડાંગ | ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ગરીબ અને સામાન્ય નાગરિકો માટે અત્યંત આવશ્યક એવા ઘરેલુ એલપીજી (LPG) ગેસ સિલિન્ડરના વિતરણમાં મોટા પાયે કાળાબજારી અને ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.સરકાર દ્વારા નિયત કરાયેલા રૂ. 930ના ભાવ સામે ગ્રાહકો પાસેથી રૂ. 1,800 સુધીનો બમણો ભાવ વસૂલવામાં આવતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે,જેના કારણે ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ સમગ્ર કાળાબજારીના મોડસ ઓપરેન્ડીનો ખુલાસો કરતી એક કથિત ઓડિયો ક્લિપ હાલ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. વાયરલ ઓડિયો સંવાદ અનુસાર, એક ગ્રાહક ગેસ સિલિન્ડર મેળવવા માટે સંપર્ક કરે છે ત્યારે સામે પક્ષેથી ચોખ્ખું જણાવવામાં આવે છે કે જો ગ્રાહક પાસે પોતાની અધિકૃત ગેસ ચોપડી (પાસબુક) ન હોય અથવા તો ચોપડી વગર બાટલો જોઈતો હોય, તો તેને 1,800 ચૂકવવા પડશે. આ સંવાદમાં એવું પણ સામે આવ્યું છે કે ચોપડી વગરના બાટલા અન્ય ગ્રાહકોના નામે અથવા ગાડીવાળા મારફતે ભરાવીને ઊંચા ભાવે બારોબાર વેચી દેવામાં આવે છે. ગ્રાહકે ભાવ ઘટાડવાની વિનંતી કરી હોવા છતાં, સામેથી 1,800થી ઓછા ભાવે બાટલો આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો.જોકે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી આ ઓડિયો ક્લિપની સત્યતા કે પ્રમાણિકતા અંગે હજુ સુધી વહીવટી તંત્ર દ્વારા કોઈ અધિકૃત પુષ્ટિ કરવામાં આવી નથી. પરંતુ, જો વાયરલ સંવાદમાં કરાયેલા દાવો સાચા સાબિત થાય, તો તે આવશ્યક ચીજવસ્તુ ધારાના નિયમોનો સીધો ભંગ અને ગ્રાહકોના હિત વિરુદ્ધનો ગંભીર અપરાધ ગણાય.

# હિંડોળા કે ઝૂલા મહોત્સવ

ઝુલત ઝુલે હિંડોળે રાધા મોહન,
ઝુલત ઝુલે હિંડોળે

સાવન માં ઝૂલા ઝૂલવા નો રિવાજ કોણે બનાવ્યો હશે? આ પ્રશ્ન થવો સ્વભાવિક છે દેવી ભાગવત માં "હિંડોળા" નો ઉલ્લેખ થયો છે.પ્રલય કાળ આવતા પૃથ્વી પાતળ માં ડૂબી જતા સંપૂર્ણ ધરા ના સંચાલક અને પાલન કર્તા ભગવાન વિષ્ણુ પણ ક્ષીર સાગર માં શેષ નાગ ની સૈયા માં પોઢી ગયા હતા. કરોડો કાળ બાદ ધરા નું પુનઃ સર્જન કરવા માટે બ્રહ્માજી અને ભગવાન શિવ ની પ્રાર્થના થી વિષ્ણુ ભગવાન આળસ મરડી ને બેઠા થતાજ ભગવાન શિવજી એ બ્રહ્માંડ ની જગત જનની ના આદેશ વિશે જણાવ્યું.માતાજી એ મોકલેલ વિમાન માં બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ એ માતૃ લોક તરફ પ્રયાણ કર્યુ ત્યારે અંતરિક્ષ માં ગોળ ગોળ ભ્રમણ કરતા લોક માં એના જેવાજ દેહ અને આકાર ધરાવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ના દર્શન થયા હતા. માતૃ લોકમાં પ્રવેશતાં જ ઝળહળતા પ્રકાશમાં બ્રહ્માંડ રૂપી સોનાની ખાટ(હીંચકા) પર માઁ જગદંબા બિરાજમાન હતા ને ચાર મહાશક્તિ ધીમે ધીમે ખાટ (હિંચકા) ને ઝુલાવી રહી હતી.માઁ જગદંબા ની દ્રષ્ટિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પર પડતાં જ ત્રણેય પુરુષ માંથી સ્ત્રી બની ગયા હતા. માઈ ભકતો હોંશે હોંશે ગાય છે કે,

ઝુલે ઝૂલે છે ગબ્બર ની માત આંબા ઝુલે છે,
મા ને ઝૂલે તે ઝૂલવા ની હોંશ ઘણી,
ભક્ત ઝુલાવે ખમ્મા ખમ્મા કહી

ભગવાન શ્રી કૃષ્ણ નો જન્મ મથુરા માં થયો હતો પણ એણે બાર વર્ષ સુધી ગોપ ગણો,ગોપીઓ અને પરમ સ્વામીની રાધાજી સાથે વિવિધ લીલાઓ કરી હતી. આજે પણ વૃંદાવન ના વન માં રાધા કૃષ્ણ ના અમર પ્રેમ ની લીલાઓ જીવંત છે.સૂરદાસ જી જેવા સમર્પિત ભક્ત ને જ રાધા કૃષ્ણ ની લીલા ના દર્શન થાય છે.સૌ પ્રથમ શ્રાવણ મહિનામાં વૃંદાવનના વડલાની વડવાઈ ને બાંધી ને એનો હિંડોળો બનાવી ને વિવિધ રંગોના ફૂલો થી સજાવી ને ભગવાન શ્રી કૃષ્ણ એ રાધાજી ને એના પર પ્રેમ થી ઝુલાવ્યા હતા.ભગવાન શ્રી કૃષ્ણ એ બનાવેલ હિંડોળો રાધાજી ને ખૂબ પસંદ પડતા ગોપીઓએ નિત્ય યુગલ સ્વરૂપ રાધા કૃષ્ણ ને વિવિધ પ્રકાર ના જૂઈ,ચંપા, ચમેલી, મોગરા ના ફૂલોના,ફળોના, વિવિધ રંગોના પાન ના, મોર પીછ ના વગેરે વગેરે થી સુંદર હિંડોળા બનાવી ને એના પર રાધા કૃષ્ણ ને બેસાડી ને વરસાદ ની ઋતુ ને અનુરૂપ પ્રણય ગીતો ગાતા ગાતા ઝુલાવતા હતા. આ ધરા પર રાધા કૃષ્ણ ના અનન્ય પ્રેમ નું વર્ણન કવિઓ, ગ્રંથો વગેરે સાહિત્ય માં ખૂબ લખાયું ને ગવાયું છે. મનુષ્ય એ સ્વ સુખ ના સ્વાર્થ માટે "પ્રેમ" શબ્દ નો ઉપયોગ કરે છે પણ પ્રેમ એટલે આત્મા નું મિલન જેમાં યુગલ સ્વરૂપ સાથે તો છે પણ બન્નેનું બંધન આત્મીય છે એટલે તો આજે પણ વૃંદાવન ના વન માં



- રુપાલી દવે

ભગવાન શ્રી કૃષ્ણ એના પરમ આત્મીય પ્રેમ ગોપીઓની મધ્ય માં બિરાજેલ રાધાજી માટે સાવન માસમાં ઝૂલા ઝૂલવા પધારે છે. પુષ્ટિ સંપ્રદાય માં રાધા કૃષ્ણ ના હિંડોળા મહોત્સવ શ્રાવણ વદ પડવા થી લઈને ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા ૩૨ દિવસ સુધી ચાલે છે.૩૨ દિવસ માં ઠાકોરજી ના ચાર ભાવ નંદલાલ, ગિરિરાજ, કુંજ,યમુના પુલિન ના હિંડોળા દર્શન માં વૃંદાવન ની વિવિધ ઝાંખી ના દર્શન કરાવવા માં આવે છે. હવેલીઓ માં હિંડોળા કિર્તન ની ધૂમ માં ભક્તો હર્ષોલ્લાસ સાથે ગાય છે કે..

ઝુલત લાલ ગોવર્ધનધારી, શોભા બરની ન જાઈ,
વામ ભાગ વૃષભાન નંદિની, નવ સત અંગ બનાઈ..

શિવ પુરાણ અનુસાર શ્રાવણ માસ આવતા જ ભગવાન શિવજી તપશ્ચર્યા માંથી ઊઠીને આંખ ખોલે છે ત્યારે ચારેય તરફ ધરા પર હરિયાળી છવાઈ ને વાતાવરણ પુનઃ નવા શણગાર સજી ને શિવ પાર્વતીના દર્શન કરવા તત્પર બની જાય છે.વિચારો જે ભક્ત પર અનાયસે શિવ પાર્વતી બન્નેની સાથે કૃપા થાય એ કેટલો ભાગ્યશાળી હશે.આ જગત ના માતાપિતા ની સાથે કૃપા આશીર્વાદ મેળવવા માટે શ્રાવણ માસ માં ઠેર ઠેર ઝૂલા મહોત્સવ નું આયોજન કરવામાં આવતું હોય છે. કહેવાય છે કે માતા પાર્વતી ને ખુશ કરવા સ્વયં ભગવાન સદાશિવ એ પત્ની માટે ઝૂલો બનાવ્યો હતો.આ ઝૂલા પર માતા પાર્વતી ને બેસાડી ને પ્રેમ થી ઝૂલે ઝુલાવ્યા હતા.માન્યતા અનુસાર સાવન માં પતિ એની પત્ની નો ઝૂલા ઝુલાવે તો સાત જન્મ સુધી ભગવાન શિવ અને પાર્વતીજી ના પ્રેમ ની માફક અતૂટ રહે છે.


આ કારણોસર સાવન માસ માં ભારત ના મોટાભાગ ના ઉત્તર ભારત ના પ્રદેશો માં પતિઓ એની પત્નીઓના ઝૂલા હસી મજાક કે ફિલ્મી ગાયન ગાતા ગાતા પ્રેમ થી ઝુલાવતા હોય છે. આ રીવાજ કે પરંપરા માં આનંદભર્યા વાતાવરણ માં ઝૂલા મહોત્સવ ઉજવતા હોય છે.ચોમાસા ના ચાર માસ માં અષાઢ માસ માં વરસાદ એ અતિ રૌદ્ર રૂપ ધારણ કરીને અનરાધાર વીજળી ના કડાકા ભડાકા સાથે વરસતો હોય છે ત્યારે માનવજીવન સહિત બધું સ્થિર બની જતું હોય છે.અષાઢ માસમાં અનરાધાર વરસાદ માં આકાશ અને ધરતીના મિલન થાય છે ત્યારે નદીઓમાં પૂર આવતા એ ગાંડીતુંર બનતા ધસમસતા પ્રવાહ માં સાગર તરફ પૂર ઝડપે પ્રયાણ કરે છે. આ કારણોસર આપણા ધાર્મિક શાસ્ત્રો અને વિજ્ઞાન કહે છે કે અષાઢ માસ માં નદીઓમાં સ્નાન વર્જ્ય સમજો. અષાઢ બાદ શ્રાવણ માસ આવતા જ જીવ નું શિવ સાથે મિલન થતા કુદરત ખુશી થી ઝૂમી ઊઠે છે.શ્રવણ માસ માં ધીમી ધારે પ્રેમિકા સાથે અટખેલી ખેલતા વરસાદ માં વ્રતો અને તહેવારો માં ભક્તો નો સજી ધજી ને શિવ મંદિર તરફ ધસારો વધી જાય છે ને ભગવાન શિવ અને પાર્વતીજી ને હિંડોળે ઝુલાવતા ભક્તો ગાય છે,

પાર્વતીજી પૂછે ભોળાનાથને,
સ્વામીજી મારે ઘેર પધારો રે,
રૂડાં ઝૂલાવશું તમને કૈલાશમાં,
ભક્તજન ગાયે મંગળાચાર રે.

કવિ કાલિદાસે એના કાવ્યો ઋતુ સંહાર,વિક્રમોર્વશીયમ્ અને અભિજ્ઞાનશાકુંતલમ્ માં ઝૂલા કે હીંચકા નો ઉલ્લેખ કર્યો છે.પ્રાચીન સમય માં ઝૂલો, હિંચકો કે હિંડોળો એ રાજા રજવાડા અને અમીર ઘરોની વિશેષ શોભા હતી.વૈભવી મહેલ ના દિવાને ખાસ માં બરોબરી મધ્યે સાગ શીસમ ના મજબૂત લાકડા પર સોના ચાંદીની બારીક કોતરણી કરેલ હિંચકા ને મલખમલ ના ગાદી તકીયા બિછાવી ને તૈયાર કરવામાં આવતો હતો. જ્યારે રાજાઓ દીવાને ખાસ માં એના નજીક ના દરબારીઓ કે મિત્રો સાથે મળતા ત્યારે શાહી અંદાજ માં સુંદર રીતે સજાવેલા સોના ચાંદી ની બારીક કોતરણી વાળા ઝૂલા માં બિરાજતા હતા. અમીર લોકો ના ઝૂલા માં પણ સાગ શીસમ નું કિંમતી મજબૂત લાકડું વપરાતું હતું પણ લાકડા પરની કોતરણી સોના ચાંદી ના બદલે પિત્તળ અને જર્મન સિલ્વર ની જોવા મળતી હતી. આજે સોના ચાંદી કે સાગ શીસમ ના સુંદર કોતરણી વાળા વૈભવી હિંડોળા મ્યુઝિમો માં જોવા મળશે. આનો મતલબ એ નથી કે હિંચકા કે હિંડોળા કે ઝૂલા વિસરાતી જતી વાનગીઓ ની માફક ગુમનામ બની ગયા છે.આનો અર્થ એ નથી કે હિંચકા નો શોખ અને ફેશન નામશેષ બની ગયા છે.સાચું કહું મારા જેવા ઘણા લોકો ના ઝૂલા પર ઝુલ્યા વગર દિવસ રાત વીતતા નથી.ઘરની શોભા કરતા વધારે હિંચકો એ પરિવાર ના સભ્યો ની પર્સનલ સ્પેસ હોય છે એટલે તો મોટાભાગ ના ગુજરાતીઓ ના ઘરો ના બેઠક ખંડ,વરંડા અને બાલ્કની વગેરે વચ્ચે ઝૂલતાં ઝૂલા,હિંચકા કે હિંડોળા ને વાસ્તુ શાસ્ત્ર નડતા નથી.

# કાર્તિક આર્યનને શૂટિંગ દરમિયાન ગંભીર ઈજા...

## એક્શન સીન દરમિયાન ઘૂંટણમાં વાગ્યું, ટૂંક સમયમાં સર્જરી થશે; કબીર ખાનની ફિલ્મ અટકી




(એજન્સી) મુંબઈ | તા 19

કાર્તિક આર્યનને ફિલ્મમેકર કબીર ખાનની આગામી અનટાઈટલ્ડ ફિલ્મની શૂટિંગ દરમિયાન ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ છે. તે એક એક્શન સીનની શૂટિંગ કરી રહ્યો હતો.આ ઈજા ફિલ્મના શૂટિંગના છેલ્લા શેડ્યૂલમાં થઈ. શૂટિંગ બે દિવસ પછી પૂરું થવાનું હતું. ઈજા થયા પછી કાર્તિકને સારવાર માટે કસબાની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.

ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, કાર્તિક આ મુશ્કેલ એક્શન સીન પહેલા એક્શન કોચ સાથે સઘન તાલીમ લઈ રહ્યો હતો. આ દરમિયાન એક સીનનું શૂટિંગ કરતી વખતે તેના ઘૂંટણમાં ઈજા થઈ.

પ્રોડક્શન સાથે સંકળાયેલા એક સૂત્ર અનુસાર, 'કાર્તિકને હવે ફોર્ટિસ રાહેજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે. ડોકટરો એક દિવસ પછી તેના ઘૂંટણની સર્જરી કરશે. આ પછી તેને થોડા દિવસ આરામ કરવો પડશે. ત્યારબાદ તે પોતાની કામની જવાબદારીઓ ફરી શરૂ કરી શકશે.'

સર્જરી પછી કાર્તિકને સાજા થવા માટે થોડો સમય કામથી દૂર રહેવાની અપેક્ષા છે. ફિટ થયા પછી તે કબીર ખાનની અનટાઈટલ્ડ ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરી શકે છે.

કાર્તિકે ડોપામાઈન સ્ટુડિયોઝ સાથે ફિલ્મ પ્રોડક્શનમાં પણ પગ મૂક્યો છે. તે કબીર ખાન સાથે આવનારી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' પછી કબીર ખાન સાથે કાર્તિકની બીજી ફિલ્મ છે.

**કાર્તિકની આગામી ફિલ્મો** | કબીર ખાનની ફિલ્મ ઉપરાંત કાર્તિક પાસે ઘણા પ્રોજેક્ટ્સ છે. તે આગામી સમયમાં મૃગદીપ સિંહ લાંબાના ડિરેક્શનમાં બનેલી ફેન્ટેસી-કોમેડી-એડવેન્ચર ફિલ્મ 'નાગઝિલા'માં જોવા મળશે. કાર્તિક 'કેપ્ટન ઈન્ડિયા'નો પણ ભાગ છે, જે તેની આવનારી ફિલ્મોમાં સામેલ છે.

ફિલ્મ 'માયસા'ના શૂટિંગ દરમિયાન ડાન્સ સીક્વન્સ કરતી વખતે તાજેતરમાં રશ્મિકા મંદાનાને ઈજા થઈ હતી. રશ્મિકાએ જણાવ્યું હતું કે, તેના જમણા હિપને પગ સાથે જોડતો એક ટેન્ડન અલગ થઈ ગયો હતો.

તેને ફરીથી જોડવા માટે રિકવરી અને આરામની જરૂર છે. રિપોર્ટ્સ અનુસાર, 'માયસા'ના ડાન્સ સીક્વન્સ દરમિયાન તે લપસી ગઈ હતી. આ તેના કરિયરની સૌથી વધુ આક્રમક અને ફિઝિકલ ફિલ્મોમાંની એક હોવાનું કહેવાય છે.

# 'સોનાક્ષીની ટ્રોલિંગ પાછળ BJP IT સેલ':શત્રુઘ્ન સિંહાનો ગંભીર આરોપ, એક્ટ્રેસના રાજકારણમાં પ્રવેશ અંગે પણ ખુલાસો કર્યો



(એજન્સી) મુંબઈ | તા 19

પીઢ એક્ટર અને રાજનેતા શત્રુઘ્ન સિંહાએ તાજેતરમાં કહ્યું છે કે, તેમની દીકરી સોનાક્ષી સિંહાની ઓનલાઈન ટ્રોલિંગ પાછળ ભાજપનો IT સેલ છે. એબીપી ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં તેમને સોનાક્ષીના સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર સ્પષ્ટવક્તા રહેવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો. આના પર સિંહાએ કહ્યું કે, 'સોનાક્ષી એક સમજદાર છોકરી છે અને તેમને ખબર છે કે ક્યારે અને કયા મુદ્દા પર પોતાની વાત રજૂ કરવી.'

ઈન્ટરવ્યુમાં શત્રુઘ્ન સિંહાને પૂછવામાં આવ્યું કે, સોનાક્ષી પર આરોપ લાગ્યા કે તેમણે CJPના જંતર-મંતરના પ્રદર્શન પર ખુલ્લેઆમ અભિપ્રાય આપ્યો હતો, પરંતુ ઝારખંડમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા તાજેતરના મામલામાં તે ચૂપ જોવા મળ્યા? આના પર શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે, 'થોડા દિવસો પહેલા સોનાક્ષી તરફથી ઝારખંડના બાળકોના સમર્થનમાં ખૂબ જ જબરદસ્ત, ખૂબ જ સ્પષ્ટ અને ખૂબ જ મજબૂત સમર્થન આવ્યું હતું.'

સોનાક્ષીના ભવિષ્યમાં રાજકારણમાં આવવાના પ્રશ્ન પર શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે, 'હું કહી શકતો નથી, પરંતુ સોનાક્ષી વર્થી ફાધર (કાબિલ પિતા)ની મોસ્ટ વર્થી ડોટર (સૌથી કાબિલ દીકરી) છે.'

સોનાક્ષીની સોશિયલ મીડિયા ટ્રોલિંગ પર પણ શત્રુઘ્ન સિંહાએ દાવો કર્યો કે, તેમની દીકરી વિરુદ્ધ થતી ટ્રોલિંગ પેઈડ ટ્રોલ્સ દ્વારા થાય છે.

તેમણે આરોપ લગાવ્યો કે, 'ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા કેટલાક લોકો અને IT સેલ આવા ટ્રોલ્સ દ્વારા વિરોધ કરનારાઓને નિશાન બનાવે છે.'

તેમણે કહ્યું કે, 'ઘણીવાર આવા ટ્રોલ્સને પોતે જ ખબર નથી હોતી કે તેમને શું લખવું છે. તેમને તૈયાર કન્ટેન્ટ કે ડ્રાફ્ટ આપવામાં આવે છે અને તેઓ તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દે છે.'

### 'સોનાક્ષી ટ્રોલ્સને ગંભીરતાથી લેતી નથી'

શત્રુઘ્ન સિંહાએ જૂના સોશિયલ મીડિયા ટ્રેન્ડ્સનું ઉદાહરણ આપતા દાવો કર્યો કે પહેલા પણ ઘણા ફિલ્મ સ્ટાર્સ અને સ્પોર્ટ્સ સાથે જોડાયેલા લોકોના ટ્વીટ એકસરખા જોવા મળતા હતા. તેમણે કહ્યું કે, 'ઘણીવાર તેમના શબ્દો, વિરામચિહ્નો અને અહીં સુધી કે ડોટ-કોમા (પૂર્ણવિરામ-અલ્પવિરામ) પણ એકસરખા હોય છે.'
તેમણે કહ્યું કે, 'સોનાક્ષી આ ટ્રોલ્સને વધારે ગંભીરતાથી લેતી નથી. સોનાક્ષીએ પણ કહ્યું છે કે, તે ટ્રોલિંગને જોતી જ નથી.'

CJP પ્રોટેસ્ટના સમર્થનમાં ઘણી પોસ્ટ કરી હતી

નોંધનીય છે કે, સોનાક્ષીએ જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સમર્થનમાં ઘણી પોસ્ટ કરી હતી.
એક્ટ્રેસે ઝારખંડના વિદ્યાર્થી પ્રદર્શનને લઈને પણ સમર્થન વ્યક્ત કર્યું હતું.
રાંચીમાં વિદ્યાર્થીઓ JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓની સ્વતંત્ર તપાસ અને ભરતી પ્રક્રિયામાં સુધારાની માંગ કરી રહ્યા હતા. ત્યારે સોનાક્ષીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, 'આપણા દેશના વિદ્યાર્થીઓને આ રીતે પરેશાન થતા જોઈને દુ:ખ થાય છે. આ ક્યારે અટકશે?'

# શાહરુખના ઘર 'મન્નત'માં બે સાપ ઘૂસ્યા:રેસ્ક્યૂ ટીમે 8 ફૂટ લાંબો એક સાપ પકડ્યો, બીજાની શોધખોળ ચાલુ



(એજન્સી) મુંબઈ | તા 19

શાહરુખ ખાનના મુંબઈ સ્થિત પ્રખ્યાત બંગલા 'મન્નત'માં 17 ઓગસ્ટે લોનમાં બે સાપ દેખાયા. સુરક્ષાના કારણોસર તરત જ રેસ્ક્યુ ટીમને બોલાવવામાં આવી. ટીમે એક સાપ પકડી લીધો છે. જોકે, બીજો સાપ હજુ પણ બંગલામાં જ છે.
સોમવારે રાત્રે લગભગ 8 વાગ્યે એક સ્નેક રેસ્ક્યુઅરને 'મન્નત'ની અંદર બે સાપ દેખાયા હોવાની જાણકારી આપવામાં આવી. આ પછી બંગલામાં શોધખોળ શરૂ કરવામાં આવી, જેમાં એક સાપને સુરક્ષિત પકડી લેવામાં આવ્યો.રેસ્ક્યુ કરાયેલા સાપની લંબાઈ લગભગ 8 ફૂટ હતી. તેની ઓળખ ધામણ તરીકે થઈ, જેને ઈન્ડિયન રેટ સ્નેક પણ કહેવાય છે. આ સાપ બિન-ઝેરી હોય છે અને બંગલાના પરિસરમાં એક સીડી નીચે છુપાયેલો મળ્યો. બચાવ પ્રયાસો સંપૂર્ણપણે સફળ રહ્યા ન હતા. પરિસરમાં લોકોની અવરજવર શરૂ થતાં બીજો સાપ ભાગી ગયો. મોડી સાંજ સુધી તેની શોધ ચાલુ રહી, પરંતુ તે મળ્યો નહીં.
રિપોર્ટ્સ અનુસાર, સાપ બિન-ઝેરી હોવાની જાણકારી મળ્યા બાદ મન્નતના સિક્યુરિટી ગાર્ડ્સ અને સ્ટાફે રાહત અનુભવી.
આ બંગલાનું સત્તાવાર નામ 'મન્નત લેન્ડ્સ એન્ડ' છે. તે મુંબઈના બાંદ્રા વિસ્તારના બેન્ડસ્ટેન્ડમાં આવેલો છે. દરિયાની સામે બનેલો શાહરુખનો આ બંગલો સમય જતાં મુંબઈના પ્રખ્યાત સ્થળોમાંનો એક બની ગયો છે. શાહરુખને જોવાની આશામાં ચાહકો અવારનવાર બંગલાની બહાર એકઠા થાય છે. નોંધનીય છે કે, શાહરુખ ખાનના બંગલા 'મન્નત'માં છેલ્લા કેટલાક મહિનાઓથી રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે, પરિણામે તે પોતાના પરિવાર સાથે ગયા વર્ષે એપ્રિલમાં મુંબઈના બાંદ્રાના લક્ઝરી અપાર્ટમેન્ટમાં રહેવા ગયો છે.

# કંગના રનૌત સિદ્ધિવિનાયક મંદિર પહોંચી

## :મુંબા દેવીના પણ દર્શન કર્યા : કહ્યું- 'રીલ કલ્ચર અને માનસિક નક્સલવાદ અમારા માટે મોટો પડકાર'



(એજન્સી) મુંબઈ | તા 19

બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌત મંગળવારે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરે પહોંચી. તેણે મંદિરમાં ભગવાન ગણેશના દર્શન કરી પૂજા-અર્ચના કરી અને ત્યાં થોડો સમય વિતાવ્યો.
મંદિર દર્શન દરમિયાન કંગના પીળી સાડીમાં જોવા મળી, જેના પર ગોલ્ડન બોર્ડર હતી. તેણે આ સાથે મેચિંગ બ્લાઉઝ અને ઓરેન્જ-ગોલ્ડન દુપટ્ટો પહેર્યો હતો. લાલ બિંદી, સિમ્પલ જ્વેલરી અને મિનિમલ મેકઅપથી તેણે પોતાનો લુક પૂરો કર્યો.
મંદિરમાં દર્શન કર્યા બાદ કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી. કંગનાએ પોતાની પોસ્ટ દ્વારા જણાવ્યું કે, તેણે સિદ્ધિવિનાયક મંદિરની સાથે મુંબઈના માતા શ્રી મુંબા દેવી મંદિરના પણ દર્શન કર્યા. તેણે લખ્યું, 'આજે મુંબઈના રાજા શ્રી સિદ્ધિવિનાયકજી અને મુંબઈના માતા શ્રી મુંબા દેવીના દર્શન કર્યા.'
સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા કંગનાએ કહ્યું, 'અમારા સિદ્ધિવિનાયક ભગવાન સમગ્ર મુંબઈ ક્ષેત્રના રક્ષક છે. જ્યારે પણ આવું છું, ત્યારે તેમના દર્શન કરવાનું સૌભાગ્ય મળે છે. આજે વધારે ખાસ છે. જે અહીંના ભાજપના કાર્યકર્તાઓ છે, તેમણે મને ગણપતિ ભેટ પણ આપી.'
તેણે આગળ કહ્યું, 'ભાજપમાં જે અમારી ટીમ છે, તેનું સશક્તિકરણ થયું. આજના અમારા જે પડકારો છે, ભલે તે માનસિક નક્સલવાદ કહી લો, ભલે તે બાકીની જે એક વિચારધારા છે. જેમ આપણે જોઈ રહ્યા છીએ કે ન્યૂઝપેપર, ટેક્સ્ટબુક અને માતા-પિતાના માર્ગદર્શનથી વધીને આજે સોશિયલ મીડિયા, રીલ કલ્ચર. તેની સામે લડવા માટે એક તો વધુ મહિલાઓને જે રીતે સંપૂર્ણપણે સામેલ કરવામાં આવી છે, યુવાનોને સામેલ કરવામાં આવ્યા છે.'

## મિસ્ટ્રી મેન સાથે ડાયમંડ રિંગ ફ્લોન્ટ કરી, ચાહકોએ કરણ ઔજલા સાથે નામ જોડ્યું...

# 'ધુરંધર' ફેમ આયેશા ખાને સગાઈ કરી લીધી!

(એજન્સી) મુંબઈ | તા 19

રણવીર સિંહની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર'ના હિટ ગીત 'શરારત'માં જોવા મળેલી આયેશા ખાન સગાઈની તસવીરોથી ચર્ચામાં આવી ગઈ છે. એક્ટ્રેસે તાજેતરમાં સોશિયલ મીડિયા પર સગાઈની થીમ જેવી તસવીરો શેર કરી, જેમાં તે ડાયમંડ રિંગ પણ ફ્લોન્ટ કરતી જોવા મળી છે. જોકે, ઘણા ચાહકોનું માનવું છે કે આ તેના કોઈ ગીતનો પબ્લિસિટી સ્ટંટ હોઈ શકે છે. જ્યારે કેટલાક લોકો તસવીરોમાં દેખાયેલા મિસ્ટ્રી મેનની સરખામણી સિંગર કરણ ઔજલા સાથે કરી રહ્યા છે.
આયેશા ખાને સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરતા લખ્યું છે, 'એક સપનું.' આયેશા ખાનની પોસ્ટમાં રાખી સાવંત, અર્ચના ગૌતમ, રશ્મિ દેસાઈ જેવા સેલેબ્સે તેમને કમેન્ટ કરીને અભિનંદન પાઠવ્યા. રશ્મિએ લખ્યું છે, 'પ્રાર્થના છે કે તારા બધા સપના પૂરા થાય.' જ્યારે અર્ચનાએ આયેશાને શુભેચ્છાઓ પાઠવી.
આયેશા ખાનની આ તસવીરો કોઈ જ્વેલરી બ્રાન્ડનું પ્રમોશન હોઈ શકે છે. તેણે પોતાની પોસ્ટના કેપ્શનમાં એક જ્વેલરી બ્રાન્ડનો ઉલ્લેખ કરતા લખ્યું છે, 'તમારી પરફેક્ટ ડાયમંડ એન્ગેજમેન્ટ રિંગ અહીં મેળવો.'
આયેશા ખાનને 'બિગ બોસ 17'થી ઓળખ મળી હતી. તે શોમાં વાઈલ્ડ કાર્ડ કન્ટેસ્ટન્ટ તરીકે સામેલ થઈ હતી અને શોમાં તેણે મુનવ્વર ફારૂકી પર ચીટિંગના આરોપ લગાવ્યા હતા. આયેશાએ દાવો કર્યો કે, મુનવ્વર તેની સાથે રિલેશનશિપમાં હતો, જ્યારે બાદમાં તેને ખબર પડી કે તે કોઈ બીજી છોકરી સાથે પણ હતો.
તેણે જણાવ્યું હતું કે, મુનવ્વરે પોતાની એક્સ વાઈફ સાથે પણ ચીટ કર્યું છે. આયેશાએ એ પણ કહ્યું હતું કે, મુનવ્વર એક સાથે ઘણી છોકરીઓ સાથે સંબંધમાં રહ્યો છે. આયેશાની શોમાં એન્ટ્રીથી ઘણો ડ્રામા થયો હતો.
'ધુરંધર'ના ગીત 'શરારત'માં આયેશા ખાન ક્રિસ્ટલ ડિસોઝા સાથે જોવા મળી હતી. ગીત જબરદસ્ત હિટ રહ્યું અને આયેશાને દેશભરમાં ઓળખ મળી. આ ગીતને યુટ્યુબ પર 810 મિલિયન વ્યૂઝ મળી ચૂક્યા છે.
'પિંકવિલા'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં આયેશાએ કહ્યું હતું કે, 'શૂટિંગ બે દિવસ ચાલ્યું. આ ખૂબ જ વ્યસ્તતાભર્યું હતું. શૂટિંગ દરમિયાન મને પીરિયડ્સ હતા અને તમે જાણો છો કે તમે ફૂલેલા હોવાને કારણે તમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતા નથી.'
તેણે આગળ કહ્યું હતું કે, 'કાશ, હું મારા પૂરા જોશમાં હોત. બે દિવસમાં આટલું બધું કામ હતું, સમય ખૂબ ઓછો હતો. અમે ખૂબ થાકી ગયા હતા, આટલું નાચ્યા પછી અમારા હાડકાં દુખી રહ્યા હતા.'








# 'શું તમને બીફ ગમ્યું?...'

## કેરલમમાં પ્રશ્ન પૂછાતા એક્ટ્રેસ માલવિકા શર્મા અસ્વસ્થ થઈ ગઈ; યુઝર્સે સવાલ પૂછનારની ઝાટકણી કાઢી...

(એજન્સી) મુંબઈ | તા 19

સાઉથ એક્ટ્રેસ માલવિકા શર્મા તાજેતરમાં કેરલમમાં એક રિપોર્ટરના પ્રશ્નથી અસ્વસ્થ થઈ ગઈ, જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, શું તેને બીફ પસંદ આવ્યું? જેના પર એક્ટ્રેસે કહ્યું કે, તે શાકાહારી છે. રિપોર્ટરના પ્રશ્નને લઈને સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે નારાજગી વ્યક્ત કરી.
વાસ્તવમાં માલવિકા શર્મા પોતાની આગામી ફિલ્મ 'ખલીફા'ના પ્રમોશન દરમિયાન કેરલમમાં મીડિયા સાથે વાતચીત કરી રહી હતી. આ દરમિયાન તેને પૂછવામાં આવ્યું કે, કેરલમમાં તમને કયું ભોજન પસંદ આવ્યું? જેના પર તેણે કહ્યું કે, 'મને ઘણું બધું ભોજન ચાખવાનો સમય મળ્યો નથી, પરંતુ સામાન્ય રીતે મને લાગે છે કે મેં ઘણા બધા ભાત, ગ્રેવી અને કરી જેવી વસ્તુઓ ખાધી છે.'
આ પછી તેને એક રિપોર્ટરે પૂછ્યું, શું તમને બીફ ગમ્યું? આ પ્રશ્ન પર માલવિકા થોડી અસ્વસ્થ દેખાઈ અને તેણે જવાબ આપ્યો, 'હું શાકાહારી છું, તેથી મેં બીફ ચાખ્યું નથી.'
સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે રિપોર્ટરના આ પ્રશ્નને લઈને નારાજગી વ્યક્ત કરી. એક X (અગાઉ ટ્વિટર) યુઝરે લખ્યું, 'શું આવો મૂર્ખતાભર્યો પ્રશ્ન પૂછવો ખરેખર જરૂરી હતો?' જ્યારે બીજા યુઝરે કહ્યું, 'તે માત્ર વિવાદ ઊભો કરવા માંગે છે.'
અન્ય એક યુઝરે દાવો કર્યો કે, આ જ કેરલમ મીડિયાએ ફિલ્મ પ્રમોશન દરમિયાન પ્રિયા પ્રકાશને ભગવા રંગના કપડાં પહેરવા બદલ પણ ટોણા માર્યા હતા. માલવિકા શર્મા એક એક્ટ્રેસ



અને મોડલ છે, જે મુખ્યત્વે તેલુગુ ફિલ્મોમાં કામ કરે છે. તેનો જન્મ 26 જાન્યુઆરી 1999ના રોજ મુંબઈમાં થયો હતો. તેણે વર્ષ 2018માં રવિ તેજા સાથે ફિલ્મ 'નેલા ટિકિટ'થી એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી.
ત્યારબાદ 2021માં તે ફિલ્મ 'રેડ'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણે મહિમાનું પાત્ર ભજવ્યું હતું. માલવિકાએ તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ કામ કર્યું. 2022માં તે 'કોફી વિથ કાધલ'માં દેખાઈ હતી. ત્યારબાદ 2024માં તેણે તેલુગુ ફિલ્મો 'ભીમા' અને 'હરોમ હારા'માં કામ કર્યું. નોંધનીય છે કે, માલવિકાએ રિઝવી લો કોલેજમાંથી એલએલબીનો અભ્યાસ કર્યો, જેમાં ક્રિમિનોલોજી તેનું સ્પેશિયલાઈઝેશન રહી.
માલવિકાના આગામી પ્રોજેક્ટ્સની વાત કરીએ, તો તે મલયાલમ ફિલ્મ 'ખલીફા' અને કન્નડ ફિલ્મ 'બૃંદાવિહારી'માં જોવા મળશે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઇલાઇટ**

## ઓલિમ્પિક પદક વિજેતા ગગન નારંગ દ્વારા અવસર પહેલ શરૂ



(એજન્સી) હૈદરાબાદ । તા. 19

ભારતીય રમતગમત જગતમાંથી એક અત્યંત ભાવનાત્મક અને પ્રેરણાદાયી સમાચાર સામે આવ્યા છે, જ્યાં દેશના જાણીતા ઓલિમ્પિક પદક વિજેતા શૂટર ગગન નારંગે પોતાની દિવંગત માતાની યાદમાં એક મોટી પહેલ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગગન નારંગે પોતાના લંડન ઓલિમ્પિક્સના બ્રોન્ઝ મેડલ વિજયની વર્ષગાંઠના દિવસે એટલે કે 30 જુલાઈએ 'અવસર' નામક પહેલની શરૂઆત કરી છે. આ પહેલ 'પ્રોજેક્ટ અમરજીત'નો એક ભાગ છે, જેનું નામ તેમણે પોતાની સ્વર્ગસ્થ માતા અમરજીત નારંગના નામ પરથી રાખ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મહત્વાકાંક્ષી યુવા શૂટર્સ અને જે ખેલાડીઓ આર્થિક મુશ્કેલીઓના કારણે સાધનો ખરીદી શકતા નથી તેમને એક હજાર ટીન (દરેકમાં 500 પેલેટ્સ) મફતમાં વિતરણ કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે વાત કરતા ગગન નારંગ અત્યંત ભાવુક થઈ ગયા હતા અને તેમણે જણાવ્યું કે ચૌદ વર્ષ પહેલાં તેમણે ઓલિમ્પિક પોડિયમ પર ઊભા રહીને જે ઇતિહાસ રચ્યો હતો તેણે તેમના જીવનનો હેતુ બદલી નાખ્યો હતો. તેમણે કહ્યું કે આજના દિવસે તેમની માતા તેમને શબ્દોમાં વ્યક્ત ન થઈ શકે તેટલી યાદ આવી રહી છે. તેમની માતા પ્રત્યેક સ્પર્ધા પહેલા તેમની સાથે એક ખાસ જોડાણ અનુભવતી હતી અને માત્ર અવાજ સાંભળીને જ તેમની માનસિક સ્થિતિ જાણી લેતી હતી. પોતાની માતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા તેમણે જણાવ્યું કે આ પ્રોજેક્ટ દ્વારા તેઓ તે તમામ બાબતો પાછી આપવા માંગે છે જે તેમને પોતાની કારકિર્દીની શરૂઆતમાં સરળતાથી ઉપલબ્ધ નહોતી થઈ. જ્યારે આ પ્રોજેક્ટની કાર્યપદ્ધતિ અને સહાયની પ્રક્રિયા વિશે જાણવામાં આવ્યું, ત્યારે સ્પષ્ટ થયું કે નારંગની 'ગન ફોર ગ્લોરી એકેડમી' દ્વારા દેશભરમાંથી રસ ધરાવતા શૂટર્સ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. લાભાર્થીઓની પસંદગી કરતી વખતે તેમની વાસ્તવિક જરૂરિયાત, તેમની ક્ષમતા અને પ્રતિભાનું ગંભીર મૂલ્યાંકન કરવામાં આવે છે.

## ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મુકેશ કુમાર દ્વારા હરમાનપ્રીત સિંહ એન્ડ કંપની માટે મહત્વના માર્ગદર્શક સૂચનો



(એજન્સી) હૈદરાબાદ । તા. 19

હોકી જગતમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતના મહાન અને ફાસ્ટ રાઈટ-વિંગર તથા ભૂતપૂર્વ કેપ્ટન એન. મુકેશ કુમારે બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં યોજાઈ રહેલા એફઆઈએચ મેન્સ હોકી વર્લ્ડ કપને લઈને ભારતીય ટીમ અંગે મોટું નિવેદન આપ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હરમાનપ્રીત સિંહના નેતૃત્વમાં રમી રહેલી ભારતીય ટીમ પાસે આ વૈશ્વિક સ્પર્ધામાં યાદગાર પ્રદર્શન કરવાની પૂરી ક્ષમતા છે, અને કેપ્ટન હરમાનપ્રીત જ ટીમની સફળતાની મુખ્ય ચાવી સાબિત થશે.

ભૂતપૂર્વ ઓલમ્પિયન મુકેશ કુમારે પોતાના અનુભવના આધારે જણાવ્યું કે આજના સમયમાં ભૂતકાળ જેવા કૌશલ્યવાળા ખેલાડીઓ ભલે ઓછા હોય, પરંતુ વર્તમાન ભારતીય ટીમમાં આત્મવિશ્વાસ અને જીતનો જોશ ભરપૂર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ટીમની સૌથી મોટી તાકાત પેનલ્ટી કોર્નર કન્વર્ટ કરવાની ક્ષમતા છે, જ્યાં હરમાનપ્રીત સિંહ, જુગરાજ સિંહ અને અમિત રોહિદાસ શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. ભારતીય હોકીની જૂની સમસ્યા રહી ચુકેલી પેનલ્ટી કોર્નર ગોલ ખાલી જવાની ખામીને દૂર કરીને તેમાં સતત જાળવી રાખવી એ સૌથી મહત્વનું પગલું રહેશે. જ્યારે કોચિંગ અને અન્ય વિભાગોની સમીક્ષા કરવામાં આવી, ત્યારે મુકેશ કુમારે વિદેશી કોચ ક્રૈગ ફૂલ્ટનના વખાણ કરતા પેરિસ ઓલિમ્પિક 2026 ના બ્રોન્ઝ મેડલ સહિતના શાનદાર પરિણામોનો ઉલ્લેખ કર્યો. તેમણે સલાહ આપી કે કોચે વધુ આક્રમક બનવાને બદલે ખેલાડીઓની ભૂલો સુધારવા માટે શાંતિથી માર્ગદર્શન આપવું જોઈએ જેથી ખેલાડીઓનું મનોબળ ન તૂટે.

# ભારતે શ્રીલંકાને પ્રથમ ટેસ્ટ મેચમાં 165 રને હરાવ્યું



(એજન્સી) ગોલ । તા. 19

ભારતીય ક્રિકેટ ટીમ દ્વારા શ્રીલંકા પ્રવાસ પર રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં યજમાન ટીમને ૧૬૫ રને કચડીને બે મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની અગ્રેસર સરસાઈ મેળવી લેવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોલ ખાતે રમાયેલી આ રોમાંચક મેચના પાંચમા અને અંતિમ દિવસે ભારતીય બોલરોના અત્યંત ઘાતક પ્રદર્શને શ્રીલંકાની બેટિંગ લાઇન-અપને વેરવિખેર કરી નાખી હતી. ભારત તરફથી યુવા સ્પિનર માનવ સુથારે બીજી ઈનિંગ્સમાં ૬ વિકેટ અને સમગ્ર મેચમાં કુલ ૧૦ વિકેટ ઝડપીને શ્રીલંકાની હાર સુનિશ્ચિત કરી દીધી હતી. આ તેનો સતત બીજી ટેસ્ટ મેચમાં ફાઈવ-વિકેટ હોલ રહ્યો છે, જે ભારતીય સ્પિન એટેકની મજબૂતાઈને દર્શાવે છે.

### મેચના સ્કોરબોર્ડની વિસ્તૃત વિગતો

આ મુકાબલામાં ભારતે પ્રથમ બેટિંગ કરતા પ્રથમ ઈનિંગ્સમાં ૪૬૨ રનનો જંગી સ્કોર ખડક્યો હતો. જવાબમાં શ્રીલંકન ટીમ પ્રથમ દાવમાં ૨૮૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના પરિણામે ભારતને ૧૭૮ રનની મહત્વપૂર્ણ લીડ મળી હતી. ત્યારબાદ ભારતીય ટીમ પોતાની બીજી ઈનિંગ્સમાં ૧૯૩ રન બનાવી શકી હતી અને શ્રીલંકા સામે જીત માટે ૩૭૨ રનનો મોટો ટાર્ગેટ મૂક્યો હતો. આ વિશાળ લક્ષ્યાંક સામે શ્રીલંકાની આખી ટીમ પાંચમા દિવસે ૨૦૭ રન બનાવીને સમેટાઈ ગઈ હતી અને ભારત સામે ઘૂંટણ ટેકવી દીધા હતા.

### પાંચમા દિવસની રોચક ક્ષણો અને વળાંકો

પાંચમા દિવસની શરૂઆતમાં શ્રીલંકાએ ૮૪ રનના સ્કોર પર ચાર વિકેટથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. કેપ્ટન ધનંજય ડી સિલ્વા અને સોનલ દિનુશા વચ્ચે પાંચમી વિકેટ માટે ૯૫ રનની મજબૂત ભાગીદારી નોંધાઈ હતી, જેણે મેચને રોમાંચક બનાવી દીધી હતી. અનુભવી સ્પિનર રવીન્દ્ર જાડેજાએ શાનદાર બોલિંગ કરીને ધનંજયને આઉટ કરી ભારતને મહત્વપૂર્ણ બ્રેકથ્રૂ અપાવ્યું હતું. ત્યારબાદ ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાએ નિરોશન ડિકવેલાને વિકેટકીપર પંતના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. લંચ બ્રેક પછી યુવા સ્પિનર માનવ સુથારે પોતાની સ્પિન જાળ બિછાવીને બેક-ટુ-બેક વિકેટો ઝડપી લીધી હતી અને શ્રીલંકાની ઈનિંગ્સનો અંત આણ્યો હતો.

### ભવિષ્યની તૈયારીઓ અને આગામી મેચ

ગોલ ખાતે મળેલી આ શાનદાર જીત બાદ કેપ્ટન શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ હવે આગામી ૨૩ ઓગસ્ટથી કોલંબોમાં શરૂ થનારી બીજી ટેસ્ટ મેચ માટે પૂરતી તૈયારીઓ સાથે મેદાનમાં ઉતરશે. મીડિયા અહેવાલ અનુસાર, શ્રેણી જીતવાના મજબૂત ઇરાદા સાથે મેદાનમાં ઉતરનાર ભારતીય ટીમનો મનોબળ આ વિજય પછી સાતમા આસમાને પહોંચી ગયો છે, અને પ્રશંસકો પણ આગામી મેચમાં સમાન પ્રદર્શનની આશા રાખી રહ્યા છે.

### ટેસ્ટમાં સૌથી ઝડપી 100 છગ્ગા ફટકારનાર દુનિયાનો પહેલો બેટર ટેસ્ટ ક્રિકેટમાં પંતે રચ્યો ઈતિહાસ

ગૌલ | ક્રિકેટ જગતમાંથી એક અત્યંત રોમાંચક અને ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે, જ્યાં શ્રીલંકા સામેની ગૌલ ટેસ્ટ મેચ દરમિયાન ભારતીય વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતે પોતાની વિસ્ફોટક બેટિંગના દમ પર ઈતિહાસના પાનાઓમાં નામ નોંધાવી લીધું છે. ભારતીય ટીમ મેચમાં ઝડપથી રન બનાવીને વિરોધી ટીમને મોટો ટાર્ગેટ આપવાના હેતુથી મેદાનમાં ઉતરી હતી, જ્યાં પંતે ક્રીઝ પર પગ મૂકતા જ પોતાના ઘાતક તેવર બતાવવાનું શરૂ કરી દીધું હતું. શરૂઆતમાં [પ ચ પર થોડો સમય વિતાવીને સાવચેતીપૂર્વક રમી રહેલા પંતે ત્યારબાદ પોતાના અંદાજમાં ગિયર બદલ્યો અને મેદાનની ચારેય દિશામાં ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ વરસાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રિષભ પંતે પોતાના ટેસ્ટ ડેબ્યૂના બરાબર આઠ વર્ષ પછી આ અત્યંત મહત્ત્વપૂર્ણ અને ગૌરવશાળી સિદ્ધિ પોતાના નામે કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પંતે પોતાની કારકિર્દીની માત્ર ૪૭મી ટેસ્ટ ઈનિંગ્સમાં જ 100 છગ્ગા પૂરા કરીને એકદમ નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ટેસ્ટ ક્રિકેટના સમૃદ્ધ ઈતિહાસમાં સૌથી ઓછી ઈનિંગ્સ રમીને સૌથી ઝડપી 100 છગ્ગા ફટકારનાર તે વિશ્વનો સર્વપ્રથમ બેટ્સમેન બની ગયો છે.



## દેશના સત્તર ખેલાડીઓ અર્જુન પુરસ્કારથી સન્માનિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



ભારતીય રમતગમત જગત માટે અત્યંત ગૌરવપૂર્ણ અને ઉત્સાહવર્ધક ક્ષણ આવી પહોંચી છે, જ્યાં દેશના રમતવીરોની સિદ્ધિઓને બિરદાવવામાં આવી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભારત સરકાર દ્વારા દેશના પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે સત્તર મહત્વપૂર્ણ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આ યાદીની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ક્રિકેટ રમતમાંથી એક પણ ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જે અન્ય રમતોના ખેલાડીઓ માટે મોટું પ્રોત્સાહન પૂરું પાડે છે. દેશની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિની ભલામણોના આધારે રમતગમત મંત્રાલય દ્વારા આ નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

### અર્જુન પુરસ્કારના સત્તર વિજેતાઓની પસંદગી

આ પુરસ્કાર રમત ક્ષેત્રે છેલ્લા ચાર વર્ષ દરમિયાન સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન, નેતૃત્વ, ઉત્તમ ખેલદિલી અને શિસ્ત દર્શાવનાર ખેલાડીઓને એનાયત કરવામાં આવે છે. પસંદ કરાયેલા સત્તર રમતવીરોની યાદીમાં ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ડેકાથલીટ અને હાઇ જમ્પર તેજસ્વિન શંકર તથા બેડમિન્ટન સ્ટાર ગાયત્રી ગોપીચંદ અને તેમની ડબલ્સ પાર્ટનર ટ્રીસા જોલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એથ્લેટિક્સમાં મોહમ્મદ અજમલ વી અને પ્રિયંકા ગોસ્વામી, બોક્સિંગમાં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા નરેન્દ્ર, ડેફ શૂટિંગમાં ધનુષ શ્રીકાંત, હોકીમાં લાલરેમસિયામી અને રાજકુમાર પાલ તથા અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે.

જ્યારે આ સમગ્ર પસંદગી પ્રક્રિયા અને અન્ય પુરસ્કારોની સમીક્ષા કરવામાં આવે છે, ત્યારે ધ્યાનમાં આવે છે કે કોચ અને સંસ્થાઓના ઉત્કૃષ્ટ યોગદાનને પણ સન્માનિત કરવામાં આવ્યું છે. રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ આપનાર કોચ માટેના દ્રોણાચાર્ય પુરસ્કાર માટે એથ્લેટિક્સના પરવીર સિંહ, બોક્સિંગના છોટે લાલ યાદવ અને શૂટિંગના નેહા નંદકુમાર ચૌહાણની પસંદગી કરવામાં આવી છે. ફૂટબોલમાં વિશિષ્ટ યોગદાન આપનાર આઈ અરુમનાયગમને અર્જુન પુરસ્કાર લાઇફટાઇમ શ્રેણીમાં એનાયત થશે.

### ઐતિહાસિક ૨૮,૦૦૦ રનના માઈલસ્ટોનથી માત્ર ૨૫ રન દૂર

જાણો સમગ્ર ઘટનાક્રમ તો આ મેચ વિરાટ માટે માત્ર એક સામાન્ય મુકાબલો નથી, પરંતુ તે ઈતિહાસ રચવાની ઉંબરે ઊભો છે. વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૮,૦૦૦ રન પૂરા કરવાથી માત્ર ૨૫ રન દૂર છે. જો તે રવિવારની મેચમાં આ આંકડો સ્પર્શી લેશે, તો તે સચિન તેંડુલકર અને કુમાર સંગાકારા પછી આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો ત્રીજો અને સૌથી ઝડપી બેટ્સમેન બની જશે. મીડિયા અહેવાલ મુજબ, સચિને ૬૪૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી, જ્યારે વિરાટ અત્યારે માત્ર ૬૨૩ ઈનિંગ્સમાં ૨૭,૯૭૫ રન ધરાવે છે.

## યુદ્ધગ્રસ્ત ઈરાનથી સોનીપત સુધી કબડ્ડીની સફર, એશિયન ગેમ્સ માટે તૈયારી

(એજન્સી) સોનીપત । તા. 19



આંતરરાષ્ટ્રીય રમતગમત જગતમાંથી એક અત્યંત પ્રેરણાદાયી અને ભાવનાત્મક સમાચાર સામે આવ્યા છે, જ્યાં યુદ્ધગ્રસ્ત ઈરાનથી આવેલા ખેલાડીઓ વિપરિત પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાના સપનાને સાકાર કરવા માટે મેદાને ઉતર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈરાનની મહિલા કબડ્ડી ટીમે યુદ્ધના કારણે પોતાની તૈયારીના મહત્વપૂર્ણ ત્રણ મહિના ગુમાવ્યા હોવા છતાં, હાલમાં ભારતના સોનીપત ખાતે આવેલા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એસએઆઈ) કેન્દ્રમાં આગામી એશિયન ગેમ્સ માટે કઠોર પરિશ્રમ કરી રહી છે. આ મહિલાઓએ યુદ્ધના ભય અને પરિવારની ચિંતા વચ્ચે પણ રમત પ્રત્યેની પોતાની નિષ્ઠા છોડી નથી અને પદક જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં પરસેવો પાડી રહી છે.

ઈરાની મહિલાઓએ યુદ્ધને પોતાની પૃષ્ઠભૂમિમાં રાખીને જીવન જીવતા શીખી લીધું છે. આ યુદ્ધ તેમની સાથે જ ચાલે છે - ઘરમાં કરવામાં આવતા ફોન કૉલ્સમાં, ચેક કરવામાં આવતા સંદેશાઓમાં અને પરિવારની સતત ચિંતામાં. પરંતુ જેવી તેઓ રમતની મેટ પર પગ મૂકે છે, ત્યારે તેમના માટે માત્ર કબડ્ડી જ સર્વોપરી બની જાય છે. શરૂઆતમાં તાલીમ સંપૂર્ણપણે અટકી ગઈ હતી અને સુરક્ષા માટે ટીમ ઉત્તરીય પ્રદેશોમાં ખસી ગઈ હતી, જ્યારે ઘરે પરિવારોએ છુપાઈને દિવસો વિતાવ્યા હતા. ટીમના સૌથી વરિષ્ઠ સભ્યોમાંના એક ઝહરા કરીમીના જણાવ્યા અનુસાર, પરિવારની સુરક્ષાને લઈને સતત ચિંતા હોવા છતાં, ઈરાની લોકોની મજબૂતાઈ અને દયાએ તેમને આ મુશ્કેલ સમયમાં આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી છે.

જ્યારે આ સમગ્ર પ્રવાસ અને તાલીમની સમીક્ષા કરવામાં આવે છે, ત્યારે ખેલાડીઓનું સમર્પણ સ્પષ્ટપણે નજરે પડે છે. ગમે ત્યાં જવા છતાં તેમની તાલીમ કીટ હંમેશા તેમની સાથે રહી હતી, કારણ કે તેઓ જાણતા હતા કે તેઓ ફરીથી તાલીમ શરૂ કરશે. આખરે તેઓ સોનીપત પહોંચ્યા, જ્યાં તેઓ એશિયન ગેમ્સ પહેલા પોતાના ગુમાવેલા સમયની ભરપાઈ કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. સોનીપતના ખોખર કબડ્ડી એકેડમી અને એસએઆઈ કેન્દ્ર ખાતે અનુભવી કોચ ઘોલમરેઝા મઝંદરારીના માર્ગદર્શન હેઠળ ટીમ કડક અભ્યાસ કરી રહી છે.

કોચના જણાવ્યા મુજબ, શરૂઆતમાં મહિલા ટીમ સાથે કામ કરવાનો કોઈ અનુભવ ન હોવા છતાં, તેમણે આ પડકાર સ્વીકાર્યો અને યુદ્ધના કારણે થયેલા વિલંબ બાદ ઉત્તરીય પ્રદેશોમાં અને હવે ભારતમાં તાલીમ શિબિરો ચલાવી રહ્યા છે.

## બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપમાં ઉન્નતિ અને લિ વચ્ચે ટક્કર

### ભવિષ્યની અસરો અને રમતપ્રેમીઓનો ઉત્સાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



બેડમિન્ટન જગતમાંથી એક અત્યંત રોમાંચક અને રસપ્રદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતની યુવા સ્ટાર ખેલાડી ઉન્નતિ હૂડા અને અનુભવી ખેલાડી મિશેલ લિ બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026 માં ફરી એકવાર એકબીજા સામે ટકરાવા માટે તૈયાર છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ બંને ખેલાડીઓ અગાઉ માત્ર એક જ વાર વર્ષ 2024 ના આર્ક્ટિક ઓપન દરમિયાન વંતા ખાતેના રાઉન્ડ ઓફ 16 માં - આવી હતી. તે મુકાબલામાં મિશેલ લીએ વિજય મેળવ્યો હતો, પરંતુ હવે સમય બદલાયો છે અને ભારતીય ધરતી પર રમાઈ રહેલી આ સ્પર્ધામાં બંને વચ્ચેનો મુકાબલો વધુ રોમાંચક બનવાની પૂરી સંભાવના છે.

જ્યારે આ બંને ખેલાડીઓની ગત મુલાકાત પર નજર નાખીએ છીએ, ત્યારે મિશેલ લીએ પ્રથમ રાઉન્ડમાં શાનદાર પ્રદર્શન કરીને જીત મેળવી હતી. આર્ક્ટિક ઓપનના તે મુકાબલામાં લીએ 21-10 અને 21-19 થી મેચ જીતી લીધી હતી, જોકે બીજા ગેમમાં યુવા ઉન્નતિ હૂડાએ શાનદાર વાપસી કરવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો પરંતુ અંતે તે પાછળ રહી ગઈ હતી. વર્તમાન સમયમાં સ્થિતિ થોડી અલગ છે કારણ કે 18 વર્ષીય ઉન્નતિ હૂડાએ આ વર્ષે કેટલાક મોટા અને દિગ્ગજ ખેલાડીઓ સામે શાનદાર વિજયો મેળવીને પોતાની રમતનો ગ્રાફ ઊંચો લાવ્યો છે, જેમાં પી.વી. સિંધુ સામેની જીત પણ સામેલ છે.

નવી દિલ્હીમાં રમાઈ રહેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઉન્નતિ હૂડાએ પોતાના અભિયાનની ાનદાર શરૂઆત કરી છે. મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડના મુકાબલામાં ઉન્નતિએ મ્યાનમારની ખેલાડી થેટ હ્તાર થુઝારને માત્ર 40 મિનિટમાં જ 22-20 અને 21-16 થી હરાવીને આગેકૂચ કરી લીધી છે. વૈશ્વિક રેન્કિંગમાં મિશેલ લિ હાલમાં વિશ્વના 13મા ક્રમે છે જ્યારે ઉન્નતિ હૂડા 26મા ક્રમે બિરાજમાન છે, છતાં ઘરઆંગણે રમવાના ફાયદા અને યુવા ઉત્સાહના કારણે ઉન્નતિ પાસેથી સારા પ્રદર્શનની આશા રાખવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, આ મુકાબલો બંને ખેલાડીઓ માટે અગ્નિપરીક્ષા સમાન સાબિત થશે.

**ફૂટબોલ** // **ભવિષ્યની સંભાવનાઓ અને સેમિફાઇનલનો જંગ**

## ડ્યુરન્ડ કપ સેમિફાઇનલમાં ઈસ્ટ બંગાળની શાનદાર સફર

(એજન્સી) કોલકાતા । તા. 19



ફૂટબોલ જગતમાંથી રમત પ્રેમીઓ માટે એક અત્યંત રોમાંચક અને ઉત્સાહવર્ધક સમાચાર સામે આવ્યા છે, જ્યાં ડ્યુરન્ડ કપ 2026 ની સ્પર્ધામાં ઈસ્ટ બંગાળની ટીમે પોતાની શાનદાર રમતથી સેમિફાઇનલ સુધીની સફર ખેડી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈસ્ટ બંગાળની આ સફર શરૂઆતમાં ખૂબ જ નિરાશાજનક રહી હતી કારણ કે ઓપનિંગ મેચમાં તેમને મોહન બગાન સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ત્યારબાદ રેડ એન્ડ ગોલ્ડ બ્રિગેડે શાનદાર વાપસી કરીને સતત ત્રણ જીત મેળવી છે અને ટૂર્નામેન્ટમાં કુલ 14 ગોલ ફટકારીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન પાકું કર્યું છે, જ્યાં હવે બુધવારે તેમનો મુકાબલો એસસી દિલ્હી સામે થશે.

આ ટુર્નામેન્ટની શરૂઆત ઈસ્ટ બંગાળ માટે સારી રહી નહોતી અને ગ્રૂપ એ ની પ્રથમ મેચમાં મોહન બગાન સુપર જાયન્ટ સામે 1-0થી પરાજય સહન કરવો પડ્યો હતો, જેના કારણે ટીમ પર દબાણ વધી ગયું હતું. પરંતુ આ હાર બાદ ટીમ સંપૂર્ણપણે બદલાયેલા મિજાજ સાથે મેદાનમાં ઉતરી અને સીએસઆઈએફ પ્રોટેક્ટર્સ સામે 8-0થી વિશાળ વિજય મેળવીને પોતાના ઇરાદા સ્પષ્ટ કરી દીધા. આ મોટા વિજયથી ટીમને ગોલ ડિફરન્સનો જબરદસ્ત ફાયદો મળ્યો અને ત્યારબાદ સાઉથ યુનાઈટેડ સામેની મેચમાં પણ 5-0થી શાનદાર વિજય મેળવીને ગ્રૂપ સ્ટેજમાં કુલ 13 ગોલ સાથે નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો હતો.

જ્યારે ભારતીય આર્મી એફટી સામેની ક્વાર્ટર ફાઇનલ મેચની સમીક્ષા કરવામાં આવે છે, ત્યારે તે મુકાબલો ગ્રૂપ મેચો કરતા તદ્દન અલગ અને અતિ સંઘર્ષપૂર્ણ રહ્યો હતો. વિવેકાનંદ યુવા ભારતી ક્રીરાંગણમાં રમાયેલી આ મેચમાં ઈસ્ટ બંગાળે આક્રમક રમત સાથે સંયમ અને રક્ષણાત્મક કુશળતાનું અદ્ભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મેચની 38મી મિનિટમાં પીવી વિષ્ણુએ ક્રિસ ઈકોનોમિડિસના શાનદાર ક્રોસ પર હેડર લગાવીને નિર્ણયક ગોલ ફટકાર્યો હતો, જે ટીમ માટે વિજયી સાબિત થયો. મીડિયા અહેવાલ અનુસાર, ઉત્તરાર્ધમાં ભારતીય આર્મીની ટીમે બરાબરી કરવા માટે સખત પ્રયાસો કર્યા હતા પરંતુ ગોલકીપર ફુરબા લાચેનપા અને મજબૂત ડિફેન્સે ગોલ થવા દીધો નહોતો.

આ વિજય સાથે ઈસ્ટ બંગાળનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો છે અને હવે તેઓ સેમિફાઇનલની આગામી લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ટીમનું રૂપાંતરિત રક્ષણ અને ધારદાર આક્રમણ તેમને ટૂર્નામેન્ટની મજબૂત દાવેદાર તરીકે સ્થાપિત કરી રહ્યા છે. આગામી મેચમાં એસસી દિલ્હી સામેનો મુકાબલો ફૂટબોલ ચાહકો માટે રોમાંચથી ભરપૂર રહેશે, અને સમગ્ર દેશની નજર આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટના પરિણામ પર ટકેલી છે.

**દસ વર્ષનો અજેય રેકોર્ડ, રોમાંચક મહામુકાબલો**

## એફઆઈએચ મેન્સ હોકી વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન ટકરાશે

(એજન્સી) એમસ્ટેલવીન । તા. 19



વિશ્વ હોકી જગતમાંથી એક અત્યંત રોમાંચક અને ચર્ચાસ્પદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં નેધરલેન્ડ્સના એમસ્ટેલવીન ખાતે ચાલી રહેલા એફઆઈએચ મેન્સ હોકી વર્લ્ડ કપ 2026 માં પરંપરાગત કટ્ટર હરીફ દેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે બુધવારે એક મહાસંગ્રામ જામવા જઈ રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતીય ટીમ પાકિસ્તાન સામે છેલ્લા દસ વર્ષથી તમામ ટૂર્નામેન્ટોમાં અજેય રહી છે, જેના કારણે ટીમ પાસે મેદાન પર ઉતરતી વખતે ભારે માનસિક સરસાઈ રહેશે. વેગનર હોકી સ્ટેડિયમ ખાતે રમાનારી આ પ્રેશર-કુકર મેચ નક્કી કરશે કે પૂલ ડી માંથી સેમિફાઈનલની રેસમાં કઈ ટીમ આગળ વધશે, કારણ કે બંને ટીમો માટે આ મુકાબલો કરો યા મરો સમાન છે. દરેક પૂલમાંથી ટોચની બે ટીમો સેમિફાઇનલની રેસમાં યથાવત રહેશે જ્યારે છેલ્લી બે ટીમો ક્લાસિફિકેશન મેચોમાં જશે. પૂલ ડી માં ઈંગ્લેન્ડે પોતાની બંને મેચ જીતીને ટોચનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે, જ્યારે બીજા સ્થાન માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધો મુકાબલો છે. ભારતીય ટીમ હાલમાં ત્રણ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે, જેમાં વેલ્સ સામે ૩-૧ થી વિજય અને ઈંગ્લેન્ડ સામે ૨-૪ થી હારનો સમાવેશ થાય છે. બીજી બાજુ, પાકિસ્તાને વેલ્સ સામે ડ્રો રમીને અને ઈંગ્લેન્ડ સામે ૧-૪ થી હારીને માત્ર એક જ પોઈન્ટ મેળવ્યો છે. ભારતને સેમિફાઈનલની રેસમાં ટકી રહેવા માટે માત્ર એક ડ્રો ની જરૂર છે, જ્યારે પાકિસ્તાને જીત મેળવવી જ પડશે. છેલ્લા દસ વર્ષના રેકોર્ડ પર નજર કરીએ તો ભારતે પાકિસ્તાન સામે રમાયેલી ૧૯ મેચોમાંથી ૧૭ માં શાનદાર વિજય મેળવ્યો છે જ્યારે બે મેચ ડ્રો રહી છે, જેમાં સુલતાન અઝલાન શાહ કપ, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ અને એશિયન ગેમ્સ જેવા મોટા મંચો સામેલ છે.

## ન્યૂઝ બ્રીફ

### ઓપરેશન સિંદૂર પર બનેલી ડોક્યુમેન્ટરી પર વિવાદ



ઈસ્લામાબાદ | પાકિસ્તાન અને ભારત વચ્ચે રાજદ્વારી અને સૈન્ય મુદ્દાઓ પર તણાવ હંમેશાં ચર્ચામાં રહે છે, ત્યારે હાલમાં જ રિલીઝ થયેલી એક ડોક્યુમેન્ટરી ફિલ્મને લઈને નવો વિવાદ ઊભો થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, 'ઓપરેશન સિંદૂર' પર આધારિત આ ડોક્યુમેન્ટરી ફિલ્મને લઈને પાકિસ્તાને તીવ્ર નિરાશા અને રોષ વ્યક્ત કર્યો છે. પાકિસ્તાની સેનાના સત્તાવાર પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક નિવેદન જારી કરીને આ ફિલ્મને સંપૂર્ણપણે એક પ્રોપેગન્ડા ગણાવ્યો છે અને દાવો કર્યો છે કે આનાથી વાસ્તવિકતા બદલાઈ જવાની નથી. નોંધનીય છે કે આ ચર્ચિત ફિલ્મ ગત 15 ઓગસ્ટે રિલીઝ કરવામાં આવી હતી, ત્યારથી જ તે બંને દેશોના મીડિયામાં કેન્દ્રસ્થાન બની ગઈ છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તાએ પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે આ ફિલ્મમાં ઘટનાઓને માત્ર ભારતના પક્ષમાં અને પોતાના હિતોને સાચ સાબિત કરવાના હેતુથી દર્શાવવામાં આવી છે.

### ફિલિપાઈન્સમાં શાળામાં ગોળીબારની ભયાનક ઘટના

મનીલા | ફિલિપાઈન્સના ઝામ્બોઆંગા શહેરમાં મંગળવારે સવારે એક કમનસીબ અને આઘાતજનક ઘટના બની છે, જેમાં એક નવમા ધોરણના વિદ્યાર્થીએ પોતાની જ શાળાના પરિસરમાં અંધાધૂંધ ગોળીબાર કરીને ભારે અરેરાટી ફેલાવી દીધી છે. આ હિંસક બનાવમાં એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે, ત્યારબાદ હુમલાખોરે પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાના મીડિયા અહેવાલ પ્રાપ્ત થયા છે. શાળાના પરિસરમાં થયેલા આ ગોળીબારમાં અન્ય નવ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને નજીકની હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે હુમલાખોર વિદ્યાર્થીએ આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફેસબુકના માધ્યમથી લાઈવ કર્યો હતો, જે બાદમાં ખૂબ જ વાયરલ થયો છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ગોળીબારમાં શાળાની સુરક્ષામાં તૈનાત બે સુરક્ષા ગાર્ડના પણ મોત થયા છે, જેઓ વિદ્યાર્થીઓને બચાવવાના પ્રયાસ કરી રહ્યા હતા.

### અમેરિકામાં રહેતી ભારતીય મૂળની મહિલા કસ્ટડીમાં, વેંકટાની અટકાયત



વોશિંગ્ટન | અમેરિકાની ધરતી પર છેલ્લા સત્તાવીશ વર્ષથી લાંબા સમયથી નિવાસ કરી રહેલી એક ભારતીય મૂળની મહિલા સામે અચાનક મોટી કાનૂની મુસીબત ઊભી થઈ છે, જેના કારણે પ્રવાસી ભારતીયોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતીય મૂળના વેંકટા વાસમસેટ્ટી નામના આ મહિલાને યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટનાક્રમ ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે અધિકારીઓએ તેમની લાંબી પૂછપરછ કરી અને ત્યારબાદ આ કડક પગલું ભર્યું હતું. ખાસ વાત એ છે કે વેંકટા પાસે વર્ષ 2013થી કાયદેસરનું ગ્રીન કાર્ડ ઉપલબ્ધ હોવા છતાં આ કાર્યવાહી કરવામાં આવી છે, જેને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ ઘટનાના વિગતવાર અહેવાલો મુજબ, વેંકટા વાસમસેટ્ટી છેલ્લા અઢારેક દાયકાઓથી પણ વધુ સમયથી અમેરિકામાં પોતાના પરિવાર સાથે સુખરૂપ જીવન વિતાવી રહ્યા હતા. તેમની બંને દીકરીઓ અમેરિકી નાગરિક છે, જેઓ આ મુશ્કેલ સમયમાં પોતાની માતાની વહારે આવ્યા છે.



### મિસાઈલ હુમલામાં 10 લોકોના મોત અને 17 ઘાયલ

# ખારકીવમાં રશિયાનો ભીષણ હુમલો: અનેક ઇમારતો ધ્વસ્ત, ઝેલેન્સ્કી લાલઘૂમ

(એજન્સી) ખારકીવ | તા. 19

યુક્રેનના ઉત્તર-પૂર્વીય વિસ્તારમાં આવેલા ખારકીવ ક્ષેત્રમાં રશિયા દ્વારા કરવામાં આવેલા એક અત્યંત ઘાતક મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા દસ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય ા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. રશિયન સેનાએ પેચેનીહી ગામના મધ્ય ભાગમાં આવેલા એક અત્યંત વ્યસ્ત ચાર રસ્તાને સીધો નિશાન બનાવીને આ હુમલો કર્યો હતો, જેના કારણે આખો વિસ્તાર ક્ષણભરમાં રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ભીષણ હુમલામાં રહેણાંક મકાનોની આસપાસ આવેલી દુકાનો, લોકપ્રિય કાફે અને પોસ્ટ ઑફિસ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે, અને આગની લપેટમાં આવેલાં વાહનો તથા કાટમાળના ગલા દયનીય સ્થિતિ બયા કરી રહ્યા છે.

#### ક્યાં અને કેવી રીતે થયો હુમલો?

આ હુમલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તીવ્ર પ્રતિક્રિયા આપી હતી અને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી હતી કે યુક્રેન આ હુમલાનો યોગ્ય અને સચોટ વળતો જવાબ જરૂર આપશે. ખારકીવ ક્ષેત્રના ગવર્નર ઓલેહ સિનીહુબોવના જણાવ્યા અનુસાર, આ મિસાઈલ હુમલાની ઝપેટમાં આવીને દસ ખાનગી મકાનો, એક કાફે, એક પોસ્ટ ઑફિસ, એક દુકાન અને ઓછામાં ઓછાં સાત વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટનાસ્થળે તાત્કાલિક ધોરણે કટોકટી અને બચાવ ટીમોએ પહોંચીને કાટમાળમાંથી જીવિત કે મૃતકોને બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે ઓપરેશન શરૂ કરી દીધું છે.

યુક્રેનની પ્રોસિક્યુટર જનરલની કચેરીના પ્રાથમિક અહેવાલો પર નજર કરીએ તો, રશિયાએ આ આક્રમક હુમલા માટે બે નાની બેન્ડેરોલ ક્રૂઝ મિસાઈલોનો ઉપયોગ કર્યો હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મિસાઈલો સીધી ગામના કેન્દ્રિય ભાગમાં આવીને ત્રાટકી હતી. જોકે, આ ભીષણ હુમલા અંગે રશિયા તરફથી તાત્કાલિક કોઈ અધિકૃત કે સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. અગાઉ આ ઘટનાના થોડા દિવસો પહેલાં જ યુક્રેને રશિયાની સરહદથી લઈને છેક મોસ્કો સુધી હજારો ડ્રોન્સ અને મિસાઈલો છોડીને યુદ્ધનો અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હતો, જેમાં અનેક ઊર્જા સુવિધાઓ અને સૈન્ય મથકોને નિશાન બનાવાયા હતા, જેના વળતા પ્રહાર સ્વરૂપે જ આ નરસંહાર થયાનું મનાય છે.

#### ભવિષ્યની સ્થિતિ અને વૈશ્વિક અસરો

આંતરરાષ્ટ્રીય સ્તરે આ હુમલાએ બંને દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને વધુ ભયાનક મોડ પર લાવી દીધો છે. નાગરિક વસ્તી અને વ્યાપારી કેન્દ્રોને આ પ્રકારે નિશાન બનાવવાથી માનવીય કટોકટી વધુ ગંભીર બની રહી છે. સ્થાનિક સ્તરે લોકોમાં ભારે રોષ અને ડરનો માહોલ જોવા મળી રહ્યો છે, જ્યારે પ્રશાસન ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. આગામી સમયમાં આ યુદ્ધ કયું નવું સ્વરૂપ ધારણ કરે છે અને વૈશ્વિક નેતાઓ આને અટકાવવા માટે શું પગલાં ભરે છે તે આખી દુનિયાની નજર સામે રહેશે.





### આર્થિક સંબંધો તોડ્યા, મિસાઈલ હુમલાનો દાવો

# યુએઈ ઈરાન વેપાર સંબંધો પર સંપૂર્ણ પ્રતિબંધ



(એજન્સી) અબુધાબી | તા. 19

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે હલચલભર્યા વાતાવરણ વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે એક અત્યંત મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતના ખાસ મિત્ર દેશે એક કડક અને સાહસિક પગલું ભર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સંયુક્ત આરબ અમીરાત દ્વારા મંગળવારના રોજ સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે તેઓ ઈરાન સાથેના તમામ પ્રકારના વેપાર, વાણિજ્યિક આદાનપ્રદાન અને નાણાકીય વ્યવહારો તાત્કાલિક અસરથી આગામી સૂચના ન મળે ત્યાં સુધી સ્થગિત કરી રહ્યા છે. આ મોટો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ક્ષેત્રમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સૈન્ય તણાવની સ્થિતિ ચરમસીમાએ પહોંચી ગઈ છે અને સુરક્ષાને લઈને આખું અખાતી ક્ષેત્ર ચિંતાના ભંવરમાં ફસાયેલું છે.

#### પ્રાદેશિક સુરક્ષા અને મિસાઈલ હુમલાનો વિવાદ

આ બેરોકટોક પ્રતિબંધ પાછળ યુએઈના રક્ષણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલું કારણ અત્યંત સંવેદનશીલ છે. મંત્રાલયના દાવા મુજબ, ઈરાન તરફથી દેશના જળમાર્ગો અને નેવિગેશનને સીધી રીતે નિશાન બનાવીને બે બેલિસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હતી. યુએઈની એર ડિફેન્સ પ્રણાલીએ આ મિસાઈલોને ટ્રેક કરી હતી, જેમાંથી પહેલી મિસાઈલ પ્રાદેશિક જળસીમાની બહાર પડી હતી જ્યારે બીજી મિસાઈલ સીધી પ્રાદેશિક જળસીમાની અંદર આવીને પડી હતી. આ ગંભીર સુરક્ષા ચૂક અને સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને જ આ કડક આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

આ કટોકટીભરી સ્થિતિના વિકાસક્રમ પર નજર કરીએ તો, આર્થિક સંબંધો તોડવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી તેના બરાબર બે કલાક પહેલા જ દેશના નાગરિકોના મોબાઈલ ફોન પર કટોકટીભર્યા એલર્ટ મોકલવામાં આવ્યા હતા. યુએઈ વિદેશ મંત્રાલયના સંચાર વિભાગના ડાયરેક્ટર આફ્રા અલ હમેલીએ આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે વર્તમાન ભૌગોલિક તણાવ અને સુરક્ષાની નાજુક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ આ નાણાકીય અને વેપારી વિનિમય રોકવાની ફરજ પડી છે. બીજી બાજુ, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને સદંતર ફગાવી દીધા છે અને તેને શાંતિ પ્રયાસોને નુકસાન પહોંચાડવાનું કૃત્ય ગણાવ્યું છે.

#### ભવિષ્યની અસરો અને આર્થિક સમીક્ષા

આ પ્રકારના અચાનક અને કડક આર્થિક પ્રતિબંધોની સીધી અસર મિડલ ઈસ્ટના વેપાર પર પડવાની પૂરી શક્યતા છે. ભારત જેવા દેશો માટે પણ આ પ્રાદેશિક અસ્થિરતા ચિંતાનો વિષય બની શકે છે કારણ કે આ બંને દેશો સાથે આપણા ગાઢ વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધો જોડાયેલા છે. આગામી દિવસોમાં આ વિવાદ કઈ દિશામાં આગળ વધે છે અને આંતરરાષ્ટ્રીય સમુદાય આમાં શું ભૂમિકા ભજવે છે તે જોવું અત્યંત રસપ્રદ રહેશે, પરંતુ હાલ તો આ ઘટનાએ વૈશ્વિક બજારમાં એક મોટો હચમચો મચાવી દીધો છે.

#### ભવિષ્યની અસરો અને આર્થિક સમીક્ષા

આ પ્રકારના અચાનક અને કડક આર્થિક પ્રતિબંધોની સીધી અસર મિડલ ઈસ્ટના વેપાર પર પડવાની પૂરી શક્યતા છે. ભારત જેવા દેશો માટે પણ આ પ્રાદેશિક અસ્થિરતા ચિંતાનો વિષય બની શકે છે કારણ કે આ બંને દેશો સાથે આપણા ગાઢ વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધો જોડાયેલા છે. આગામી દિવસોમાં આ વિવાદ કઈ દિશામાં આગળ વધે છે અને આંતરરાષ્ટ્રીય સમુદાય આમાં શું ભૂમિકા ભજવે છે તે જોવું અત્યંત રસપ્રદ રહેશે, પરંતુ હાલ તો આ ઘટનાએ વૈશ્વિક બજારમાં એક મોટો હચમચો મચાવી દીધો છે.

# નવ મહિના બાદ ઈમરાનને મળ્યા પત્ની અને બહેન, સુપ્રીમ કોર્ટનો આદેશ

(એજન્સી) ઇસ્લામાબાદ | તા. 19

પાકિસ્તાનની રાજનીતિમાં હાલ ઉથલપાથલનો દોર યથાવત છે, ત્યારે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને તેમની બહેન નોરીન નિયાઝી અને પત્ની બુશરા બીબીએ રાવલપિંડીની કુખ્યાત અડિયાલા જેલમાં જઈને મુલાકાત કરી હતી. આ મહત્વપૂર્ણ મુલાકાત દેશની સર્વોચ્ચ અદાલતના કડક આદેશ બાદ શક્ય બની છે. ખાસ કરીને નોરીન નિયાઝી પૂરા નવ મહિનાના લાંબા સમયગાળા પછી પોતાના ભાઈને મળવા માટે જેલ પહોંચ્યા હતા, જેના કારણે રાજકીય વર્તુળોમાં આ મુલાકાત ભારે ચર્ચાનો વિષય બની છે.

ઈમરાન ખાન લાંબા સમયથી જેલની એકાંતવાસી સ્થિતિમાં વિતાવી રહ્યા હતા અને પરિવારજનોને મળવા પર અઘોષિત પ્રતિબંધો જેવા માહોલ વચ્ચે ન્યાયતંત્રએ આ રાહત આપી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત અહેવાલો મુજબ, મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે વર્તમાન કાયદાકીય લડાઈઓ અને જેલની અંદરની પરિસ્થિતિઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. અડિયાલા જેલની આસપાસ સુરક્ષાના અત્યંત સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા હતા જેથી કોઈપણ અનીચ્છનીય બનાવ ન બને અને પરિવાર શાંતિપૂર્વક પોતાની મુલાકાત પૂર્ણ કરી શકે. જ્યારે આ સમગ્ર ઘટનાક્રમના ઘટનાક્રમ પર નજર નાખવામાં આવે છે, ત્યારે ખબર પડે છે કે પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્ય અને સુરક્ષાને લઈને પરિવાર સતત ચિંતિત રહ્યો છે. અદાલતના આદેશો અનુસાર હવે એવા પણ અહેવાલો છે કે ઈમરાન ખાનને વધુ સારવાર કે તપાસ માટે હોસ્પિટલ ખસેડવામાં આવી શકે છે, જેને લઈને તંત્ર તૈયારી કરી રહ્યું છે.

# બ્રિટન પાકિસ્તાન વચ્ચે યૌન અપરાધીને લઈને વિવાદ, શાબીર અહેમદ દોષિત, પાછા મોકલવા પર તણાવ

(એજન્સી) લંડન | તા. 19

યુરોપિયન દેશ બ્રિટન અને પાકિસ્તાન વચ્ચે એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર યૌન અપરાધીને પોતાના દેશમાં રાખવા કે પાછા મોકલવા બાબતે મોટો રાજદ્વારી વિવાદ શરૂ થઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શાબીર અહેમદ નામનો વ્યક્તિ બ્રિટનની એક કુખ્યાત ગ્રૂમિંગ ગેંગ સાથે સીધો સંકળાયેલો છે અને તેને આશરે ત્રીસ જેટલા માસૂમ બાળકોના યૌન શોષણ અને દુષ્કર્મનો મુખ્ય દોષી ઠેરવવામાં આવ્યો છે. બ્રિટિશ સરકારે આ અત્યંત ખતરનાક અપરાધીને તેના મૂળ દેશ પાકિસ્તાન પાછા મોકલવા માટેનો કડક નિર્ણય લીધો છે અને તે પોતાના આ વલણ પર સંપૂર્ણપણે અડગ છે, જ્યારે સામે પક્ષે ઈસ્લામાબાદ દ્વારા આ બાબતે કડક ચેતવણી આપવામાં આવી છે.

આ સમગ્ર મામલાની શરૂઆત ત્યારે થઈ જ્યારે બ્રિટિશ ન્યાયાલયે શાબીર અહેમદને બાળકો પર અત્યાચાર કરવા બદલ લાંબી જેલની



સજા ફટકારી અને સજા પૂરી થયા બાદ તેને દેશનિકાલ કરવાનો આદેશ આપ્યો. બ્રિટિશ ગૃહ મંત્રાલયનું માનવું છે કે આવા ગંભીર ગુનેગારોને દેશમાં રાખવા સુરક્ષા માટે જોખમી છે, તેથી તેને તાત્કાલિક ધોરણે પાકિસ્તાન ડિપોર્ટ કરી દેવો જોઈએ. પરંતુ આ નિર્ણય સામે પાકિસ્તાની પ્રશાસન અને રાજકીય સ્તરેથી અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે, જેના કારણે બંને મિત્ર દેશો વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિનું નિર્માણ થયું છે. માનવાધિકાર સંગઠનો પણ આ મામલે સક્રિય બન્યા છે અને બાળકોના શોષણ સામે કડક સજા ચાલુ રાખવાની માંગ કરી રહ્યા છે.

જ્યારે આ કુખ્યાત ગ્રૂમિંગ ગેંગના સમગ્ર ઘટનાક્રમ પર નજર નાખવામાં આવે છે, ત્યારે બ્રિટિશ ઈતિહાસના સૌથી કાળા અધ્યાયોમાંથી એક સાબિત થાય છે. આ ગેંગે વર્ષો સુધી નાના બાળકો અને સગીરોને પોતાના નિશાના પર રાખીને અમાનવીય કૃત્યો આચર્યા હતા, જેમાં શાબીર અહેમદની ભૂમિકા અત્યંત સક્રિય હોવાનું અદાલતમાં પૂરવાર થયું હતું. બ્રિટનની જનતા અને પીડિતોના પરિવારોમાં આ અપરાધી પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, બ્રિટિશ સરકારે આંતરરાષ્ટ્રીય કાયદાકીય પ્રક્રિયાઓને અનુસરીને આ અપરાધીને રવાના કરવાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે, છતાં પાકિસ્તાનના વિરોધને કારણે મામલો પેચીદો બન્યો છે.

**ધરા ધ્રુજી.....** ભારતીય પદ્ધતિ અલગ, પાક્કા મકાન સુરક્ષિત

# ચીન અમેરિકામાં વગર ઈંટે મકાનોનું નિર્માણ

(એજન્સી) નવી દિલ્હી | તા. 19

વિશ્વના બે સૌથી મોટા દેશો અમેરિકા અને ચીનમાં રહેણાંક મકાનોના નિર્માણની પદ્ધતિ ભારત કરતા તદ્દન અલગ છે, જ્યાં પરંપરાગત ઈંટોના બદલે અલગ જ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકામાં મોટાભાગના રેસિડેન્શિયલ મકાનો લાકડાના બને છે, જ્યારે ચીનમાં ગગનચુંબી બહુમાળી ઈમારતો માટે પ્રિ-કાસ્ટ સિમેન્ટ અને કોંક્રીટનો ઉપયોગ થાય છે. પરંતુ જ્યારે ભારતની દ્રષ્ટિએ આ સરખામણીનું વિશ્લેષણ કરવામાં આવે ત્યારે સ્પષ્ટ થાય છે કે ભારતીય આબોહવા, સામાજિક મૂલ્યો અને ભૌગોલિક પરિસ્થિતિ માટે ઈંટો, સ્ટીલ અને રિઈન્ફોર્સ્ડ સિમેન્ટ કોંક્રીટ આધારિત



પાક્કા મકાન જ સૌથી સુરક્ષિત અને ટકાઉ સાબિત થયા છે, જ્યાં ઘર પેઢી દર પેઢી ટકી રહે તે ખૂબ જ મહત્વનું માનવામાં આવે છે.

અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં સોફ્ટવુડ અને પાઈન જેવા લાકડાંના વિશાળ જંગલો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેના કારણે બાંધકામ માટે લાકડું સસ્તું અને સરળતાથી મળી રહે છે. ત્યાં મજૂરી ખર્ચ ખૂબ ઊંચો હોવાથી પ્રી-ફેબ્રિકેટેડ લાકડાના ઘરો માત્ર બે થી ચાર મહિનામાં તૈયાર થઈ જાય છે, જે શ્રમ ખર્ચમાં મોટી બચત કરે છે. પશ્ચિમ અમેરિકા અને કેલિફોર્નિયા જેવા ભૂકંપ સંવેદનશીલ ઝોનમાં લાકડાની લચીલી ફ્રેમ ધરતીકંપના આંચકા સરળતાથી સહન કરી શકે છે. આ ઉપરાંત, લાકડું કુદરતી થર્મલ ઈન્સ્યુલેશન પૂરું પાડતું હોવાથી શિયાળામાં હીટિંગ અને ઉનાળામાં એસીનો વીજ ખર્ચ ઘટે છે અને નોકરી અર્થે વારંવાર સ્થળાંતર કરતા નાગરિકો માટે રિમોડેલિંગ સરળ બને છે. ચીનની અતિ ગીચ વસ્તીને સમાવવા માટે ત્રીસથી પચાસ માળની બહુમાળી ઈમારતો અનિવાર્ય છે, જે માત્ર મજબૂત કોંક્રીટ અને સ્ટીલના માળખા પર જ ટકી શકે છે. ચીનમાં મોટા પાયે ટિમ્બર જંગલો ન હોવાથી લાકડું મોંઘું પડે છે, જ્યારે સ્થાનિક સ્તરે સિમેન્ટ અને સ્ટીલનું ઉત્પાદન વિશાળ માત્રામાં થાય છે.

# વેનકુવરમાં ટ્રેન ટ્રેક પર બેસીને વ્યક્તિનું ગીતગાન, ટ્રેન સેવા ઠપ થઈ

(એજન્સી) વેનકુવર | તા. 19

કેનેડાના વેનકુવર શહેરમાંથી એક અત્યંત વિચિત્ર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક વ્યક્તિએ ટ્રેન ટ્રેક પર બેસીને સુરક્ષા અને મુસાફરી વ્યવસ્થા ખોરવી નાખી હતી. આ ઘટનામાં એક શીખ વ્યક્તિ અચાનક સ્કાય ટ્રેનના ટ્રેક પર ચઢી ગયો હતો, જેના કારણે રેલ સેવા તાત્કાલિક અસરથી રોકવી પડી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આ વ્યક્તિ ટ્રેક પર શાંતિથી બેસી ગયો અને ગીત ગાવા લાગ્યો હતો. જ્યારે સુરક્ષાકર્મીઓએ તેને ત્યાંથી હટાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણે ભાષાની અસમર્થતા દર્શાવતા જણાવ્યું હતું કે તેને અંગ્રેજી આવડતું નથી, જેના કારણે આખો મામલો વધુ ગંભીર અને જટિલ બની ગયો હતો.

આ અસામાન્ય ઘટના વેનકુવરના વ્યસ્ત સ્કાય ટ્રેન રૂટ પર બની હતી. સવારના સમયે જ્યારે મુસાફરો પોતાની કામગીરી માટે ટ્રેનની



રાહ જોઈ રહ્યા હતા, ત્યારે ટ્રેક પર કોઈની હાજરીને કારણે ટ્રેન સેવાને સુરક્ષાના કારણોસર રોકી દેવામાં આવી હતી. સ્થળ પર પહોંચેલા અધિકારીઓને તે વ્યક્તિ ટ્રેક પર બેસીને પોતાની ધૂનમાં ગીત ગાતો જોવા મળ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર અત્યંત ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે ટ્રેન વ્યવહાર બંધ થવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમો પર ચર્ચાનો વિષય બન્યો છે.

### સતત પછડાટ બાદ મમતા બેનરજીને રાહત

# બંગાળની આ ચૂંટણીમાં TMCએ મેળવી મોટી જીત!



(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.19

પશ્ચિમ બંગાળમાં TMCને બાર કાઉન્સિલની ચૂંટણીમાં મોટી જીત મળી છે. મમતા બેનર્જીની પાર્ટીએ કુલ 23 બેઠકોમાંથી 15 બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો. ભાજપને 3, ડાબેરી મોરચાને 3 અને કોંગ્રેસને 2 બેઠકો મળી. આ જીતથી TMCને મોટું નૈતિક બળ મળ્યું છે. TMC હવે ટૂંક સમયમાં નવા બોર્ડની રચના કરશે.પશ્ચિમ બંગાળની સત્તા પર લાંબા સમય સુધી રાજ કરનાર મમતા બેનરજીને રાજ્યમાં સતત હારનો સામનો કરવો પડી રહ્યો હતો. વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે મળેલી હાર બાદ TMCના હાથમાંથી સતત લોકલ બોડી સરકી રહી હતી, પરંતુ હવે TMCને બાર કાઉન્સિલની ચૂંટણીમાં મોટી જીત મળી છે. જેનાથી મમતાની પાર્ટીને મોટું નૈતિક બળ મળશે. પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ 23માંથી 15 બેઠકો પર ભવ્ય વિજય મેળવીને પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આ ચૂંટણીમાં ભાજપને 3, ડાબેરી મોરચાને 3 અને કોંગ્રેસને 2 બેઠકો મળી છે. મમતા બેનરજીની ભલામણથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા TMCના વકીલ ઉમેદવારોએ 5 અનામત મહિલા બેઠકોમાંથી 4 બેઠકો પર જીત હાસિલ કરી છે.પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલની કુલ 23 ચૂંટાયેલી બેઠકોમાંથી 18 બેઠકો પુરુષો માટે અને 5 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી હતી. પરિણામોમાં TMCએ 15, ભાજપે 3, લેફ્ટ ફ્રન્ટે 3 અને કોંગ્રેસે 2 બેઠકો પર જીત મેળવી છે. 5 મહિલા અનામત બેઠકોમાંથી TMCએ 4 અને કોંગ્રેસે 1 બેઠક પર જીત હાંસલ કરી છે. ચૂંટણી બાદ સુપ્રીમ કોર્ટના નિર્દેશો પ્રમાણે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વધુ 2 મહિલા ઉમેદવારોને મનોનીત કરશે, જેથી કુલ સભ્યોની સંખ્યા વધીને 25 થઈ જશે. તમને જણાવી દઈએ કે, ચૂંટણીમાં કુલ 75 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. TMCએ 23, ભાજપે 22, ડાબેરી મોરચાએ 12 અને 18 અપક્ષ વકીલોએ પોતાનું નસીબ અજમાવ્યું હતું. TMC લૉયર્સ સેલના શુભાશીષ ચક્રવર્તીએ સૌથી મોટા અંતરથી જીત નોંધાવી છે. અન્ય પ્રમુખ વિજેતાઓમાં વૈસ્વોનર ચેટર્જી, અંસાર મંડલ, અશોક દેબ, ઈન્દ્રનીલ બસુ અને સિદ્ધાર્થ મુખર્જી સામેલ છે. આ તમામ મમતા બેનર્જીની ભલામણ પર મેદાનમાં ઉતર્યા હતા.TMC લૉયર્સ સેલના સભ્ય સંજય બર્ધને જણાવ્યું કે, તમામ જિલ્લા અદાલતોના પ્રેક્ટિસિંગ વકીલો દ્વારા મતદાનના માધ્યમથી બાર કાઉન્સિલની રચના કરવામાં આવી. ચૂંટણી માટે મતદાન 9 માર્ચથી શરૂ થયું હતું. ગત ચૂંટણીની સરખામણીએ ભાજપે 3 અને કોંગ્રેસે 2 બેઠકો જાળવી રાખી છે, જ્યારે ડાબેરી મોરચો 4થી ઘટીને 3 બેઠકો પર આવી ગયો છે. TMC હવે ટૂંક સમયમાં નવા બોર્ડની રચના કરવા જઈ રહી છે.

## કોલકાતાની હોટલમાં મોડી રાત્રે ભીષણ આગ: સારવાર માટે ભારત આવેલા 9 બાંગ્લાદેશી નાગરિકોના મોત

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.19

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં હોટલમાં ભીષણ આગ ફાટી નીકળતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ અગ્નિકાંડમાં 9 બાંગ્લાદેશી નાગરિકોના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 6 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભોગ બનનાર તમામ લોકો મેડિકલ સારવાર કરાવવા માટે કોલકાતા આવ્યા હતા અને આ હોટલમાં રોકાયા હતા.

ફાયર બ્રિગેડ વિભાગના અધિકારીઓ મુજબ, હોટલમાં આ આગ મંગળવારે મોડી રાત્રે આશરે 2 વાગ્યાની આસપાસ લાગી હતી. આગ લાગતાં જ નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરીને આગ પર કાબૂ મેળવ્યો હતો.રાત્રે બે 2:00 વાગ્યે જ્યારે મોટાભાગના લોકો ગાઢ ઊંઘમાં હતા ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ જતાં અનેક લોકો અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ 4



ફાયર ટેન્ડર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

ઘટનામાં દાઝી ગયેલા 6 લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમની વર્તમાન સ્થિતિ અંગે તાત્કાલિક કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી. ઘટનાસ્થળ પરથી મળેલા દૃશ્યો અનુસાર, જે હોટલમાં આગ લાગી તે અત્યંત ગીચ બાંધકામ ધરાવતા વિસ્તારમાં આવેલી એક જૂની ઈમારતમાં કાર્યરત હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. વહીવટી તંત્ર દ્વારા સમગ્ર બનાવ અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે અને આગ કેવી રીતે લાગી તે જાણવા માટે હોટલ પરિસરનું ટેકનિકલ ઈન્સ્પેક્શન કરવામાં આવશે.કોલકાતાની આ કરુણાંતિકા પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં બનેલી આગની ઘટનાના માત્ર બે જ દિવસ બાદ સામે આવી છે.

## News Brief

### સંસદ પર 'ક્રિમિનલો'નો કબજો 326 સાંસદો સામે ફોજદારી કેસ

નવી દિલ્હી : દુનિયાના સૌથી મોટા લોકતાંત્રિક દેશમાં સંસદને લોકતંત્રનું મંદિર માનવામાં આવે છે, પરંતુ દેશની સંસદમાં હાલ ક્રિમિનલ્સનો કબજો છે તેવું આકલન સુપ્રીમ કોર્ટને સોંપાયેલા એક રિપોર્ટ પરથી નીકળી શકે છે. રાજકારણમાં અપરાધીકરણના સંબંધમાં સુપ્રીમ કોર્ટને એક રિપોર્ટ સોંપાયો છે. આ રિપોર્ટ મુજબ દેશમાં કુલ ૭૮૮ સાંસદોમાંથી ૩૨૬ એટલે કે લગભગ ૪૧ ટકા સાંસદો સામે વિવિધ કોર્ટમાં ક્રિમિનલ કેસ ચાલી રહ્યા છે. આ સિવાય ૨૮ રાજ્યોમાં ૧૪ મુખ્યમંત્રીઓ સામે ગંભીરથી અતિ ગંભીર ફોજદારી ગુના નોંધાયેલા છે. આ રિપોર્ટ મુજબ દેશની વિવિધ કોર્ટોમાં સાંસદો અને ધારાસભ્યો સામે કુલ ૪,૧૯૨ કેસ પેન્ડિંગ છે. રાજકારણના ક્રિમિનલાઈઝેશનના સંબંધમાં દેશમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે ચાલતા ક્રિમિનલ કેસો પર પ્રકાશ પાડતો એક તાજા સ્ટેટસ રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોંપયો હતો. આ રિપોર્ટમાં જણાવાયું છે કે લોકસભાના ૫૪૩માંથી ૨૫૧ સાંસદો તેમજ રાજ્યસભાના ૨૩૩માંથી ૭૫ એટલે કે ૩૩ ટકા સાંસદો વિરુદ્ધ ક્રિમિનલ કેસ નોંધાયેલા છે.સુપ્રીમ કોર્ટમાં વરીષ્ઠ વકીલ વિજય હંસારિયાએ એક સોગંદનામુ દાખલ કરી કહ્યું કે, તેમને સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ ક્રિમિનલ કેસોનો વહેલી તકે નિકાલ કરવાની માગણી કરતી પીઆઈએલમાં ન્યાયમિત્ર તરીકે નિયુક્ત કરાયો છે. આ સોંગદનામામાં કહેવાયું છે કે દેશની વિવિધ અદાલતોમાં સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ ૪,૦૦૦થી વધુ ક્રિમિનલ કેસ નોંધાયેલા છે.

### અગાઉનો કેસ પણ ખોટો હતો અને આ નવો કેસ પણ સંપૂર્ણપણે બોગસ સાબિત થશે

# સત્યેન્દ્ર જૈનની ધરપકડ: કેજરીવાલે કહ્યું- આ કેસ પણ ફેક સાબિત થશે; ભાજપે પણ કર્યો વળતો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.19

દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનની ACB દ્વારા મંગળવારે ધરપકડ કરાઈ છે. દિલ્હી જલ બોર્ડના કથિત ભ્રષ્ટાચાર અને STP ટેન્ડર કૌભાંડ મામલે આ કાર્યવાહી થઈ. AAP અને BJP સામસામે આવ્યા છે. કેજરીવાલે આ કેસને બોગસ ગણાવ્યો, જ્યારે ભાજપે AAPના 'ઈમાનદાર' મોડેલને બેનકાબ ગણાવ્યું. રાજકીય નિવેદનબાજી તેજ બની છે.

દિલ્હી સરકારના પૂર્વ મંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વરિષ્ઠ નેતા સત્યેન્દ્ર જૈનની મંગળવારે (18 ઓગસ્ટ) એન્ટી કરપ્શન બ્રાન્ચ (ACB) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. અગાઉની સરકારના કાર્યકાળ દરમિયાન દિલ્હી જલ બોર્ડમાં થયેલા કથિત ભ્રષ્ટાચાર અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ટેન્ડર કૌભાંડ મામલે ACB દ્વારા આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સત્યેન્દ્ર જૈનની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી (BJP) સામસામે આવી ગયા છે અને રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ છે.આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આ



ધરપકડ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ભાજપે ફરી એકવાર સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરાવી છે. અગાઉ પણ તેમને જેલમાં ધકેલીને જે દુર્દશા કરવામાં આવી હતી તે સૌ કોઈ જાણે છે. અગાઉનો કેસ પણ ખોટો હતો અને આ નવો કેસ પણ સંપૂર્ણપણે બોગસ સાબિત થશે.

"આખરે ભાજપની આ સરમુખત્યારશાહી ક્યાં સુધી ચાલશે? જેને મન ફાવે તેના પર ખોટા આક્ષેપો મૂકીને જેલમાં મોકલી દેવામાં આવે છે. તેમનું આ જૂઠાણું ફરી એકવાર દેશની સામે ખુલ્લું પડશે. પરંતુ જેલમાં વિતાવેલા સમય અને માનસિક ત્રાસની ભરપાઈ કોણ કરશે? હવે ભાજપના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે. તેઓ ગમે તેટલી તાનાશાહી કરે, મોદી સરકારનો અંત હવે નિશ્ચિત છે. સમગ્ર આમ આદમી પાર્ટી અને દેશની જનતા મજબૂતીથી સત્યેન્દ્ર જૈનની સાથે ઊભી છે."આ મામલે આપ નેતા મનીષ સિસોદિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આક્રોશ વ્યક્ત કરતા લખ્યું કે, પંજાબ ચૂંટણી નજીક આવતાં જ પંજાબના સહ-પ્રભારી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ પણ તેમને 2.5 વર્ષ સુધી એક ખોટા કેસમાં જેલમાં રાખવામાં આવ્યા હતા અને હવે વધુ એક ખોટો કેસ ઊભો કરવામાં આવ્યો છે. GenZ આંદોલનથી લઈને રામ મંદિરમાં ચંદા ચોરી અને E20 જેવા અનેક મુદ્દાઓ પર ઘેરાયેલી ભાજપ હવે ફરીથી ED, ACB અને CBI જેવા જૂના ચૂંટણી હથકંડાઓ પર ઉતરી આવી છે.સત્યેન્દ્ર જૈનની ધરપકડ બાદ ભાજપે પણ આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. દિલ્હી ભાજપના પ્રદેશ અધ્યક્ષ હર્ષ મલ્હોત્રાએ જણાવ્યું કે, "STP કૌભાંડ અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન સહિતના લોકોની ધરપકડથી સ્પષ્ટ થઈ ગયું છે કે કેજરીવાલ સરકારના 10 વર્ષના શાસનમાં એક પણ નાળા પર STP કેમ ન બન્યું અને 10 વર્ષમાં યમુના નદી વધુ પ્રદૂષિત કેમ થઈ. ACBની તપાસમાં સમગ્ર 'મની ટ્રેઈલ' પકડાઈ ગઈ છે.

### કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાને એન્જીયોપ્લાસ્ટી બાદ દિલ્હી એઈમ્સમાંથી રજા આપવામાં આવી



નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જેપી નડ્ડા, જેમણે સોમવારે (17 ઓગસ્ટ) એન્જીયોપ્લાસ્ટી કરાવી હતી, તેમને દિલ્હી એઈમ્સમાંથી રજા આપવામાં આવી છે. પ્રક્રિયા બાદ રજા મળ્યા બાદ નડ્ડા બુધવારે એઈમ્સ દિલ્હીથી રવાના થયા હતા. મંત્રીને 14 ઓગસ્ટના રોજ એઈમ્સના કાર્ડિયોલોજી વિભાગમાં નિરીક્ષણ માટે દાખલ કરવામાં આવ્યા હતા, કારણ કે તેમને અસ્વસ્થતા માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં કોરોનરી એન્જીયોગ્રાફી સહિતના પરીક્ષણો પણ કરવામાં આવ્યા હતા.

AIIMS દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝ અનુસાર, 13 ઓગસ્ટની સાંજે નડ્ડાની અસ્વસ્થતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. 'માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જેપી નડ્ડાની 13 ઓગસ્ટ 2026ની સાંજે કોરોનરી એન્જીયોગ્રાફી સહિતના પરીક્ષણો સાથે અસ્વસ્થતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેઓ હાલમાં સ્થિર છે અને કાર્ડિયોલોજી વિભાગમાં નિરીક્ષણ માટે દાખલ છે,' AIIMS એ રિલીઝમાં જણાવ્યું હતું. અગાઉ, ઘણા મંત્રીઓએ ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મંત્રીને ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. 'કેન્દ્રીય મંત્રી શ્રી જેપી નડ્ડાજીને ઝડપી સ્વસ્થ થવાની અને સારા સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવી હતી,' સંઘવીએ X પર જણાવ્યું હતું. ગુજરાતના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે પણ મંત્રીના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. X પર એક પોસ્ટમાં, પટેલે લખ્યું, 'શ્રી જેપી નડ્ડાજીને ઝડપી સ્વસ્થ થવાની અને સતત સારા સ્વાસ્થ્યની શુભેચ્છા.'

## વાહનચાલકોના ભારે રોષ બાદ આખરે મોદી સરકાર જાગી! જૂની ગાડીઓ માટે E10 પેટ્રોલની વાપસીના સંકેત




(એજન્સી) નવી દિલ્હી | તા.19

દેશભરમાં E20 પેટ્રોલને કારણે વાહનચાલકોમાં માઈલેજ ઘટવા અને એન્જિનને નુકસાન થવાની ફરિયાદો વ્યાપક બની છે. સરકારે સંસદમાં 3થી 6% માઈલેજ ઘટાડો સ્વીકાર્યો હતો. હવે, સરકાર અને ઓઈલ ઉદ્યોગ E20 સાથે E10 પેટ્રોલ ફરીથી ઉપલબ્ધ કરાવવા પર વિચારણા કરી રહ્યા છે, જેથી કરોડો જૂના વાહનચાલકોને વિકલ્પ મળી શકે.દેશભરમાં E20 પેટ્રોલ (20% ઈથેનોલ મિશ્રિત ઈંધણ)ને લઈને વાહનચાલકોમાં ભારે ચર્ચા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. આમ જનતાની ફરિયાદ છે કે E20 ઈંધણના ઉપયોગથી વાહનોનું માઈલેજ ઘટી ગયું છે અને એન્જિનના પાર્ટ્સને પણ નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ સરકાર સતત આ ઈંધણના ફાયદા ગણાવી રહી છે. જોકે, આ વિવાદ વચ્ચે એક નવો રસ્તો નીકળતો દેખાઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, સરકાર અને ઓઈલ ઈન્ડસ્ટ્રી વચ્ચે E20ની સાથે ફરીથી E10 પેટ્રોલ પણ બજારમાં ઉપલબ્ધ કરાવવા અંગે પ્રાથમિક સ્તરે વિચારણા શરૂ થઈ છે. ભારતે ગયા વર્ષે જ પેટ્રોલમાં 20% ઈથેનોલ બ્લેન્ડિંગ કરવાનો ટાર્ગેટ નક્કી કરેલા સમય કરતાં લગભગ 5 વર્ષ પહેલાં જ પૂર્ણ કરી લીધો હતો. ત્યારબાદ દેશભરમાં E20 પેટ્રોલને મુખ્ય ઈંધણ તરીકે લાગુ કરવામાં આવ્યું. પરંતુ આ નિર્ણય બાદ ખાસ કરીને જૂના વાહનચાલકોની ચિંતા વધી ગઈ હતી. જે વાહનોના એન્જિન વધુ ઈથેનોલવાળા ઈંધણ માટે ડિઝાઈન કરવામાં નથી આવ્યા, તેમાં માઈલેજ ઘટી ગયું છે અને કેટલાક સ્પેરપાર્ટ્સ પર પણ માઠી અસર પડી હોવાની ફરિયાદો સામે આવી હતી. સરકારે આશંકાઓ દૂર કરવાના પ્રયાસો વચ્ચે સંસદમાં સ્વીકાર્યું હતું કે, જૂના વાહનોમાં E20ના ઉપયોગથી માઈલેજમાં 3થી 6% સુધીનો ઘટાડો થઈ શકે છે. આ ઉપરાંત વાહનના રબર કમ્પોનન્ટ્સ પર પણ તેની વિપરીત અસર થઈ શકે છે.

## PM CARES ફંડમાં દાન ઘટ્યું પણ બેલેન્સ રેકોર્ડ સ્તરે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

PM CARES ફંડને 2024-25માં 479.96 કરોડનું વાર્ષિક યોગદાન મળ્યું, જેમાંથી 479.04 કરોડ ઘરેલું અને 92 લાખ વિદેશી દાન હતું. દાન ઘટવા છતાં, 87.85 લાખના પાંચ વર્ષના સૌથી ઓછા ખર્ચને કારણે ફંડનું બેલેન્સ 8452.06 કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું. વ્યાજ અને પરત મળેલી રકમથી પણ આવક વધી. વર્ષ 2024-25માં પ્રધાનમંત્રી નાગરિક સહાયતા અને કટોકટી રાહત ફંડ (PM CARES Fund)માં મળતું વાર્ષિક યોગદાન ઘટીને 479.96 કરોડ રહી ગયું છે. પીએમ કેર્સ ફંડ પોર્ટલ પર જાહેર કરાયેલા ઓડિટેડ હિસાબી વિગતો અનુસાર, આ કુલ યોગદાનમાં 479.04 કરોડ ઘરેલુ દાનમાંથી આવ્યા છે, જ્યારે વિદેશી દાન માત્ર 92 લાખ જેટલું જ રહ્યું છે. દાનમાં થયેલા આ ઘટાડા છતાં, ખર્ચ સાવ નહિવત થવાના કારણે નાણાકીય વર્ષના અંતે




ફંડમાં જમા બેલેન્સ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયું છે.નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન પીએમ કેર્સ ફંડને માત્ર દાન જ નહીં પરંતુ અન્ય સ્રોતોમાંથી પણ નોંધપાત્ર આવક થઈ છે. ફંડને ફિક્સ ડિપોઝિટ (FD) અને રેગ્યુલર એકાઉન્ટ્સમાંથી વ્યાજ પેટે 475.14 કરોડ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત, બેંકો દ્વારા કાપવામાં આવેલા TDSના રિફંડ તરીકે 13.49 લાખ અને અમલીકરણ એજન્સીઓ પાસેથી પરત મળેલી રકમ પેટે 324.65 કરોડ ફંડમાં જમા થયા છે. એક તરફ દાન ઘટ્યું છે તો બીજી તરફ ફંડમાંથી થતો વાર્ષિક ખર્ચ સાવ ઘટીને માત્ર 87.85 લાખ રહી ગયો છે, જે છેલ્લા 5 વર્ષોમાં સૌથી ઓછો છે. આ કુલ ખર્ચમાંથી 87.84 લાખ 'PM Cares for Children' યોજના પાછળ વપરાયા છે, જ્યારે 451 બેંક અને એસએમએસ ચાર્જ પેટે ચૂકવાયા છે.

નોંધનીય છે કે, અગાઉના વર્ષોમાં આ ખર્ચ ઘણો વધારે હતો; 2023-24માં 15.59 કરોડ, 2022-23માં 437.87 કરોડ, 2021-22માં 3,716.29 કરોડ અને કોરોનાના સમયગાળા દરમિયાન 2020-21માં વિક્રમજનક 3,976.17 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.ઓછા ખર્ચના કારણે નાણાકીય વર્ષ 2024-25ના અંતે ફંડમાં રહેલી કુલ બેલેન્સ 8452.06 કરોડના ઓલ-ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ છે. આ બેલેન્સ અગાઉના નાણાકીય વર્ષ (2023-24)ના 7173.03 કરોડની સરખામણીએ 17.83%નો વધારો દર્શાવે છે.

## "જનતા જાગી ગઈ છે": રાજભવન તરફ આરજેડી કૂચ દરમિયાન પોલીસે પાણીનો મારો ચલાવ્યો, તેજસ્વી યાદવ

પટણા: બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના નેતા તેજસ્વી યાદવે બુધવારે કહ્યું કે પટણામાં લોકભવન તરફ પગપાળા કૂચ દરમિયાન પોલીસે વિરોધીઓને વિખેરવા માટે પાણીનો મારો ચલાવ્યો, જેના કારણે સરકારે ઝૂકવું પડશે. તેજશ્વી યાદવે આરજેડી નેતાઓ અને સમર્થકો સાથે પગપાળા કૂચનું નેતૃત્વ કર્યું, જેમાં રાજ્યમાં કથિત પરીક્ષા પેપર લીક, બેરોજગારી અને વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી. યાદવે કહ્યું, 'જનતા જાગી ગઈ છે અને રસ્તાઓ પર છે. સરકારે ઝૂકવું પડશે. આવી કાર્યવાહી કામ કરશે નહીં.'માર્ચમાં જોડાયેલા આરજેડી સાંસદ મીસા ભારતીએ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન એકે-૪૭ના ઉપયોગ પર સવાલ ઉઠાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે બિહાર સરકાર રાજ્યમાં વિદ્યાર્થીઓના 'ભવિષ્યનું ખૂન' કરી રહી છે. એએનઆઈ સાથે વાત કરતા ભારતીએ કહ્યું, 'અમે સાંભળ્યું છે કે બિહાર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર્યું છે કે એકે-૪૭નો ઉપયોગ (વિદ્યાર્થીઓ વિરુદ્ધ) થયો હતો. બિહાર સરકારને કોર્ટે પૂછવું જોઈતું હતું કે વિરોધ પ્રદર્શનમાં એકે-૪૭નો ઉપયોગ કરવાની મંજૂરી કોણે આપી હતી. જો ડીએમએ પરવાનગી આપી હોય, તો તેમને સસ્પેન્ડ કરવા જોઈએ. આ બિહાર સરકાર બિહારના વિદ્યાર્થીઓના ભવિષ્યનું ખૂન કરી રહી છે.' સીવાનમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન એકે-૪૭ રાઈફલના ઉપયોગ અંગેના વિવાદ વચ્ચે આ કૂચ આવી છે. બિહાર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ભીડમાં ફસાઈ ગયા બાદ એક પોલીસ કોન્સ્ટેબલે એકે-૪૭માંથી હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

## મધ્યપ્રદેશના CM મોહન યાદવ રક્ષાબંધનની ભેટ તરીકે 1,500 રૂપિયા લાડલી બહેનાના હપ્તા અને વધારાના 250 રૂપિયા ટ્રાન્સફર

ભોપાલ: મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ બુધવારે મૈહર જિલ્લામાં રાજ્ય સ્તરીય કાર્યક્રમમાં લાડલી બહેન યોજના હેઠળ 1.25 કરોડથી વધુ લાભાર્થીઓને રક્ષાબંધન ભેટ તરીકે વધારાના 250 રૂપિયા સાથે 1,500 રૂપિયાનો નિયમિત માસિક હપ્તો ટ્રાન્સફર કરશે. આ સાથે, નિયમિત હપ્તો અને વિશેષ સહાયને જોડીને, દરેક લાડલી બહેનને આ પ્રસંગે DBT દ્વારા સીધા તેમના બેંક ખાતામાં 1,750 રૂપિયા પ્રાપ્ત થશે. 'રક્ષાબંધન આ મહિનાની 28મી તારીખે ઉજવવામાં આવશે...આજે, અમે મૈહરમાં 1.25 કરોડથી વધુ લાડલી બહેનોને 1500 રૂપિયાનો નિયમિત હપ્તો અને દરેકને રક્ષાબંધન ભેટ તરીકે વધારાના 250 રૂપિયા આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છીએ,' સીએમ યાદવે એએનઆઈને જણાવ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો છે અને ઘણા પરિવારોની આર્થિક સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરી છે. 'આપણી બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે પણ આ એક મોટી પ્રતિબદ્ધતા છે. આપણે બધા જાણીએ છીએ કે ઘણા ઘરોમાં, આ ખૂબ જ નોંધપાત્ર રકમ છે અને તે ઘણા પરિવારોમાં સકારાત્મક પરિવર્તન, સુવિધા લાવે છે. કેટલીક મહિલાઓએ વધારાની આવક ઉત્પન્ન કરવા માટે સીવણ મશીનો ખરીદી છે, જ્યારે અન્ય લોકોએ ગાય કે ભેંસ ખરીદી છે. 1,500 રૂપિયાની સતત માસિક સહાય તેમના ઘરની સમગ્ર આર્થિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં મદદ કરી રહી છે અને નોંધપાત્ર સહાય પૂરી પાડી રહી છે,' તેમણે કહ્યું. તેમણે વધુમાં આશા વ્યક્ત કરી કે જેમ જેમ દેશ વડા પ્રધાનના નેતૃત્વમાં આગળ વધશે.

## કેબિનેટે પશ્ચિમ બંગાળ, ઓડિશા, તમિલનાડુ અને આંધ્રપ્રદેશના આઠ જિલ્લાઓને આવરી લેતા ચાર મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી, જે ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે 410 કિમીનો વધારો કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આજે આશરે રૂ. 9,450 કરોડના કુલ ખર્ચ સાથે રેલવે મંત્રાલયના ચાર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સમાં નીચે મુજબના સેક્શનનો સમાવેશ થાય છે: ખડગપુર - ભદ્રક (રાણીતાલ) 4થી લાઈન - 173 કિમી (પશ્ચિમ બંગાળ અને ઓડિશા), ભદ્રક - હરિદાસપુર 4થી લાઈન - 75 કિમી (ઓડિશા), ગુમ્મિડીપૂંડી - ગુડુર 3જી અને 4થી લાઈન - 90 કિમી (આંધ્રપ્રદેશ અને તમિલનાડુ), કટક - પારાદીપ (બડાબંધા) 3જી અને 4થી લાઈન - 72 કિમી (ઓડિશા), લાઈન ક્ષમતામાં આ વધારો ગતિશીલતા (મોબિલિટી) માં નોંધપાત્ર સુધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલવે માટે ઓપરેશનલ કાર્યક્ષમતા અને સેવા સુદ્રઢતામાં સુધારો થશે. આ મલ્ટિ-ટ્રેકિંગ પ્રસ્તાવો કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ટ્રાફિક જામ/ભીડને હળવી કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'ન્યૂ ઈન્ડિયા' ના વિઝનને અનુરૂપ છે, જે વિસ્તારમાં વ્યાપક વિકાસ દ્વારા આ પ્રદેશના લોકોને 'આત્મનિર્ભર' બનાવશે અને તેમની રોજગાર/સ્વ-રોજગારની તકોમાં વધારો કરશે.સંકલિત આયોજન અને ભાગીદારોની પરામર્શ પ્રક્રિયા દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન પર આ પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સ લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડશે.પશ્ચિમ બંગાળ, ઓડિશા, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ રાજ્યોના 08 (આઠ) જિલ્લાઓને આવરી લેતા આ 04 (ચાર) પ્રોજેક્ટ્સ ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે 410 કિમીનો વધારો કરશે. પ્રસ્તાવિત મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ આશરે 6,448 ગામડો સુધી કનેક્ટિવિટી વધારશે, જે આશરે 60 લાખની વસ્તી ધરાવે છે.પ્રસ્તાવિત ક્ષમતા વધારો દેશભરના કેટલાંક અગ્રણી પ્રવાસન સ્થળો સુધી રેલ કનેક્ટિવિટી સુધારશે, જેમાં કુલ્ડીહા વન્યજીવ અભયારણ્ય, ભીતરકનિકા રાષ્ટ્રીય ઉદ્યાન, મા ભદ્રકાળી મંદિર, મા ધામરાઈ મંદિર, પંચલિંગેશ્વર મંદિર, તાલસરી-ઉદયપુર અને ચાંદીપુર બીચ, પુલિકટ સરોવર, નેલાપટ્ટુ પક્ષી અભયારણ્ય, ભગવાન વીરરાઘવ પેરુમલ મંદિર, ગડા કુજંગ જગન્નાથ મંદિર, સારળા મંદિર, ધબલેશ્વર મંદિર, લલિતગિરી (બૌદ્ધ સ્થળ) વગેરેનો સમાવેશ થાય છે. પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સ કોલસો, લોખંડની અયસ્ક (આયર્ન ઓર), સિમેન્ટ, આયર્ન અને સ્ટીલ, કન્ટેનર, ઓટોમોબાઈલ, અનાજ વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે અત્યંત મહત્વપૂર્ણ માર્ગો છે. ક્ષમતા વૃદ્ધિના આ કાર્યોના પરિણામે પ્રતિ વર્ષ 76 મિલિયન ટન (MTPA) વધારાનો ફ્રેટ ટ્રાફિક પ્રાપ્ત થશે. રેલવે પરિવહનનું પર્યાવરણ-અનુકૂળ અને ઊર્જા-કાર્યક્ષમ માધ્યમ હોવાને કારણે, આબોહવાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને દેશના લોજિસ્ટિક્સ ખર્ચને ઘટાડવામાં, તેલની આયાત ઓછી કરવામાં (₹13 કરોડ લિટર) અને $CO_2$ ઉત્સર્જન ઘટાડવામાં (₹65 કરોડ કિગ્રા) મદદ કરશે, જે 2.60 કરોડ વૃક્ષો વાવવા સમાન છે.

CONN PLEX CINEMAS

### કોનપ્લેક્સ સિનેમા લિમિટેડ

(અગાઉ VCS ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું)
[CIN: L74110GJ2015PLC111882]
રજિસ્ટર્ડ ઓફિસ: બ્લોક C-1001, ક્રિશ ક્યુબિકલ, એવલોન હોટેલની સામે, ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, થલતેજ, અમદાવાદ, દસક્રોઈ, ગુજરાત, ભારત, 380059
ઈમેઈલ: cs@theconnplex.com; વેબસાઈટ: www.theconnplex.com
ફોન: +91 079 35289865

### જાહેર સૂચના

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, 2013 અને સેક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લિગશન્સ એન્ડ ડિસક્લોઝર રિક્વાઈરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ની લાગુ પડતી જોગવાઈઓ તેમજ MCA પરિપત્ર નં. 09/2024 (તારીખ 19 સપ્ટેમ્બર, 2024) અને SEBI પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-POD-2/P/CIR/2024/133 (તારીખ 03 ઓક્ટોબર, 2024) ના અનુસંધાનમાં, કોન્પ્લેક્સ સિનેમાઝ લિમિટેડ ('કંપની') (અગાઉ વીસીએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે જાણીતી હતી) ના સભ્યોની ૧૧મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') સોમવાર, 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ ભારતીય સમય મુજબ બપોરે 4:00 વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઑડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે, જેથી ૧૧મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં જણાવ્યા મુજબના વ્યવહારો/કાર્યો હાથ ધરી શકાય.

કંપની ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં કંપનીના સભ્યોને VC/OAVM દ્વારા મીટિંગમાં હાજરી આપવાની સુવિધા અને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મીટિંગ દરમિયાન મતદાન કરવાની સુવિધા પૂરી પાડવાનો આનંદ અનુભવે છે. કટ-ઓફ ડેટ પર શેર ધરાવતા સભ્યો, જેમને કંપની/આરટીએ પાસે ઈમેઈલ આઈડી ઉપલબ્ધ ન હોવાને કારણે કંપનીના વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક નકલ મળી નથી, તેઓ પણ એજીએમની સૂચનામાં આપેલી સૂચનાઓનું પાલન કરીને પોતાનો મત આપી શકે છે.

એજીએમની સૂચના ફક્ત તે સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવશે, જેમના નામ 14 ઓગસ્ટ, 2026 ના રોજ સંબંધિત ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટર/લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં દેખાય છે અને જેમના ઈમેઈલ સરનામાં કંપની/ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. તેથી, જે સભ્યોએ પોતાનો ઈમેઈલ આઈડી રજીસ્ટર કરાવ્યો નથી તેમને કંપની તરફથી ઈ-સંચાર પ્રાપ્ત કરવા માટે નીચે દર્શાવેલ પ્રક્રિયાને અનુસરીને નોંધણી કરાવવા વિનંતી છે:

a. ભૌતિક રીતે શેર ધરાવતા સભ્યોને વિનંતી છે કે તેઓ cs@theconnplex.com પર ફોલિયો નંબર, સભ્યનું નામ અને પાન કાર્ડ અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જેવી જરૂરી વિગતો સાથે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી કરાવે.

b. ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યોને ઈમેઈલ સરનામાં નોંધણી માટે તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીનો સંપર્ક કરવા વિનંતી છે.

કંપનીની વાર્ષિક સામાન્ય સભાની સૂચના કંપનીની વેબસાઈટ https://theconnplex.com/ અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ https://www.nseindia.com/ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કોનપ્લેક્સ સિનેમા લિમિટેડ માટે
(અગાઉ VCS ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું) Sd/-
અનિશ તુલશીભાઈ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 07823715

સ્થાન: અમદાવાદ
તારીખ: 19 ઓગસ્ટ, 2026

## પાટણના યાત્રીઓ માટે ખુશખબર

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર 20626/20625 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસ (પાંચ દિવસ પ્રતિ સપ્તાહ) નું પાટણ સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્ટોપેજ 21 ઓગસ્ટ 2026 (શુક્રવાર) થી પ્રભાવી થશે.ટ્રેન નંબર 20626 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસનું તારીખ 21 ઓગસ્ટ 2026 થી દરેક સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર અને રવિવારે પાટણ સ્ટેશન પર 11:35 કલાકે આગમન તથા 11:37 કલાકે પ્રસ્થાન થશે.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 20 AUGUST-2026

AHMEDABAD


## ટ્રેન નં. 20495/20496 ના સ્ટોપને કામચલાઉ સ્થગિત

અમદાવાદ | અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્ય અને પરિણામે મર્યાદિત પ્લેટફોર્મ ઉપલબ્ધતાને કારણે, પશ્ચિમ રેલ્વેએ અમદાવાદ સ્ટેશન પર ટ્રેન નં. 20495/20496 (જોધપુર-હડપસર-જોધપુર ડેઈલી એક્સપ્રેસ) ના સ્ટોપને કામચલાઉ સ્થગિત કરી દીધો છે અને તેના બદલે સાબરમતી સ્ટેશન પર સ્ટોપ આપ્યો છે.આ વ્યવસ્થા 21 ઓગસ્ટ, 2026 થી 21 નવેમ્બર, 2026 સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, ટ્રેન નં. 20495/20496 અમદાવાદ સ્ટેશન પર સ્ટોપ કરશે નહીં; તેના બદલે, મુસાફરોની સુવિધા માટે સાબરમતી સ્ટેશન પર સ્ટોપ આપવામાં આવશે.





## 24 કલાકમાં રાજ્યના 18 તાલુકામાં વરસાદ

# આગામી 7 દિવસ ગાજવીજ સાથે મધ્યમ વરસાદની આગાહી, રાજ્યમાં સિઝનમાં સામાન્ય કરતા સરેરાશ એક ટકા ઓછો વરસાદ

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 18 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ તાપીના નિઝરમાં 11 mm (0.43 ઈંચ) વરસાદ પડ્યો છે. જ્યારે ડાંગના વઘઈમાં 10 mm અને નવસારીના ગણદેવીમાં 8 mm વરસાદ નોંધાયો છે. આજે રાજ્યના કોઈ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ આગામી સાત દિવસ વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે 18 અને 19 ઑગસ્ટે માછીમારો પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. એટલે કે 45થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

આજે 19 ઑગસ્ટથી 23 ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તેમજ દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ કેટલાક સ્થળોએ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 23 અને 24 ઓગસ્ટે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થઈ શકે છે. 24થી 25 ઓગસ્ટ દરમિયાન પણ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી છે. જ્યારે 25થી 27 ઓગસ્ટ દરમિયાન પણ હવામાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે વખત ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી નોંધાયું છે. જ્યારે 1 જૂનથી અત્યાર સુધીમાં અમદાવાદમાં 593.1 મિમી (23.35 ઈંચ) વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 65.6 મિમી (2.58 ઈંચ) વધુ છે. તો રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો 510.5 mm (20.09) વરસાદ નોંધાયો છે. જો કે સામાન્ય વરસાદ 518 MM (20.39 ઈંચ) હોવા જોઈએ. એટલે રાજ્યમાં આ સિઝનમાં સામાન્ય કરતા સરેરાશ 1 ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

# PIની સિંગલ ઓર્ડરમાં બદલી:નરોડા GIDCમાં સ્ટેટ વિજિલન્સની ટીમે દારૂનું કટીંગ ઝડપ્યા બાદ નરોડા PIની ડિટેન્શન સેન્ટરમાં બદલી, નવા PI મુકાયા...




અમદાવાદ | અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી. વી. નાયકનો ડિટેન્શન સેન્ટર ખાતે બદલીનો ઓર્ડર કરી દીધો છે. નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે ડિટેન્શન સેન્ટરમાં ફરજ બજાવતા બી.એમ. કાતરીયાને મૂકવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે સિંગલ ઓર્ડરમાં પીઆઈની બદલી કરી છે જેમાં વહીવટી કારણોસર બદલી દર્શાવવામાં આવી છે. જોકે પોલીસ સૂત્રોના મુજબ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા જીઆઈડીસી વિસ્તારમાં વિદેશી દારૂનું કટીંગ ઝડપી પાડવામાં આવ્યું હતું. સ્થાનિક નરોડા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી જેથી પોલીસ કમિશનરે બીજા જ દિવસે બદલી કરી હોવાની ચર્ચા છે.

છેલ્લા 15 દિવસથી રાજ્યના પોલીસવડા જી.એસ મલિકની સીધી દેખરેખ હેઠળની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા અમદાવાદ શહેરમાં દારૂ, જુગાર અને સ્પામાં રેડ કરવામાં આવી રહી છે. જી.એસ મલિક અગાઉ અમદાવાદ પોલીસ કમિશનર રહી ચૂક્યા છે ત્યારે અમદાવાદમાં ચાલતા દારૂ અને જુગારની પ્રવૃત્તિઓને લઈને તેઓ ખૂબ જ માહિતગાર હોવાથી હવે પોલીસવડા બન્યા બાદ અમદાવાદમાં દરોડા પાડવા સ્ટેટ મોનેટરીંગ સેલને ખૂબ જ સક્રિય કરવામાં આવી છે.

# સાબરમતીથી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા જનારા યાત્રીઓ માટે મોટી ખુશખબર

### ટ્રેન નંબર 19223 નું શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુધી વિસ્તરણ

પશ્ચિમ રેલવે Western Railway

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી અને જમ્મુ તવી વચ્ચે ચાલનારી ટ્રેન નંબર 19223 ને શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુધી વિસ્તારિત કરવામાં આવી છે. આનાથી માતા વૈષ્ણો દેવીના દર્શન માટે જનારા યાત્રીઓને સીધી કટરા સુધી રેલવે સેવા ઉપલબ્ધ થશે. જેની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર 19223 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ સાબરમતીથી 18 ઓક્ટોબર 2026 થી દરરોજ 10:25 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 18:55 કલાકે શ્રી માતા વૈષ્ણો દેવી કટરા પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 19224 શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-સાબરમતી એક્સપ્રેસ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી 20 ઓક્ટોબર 2026 થી દરરોજ 04:50 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 14:05 કલાકે સાબરમતી પહોંચશે. ટ્રેન નંબર 19223 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસનો પાલનપુર રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય 13:20 કલાકે અને 13:22 કલાકે રહેશે. આ ટ્રેનના વિસ્તરણની સાથે યાત્રીઓની સુવિધા માટે સામ્બા, બાડી બ્રાહ્મણ અને શહીદ કપ્તાન તુષાર મહાજન સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ પણ આપવામાં આવ્યા છે.v ટ્રેન નંબર 19415 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસના સમયમાં ફેરફાર : ટ્રેન નંબર 19415 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસના સમયમાં 25 ઓક્ટોબર 2026 થી ફેરફાર કરવામાં આવ્યા છે. ફેરફાર કરાયેલા સમય મુજબ, જમ્મૂ તવી સ્ટેશન પર ટ્રેનના આગમન અને પ્રસ્થાન ક્રમશઃ 04:05 કલાકે અને 04:15 કલાકે રહેશે, જ્યારે શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સ્ટેશન પર ટ્રેનનું આગમન 06:25 કલાકે થશે. ટ્રેન નંબર 12473 ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સર્વોદય એક્સપ્રેસના સમયમાં ફેરફાર : ટ્રેન નંબર 12473 ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સર્વોદય એક્સપ્રેસના સમયમાં 24 ઓક્ટોબર 2026 થી ફેરફાર કરવામાં આવ્યા છે. ફેરફાર કરાયેલા સમય મુજબ, જમ્મૂ તવી સ્ટેશન પર ટ્રેનના આગમન અને પ્રસ્થાન ક્રમશઃ 14:32 કલાકે અને 14:37 કલાકે રહેશે.ટ્રેન નંબર 19223 અને 12473 નું બુકિંગ 21 ઓગસ્ટ, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# STમાં 15 દિવસના ભાડામાં થશે 30 દિવસની મુસાફરી : દરરોજ અપડાઉન કરતા મુસાફરો માટે એસટીની રાહત




ગુજરાત | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા રોજિંદા અપડાઉન કરતા મુસાફરો માટે મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. 'દૈનિક મુસાફર પાસ યોજના'માં ભાડાની રાહતમાં વધારો કરીને મુસાફરોને 50 ટકા સુધીની સીધી બચતનો લાભ આપવામાં આવ્યો છે.

નવા નિયમ મુજબ માસિક પાસ માટે અગાઉ મુસાફરો પાસેથી 18 દિવસનું ભાડું લેવામાં આવતું હતું. હવે આ ઘટાડીને માત્ર 15 દિવસનું ભાડું કરવામાં આવ્યું છે. એટલે કે મુસાફર માત્ર 15 દિવસનું ભાડું ચૂકવીને સતત 30 દિવસ સુધી મુસાફરી કરી શકશે.

ત્રિમાસિક પાસમાં પણ મુસાફરોને સીધો લાભ મળશે. અગાઉ 90 દિવસના પાસ માટે 54 દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું. હવે માત્ર 45 દિવસનું ભાડું ચૂકવીને 90 દિવસ સુધી મુસાફરી કરી શકાશે.

GSRTCના આ નિર્ણયથી રાજ્યમાં રોજિંદા અપડાઉન કરતા આશરે 2.5 લાખથી વધુ નોકરિયાતો, વેપારીઓ અને નાના-મોટા ધંધાર્થીઓને સીધો આર્થિક લાભ મળશે. ખાસ કરીને દરરોજ એસ.ટી. બસમાં નોકરી કે વ્યવસાય માટે આવન-જાવન કરતા મુસાફરોના માસિક મુસાફરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.

નિગમના આ નિર્ણયથી મુસાફરોને આર્થિક રાહત મળવાની સાથે વધુ લોકો જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત થશે. GSRTC દ્વારા સલામત, સુવિધાજનક અને ગુણવત્તાસભર બસ સેવા સાથે મુસાફરોને વધુ લાભ મળે તે દિશામાં આ મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## અમદાવાદના રાંચરડામાં રૂ. 18 કરોડની જમીન છેતરપિંડી! ભાવ વધતાં માલિકો-દલાલોની દાનત બગડી; 7 સામે FIR

અમદાવાદ નજીક આવેલા રાચરડા ગામમાં જમીન ખરીદીના નામે કરોડો રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં પરિવાર સાથે રહેતા અને મૂળ કચ્છના માંડવીના વતની 50 વર્ષીય અશોકભાઈ ખીમજીભાઈ વાસાણી સાથે આ ઘટના ઘટી છે. તેઓ ખેતીકામ અને દાડમના વેપાર સાથે સંકળાયેલા છે. વર્ષ 2023માં તેમણે રાચરડા સીમના સર્વે નંબર 1018ની 6744 ચોરસ મીટર જમીનનો સોદો 24 કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. જમીનના માલિકો અને દલાલોએ ભેગા મળીને વેચાણ લખાણ કર્યા બાદ હપ્તે હપ્તે ચેક અને રોકડ મારફતે કુલ 18.50 કરોડ રૂપિયા મેળવી લીધા હતા. વેચાણ લખાણ સમયે જમીન માલિકોએ ટાઇટલ ક્લિયર કરી આપવાની અને જમીન એન.એ. કરાવવાની જવાબદારી લીધી હતી.

# PSI અને CNCDની ટીમ સાથે સાથે યુવકોની દાદાગીરી : નવા વાડજમાં મોડી રાતે ઢોર પકડવાની કામગીરી સમયે PSIને લાકડી મારવાનો પ્રયાસ

અમદાવાદ | રખડતા ઢોરને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક અમલવારી અંગે ટકોર કર્યા બાદ રાજ્યમાં રખડતા ઢોરની પોલિસી લાગુ કરવામાં આવી છે. જો કે પોલિસી લાગુ કર્યા બાદ કડક અમલ અમદાવાદ શહેરમાં જોવા મળતો હતો પરંતુ છેલ્લા એક મહિનાથી ફરી એકવાર રોડ પર ઢોર રખડતા જોવા મળી રહ્યા છે. શહેરના નવા વાડજ વિસ્તારમાં ઢોર પકડવા ગયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ઢોર વિભાગની ટીમ પર હુમલો અને PSIને લાકડી મારવાના પ્રયાસની ઘટના બની છે. PSIએ લાકડી આડી કરી દેતા તેઓ બચી ગયા હતા. સમગ્ર મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઢોર રોડ પર રખડતા ન હોવા જોઈએ તે અંગેની પોલીસી કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં લાગુ કરવામાં આવી છે, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગની નિષ્ક્રિય કામગીરીના કારણે હવે ફરી એકવાર ઢોર રોડ ઉપર જોવા મળી રહ્યા છે. ઢોર માલિકોની દાદાગીરી એટલી વધી ગઈ છે કે હવે પોલીસ અધિકારી ઉપર પણ હુમલાનો પ્રયાસ કરે છે અને કાયદાનો કોઈપણ ડર ન હોય તેમ બેફામ બનતા હોય તેવો બનાવ નવાવાડજ વિસ્તારમાં બન્યો છે. પશ્ચિમ ઝોનના CNCD વિભાગના અધિકારીઓ કર્મચારીઓ અને પીએસઆઇ ઢોર પકડવા માટે પેટ્રોલિંગમાં નીકળ્યા હતા.

નવા વાડજના આકાશદીપ એપાર્ટમેન્ટ પાસે પેટ્રોલિંગ દરમિયાન ગાય ફરતી જોવા મળી હતી, જેથી ગાયોને ટ્રેલરમાં ભરવા માટે કામગીરી શરૂ કરી ત્યારે પારસ ભરવાડ અને પીન્ટુ ભરવાડ નામના બે વ્યક્તિ ત્યાં આવ્યા હતા. ગાળાગાળી કરી અને તમને ઢોર ટ્રેલરમાં ભરવા નહીં દઈએ એવું કહી ધમકીઓ આપી હતી.

તેઓ ટ્રેલરમાં ગાયના ભરવા દેતા નહોતા અને ગાય પર હુમલો કરતા હતા જેથી હાજર PSI એસ.એમ શેખ દ્વારા ગાય પર હુમલો કરવાની ના પાડતા લાકડીથી PSI પર યુવક દ્વારા હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેથી PSIએ લાકડી આડી કરી દેતા તેઓ બચી ગયા હતા.

વધુ બોલાચાલીના પગલે પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરતા વાડજ પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. જો કે વધુ બોલાચાલી થતા બંને યુવક આજે તમે બચી ગયા છો હવે અહીંયા ગાયો ભરવા માટે આવતા નહીં કહી અને ફરાર થઈ ગયા હતા. ઢોર અહીંયા રહેશે જ હવે આવ્યા તો બચશો નહીં એવી ધમકી આપી અને જતા રહ્યા હતા. વાડજ પોલીસ સ્ટેશનમાં પીન્ટુ ભરવાડ અને પારસ ભરવાડ નામના બંને શખસ વિરુદ્ધ CNCD વિભાગના કર્મચારી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા વાડજ પોલીસે આ મામલે ગુનો નોંધ્યો છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરમાં ફરી એકવાર રોડ ઉપર રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. ખાસ કરીને સાંજે અને રાત્રે રોડ ઉપર ઢોર પશુ માલિકો દ્વારા છુટા મૂકી દેવામાં આવે છે જેના કારણે થઈને ફરી એકવાર રોડ પર ઢોરના કારણે અકસ્માત થવાની સંભાવના જોવા મળી રહી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતા ઢોર મામલે કડક એક્શન લેવાની સૂચના બાદ પોલીસી બનાવવામાં આવી છે જે અંતર્ગત કામગીરી પણ કરવામાં આવી હતી જોકે હવે ફરી એકવાર કોર્પોરેશનના સીએનસીડી વિભાગની નિષ્ક્રિયતાના કારણે રોડ ઉપર ઢોર જોવા મળી રહ્યા છે.

# ભાડજ સ્થિત ઇસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભગવાન શ્રીકૃષ્ણનો જન્માષ્ટમીનો સંદેશ "સ્વાગતમ્ કૃષ્ણ 2026" સમગ્ર ગુજરાતમાં સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડશે

અમદાવાદ | ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા દર વર્ષે ભવ્ય રીતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં અસંખ્ય ભક્તો અને શ્રદ્ધાળુઓ જોડાય છે. આ વર્ષે ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી તેમજ તેના આધ્યાત્મિક સંદેશને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવા માટે "સ્વાગતમ્ કૃષ્ણ 2026"ની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, વડોદરા, સાણંદ, વિરમગામ, કડી-કલોલ ખાતે 22 ઓગષ્ટ થી 13 સપ્ટેમ્બર 2026 દરમિયાન આધ્યાત્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શ્રીકૃષ્ણનો જન્માષ્ટમીનો સંદેશ "સ્વાગતમ્ કૃષ્ણ 2026"ની ઉજવણી કરવામાં આવશે. સાથોસાથ 23 થી 28 ઓગષ્ટ દરમિયાન ઝુલન મહોત્સવનું ભાડજ હરેકૃષ્ણ મંદિર ખાતે કરવામાં આવ્યુ છે. ઈસ્કોન હરે કૃષ્ણ મૂવમેન્ટના પ્રમુખ જગનમોહનકૃષ્ણ દાસજીએ સમગ્ર ગુજરાતમાં આયોજીત "સ્વાગતમ્ કૃષ્ણ



2026" કાર્યક્મની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, 22 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે ચાંદખેડા - શ્રી સદારામ બાપા કોમ્યુનિટી હોલ, ઉમિયા પાર્ટી પ્લોટ, ગોતા, બાલાજી ઓએસિસ લૉન, પાલજ, ગાંધીનગર, 23 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે હરેકૃષ્ણ મૂવમેન્ટ, રાજકોટ - સિસન્સ હોટેલ, 29 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે ચાંદલોડિયા કોમ્યુનિટી સેન્ટર, મંગલપાંડે હોલ, નિકોલ, મેડોઝ, અદાણી શાંતિગ્રામ, 30 ઓગસ્ટે સાંજે 6-00 કલાકે સાણંદ, કલોલ ટાઉનહોલ, વેદમંદિર, મણિનગર, તેમજ 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમીની સાંજે 6-00 કલાકે હરેકૃષ્ણ મૂવમેન્ટ, સુરત - મહેશ્વરી ભવન, હરેકૃષ્ણ મૂવમેન્ટ, વડોદરા - ઈવામોલ ખાતે આધ્યાત્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનો જન્માષ્ટમી મહોત્સવનો સંદેશ ભક્તો સુધી પહોંચાડવામાં આવશે. આ સાથે 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમીના રોજ સવારે 8 થી રાત્રી 12:30 સુધી ભાડજ ખાતે આવેલા ઈસ્કોન હરેકૃષ્ણ મુખ્ય મંદિરમાં તેમજ સેકટર-1 ગાંધીનગર ખાતે સવારે 8 થી રાત્રી 12:30 સુધી ભગવાન શ્રીકૃષ્ણની મહિમા વિવિધ સંદેશા સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જનમાષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવશે. અંતમાં 13 સપ્ટેમ્બરે કડી ટાઉનહોલ ખાતે "સ્વાગતમ્ કૃષ્ણ 2026"નું આયોજન કરવામાં આવ્યું છે. અ સિવાય સમગ્ર શ્રાવણ માસ દરમિયાન વિરમગામ તાલુકાના આશરે 10 ગામોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.ઈસ્કોન હરે કૃષ્ણ મૂવમેન્ટના પ્રમુખ જગનમોહનકૃષ્ણ દાસજીએ વધુમાં જણાવ્યું હતું કે "સ્વાગતમ્ કૃષ્ણ 2026" નો ઉદ્દેશ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના સંદેશ અને ભાવનાને મંદિરની બહાર સમાજના વિવિધ વર્ગો જેવા કે અબાલ વૃધ્ધ સ્ત્રી-પુરૂષ તેમજ ભારતના આશાસ્પદ ભવિષ્ય એવા યુવાવર્ગ સુધી પહોંચાડવાનો છે.

# મંડળ રેલવે મેનેજર રાજૂ ભડકે એ પ્રતાપનગર-જોબટ રેલ ખંડનું કર્યું નિરીક્ષણ

પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે એ બુધવાર, 19 ઓગસ્ટ 2026 ના રોજ પ્રતાપનગર-અલીરાજપુર-જોબટ રેલ ખંડનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે રેલવે સેક્શનના વિવિધ સ્ટેશનો પર સ્ટેશન સંકુલો, યાત્રી સુવિધાઓ, આધારભૂત સંરચના અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી તથા સંબંધિત અધિકારીઓને વ્યવસ્થાઓમાં જરૂરી સુધારાના નિર્દેશ આપ્યા.મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે એ આ નિરીક્ષણ દરમિયાન જણાવ્યું કે સુરક્ષિત, સુગમ અને યાત્રી-કેન્દ્રિત રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવી વડોદરા મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે નિયમિત નિરીક્ષણો મારફતે પાયાના સ્તરે વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવે છે, જેનાથી જરૂરી સુધારાઓને સમયબદ્ધ રીતે લાગુ કરાવી શકાય અને યાત્રીઓને ઉત્તમ સુવિધાઓ આપી શકાય.મંડળ રેલવે મેનેજર સૌથી પહેલાં વરિષ્ઠ મંડળ અધિકારીઓ સાથે ડભોઈ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા વિવિધ



આધારભૂત સંરચના અને વિકાસ કામોની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે તમામ કામ નિશ્ચિત સમય-મર્યાદાની અંદર ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવામાં આવે તથા કામોની નિયમિત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવે.ત્યારબાદ શ્રી ભડકે એ બોડેલી, છોટાઉદેપુર અને અલીરાજપુર સ્ટેશનોનું પણ નિરીક્ષણ કર્યું તથા આ સ્ટેશનો પર યાત્રીઓને ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી વિવિધ સુવિધાઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી. તેમણે સ્ટેશન સંકુલોમાં યાત્રી સુવિધાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા, સંચાલન વ્યવસ્થાઓ તથા અન્ય સંબંધિત પાસાઓની સમીક્ષા કરી.નિરીક્ષણ દરમિયાન મંડળ રેલવે મેનેજર એ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓની સાથે વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરતાં યાત્રી સુવિધા, સંરક્ષા, સ્વચ્છતા અને સંચાલન કૌશલને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર ભાર મુક્યો. તેમણે નિર્દેશ આપ્યા કે યાત્રીઓને ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરાવવાની સાથે-સાથે સ્ટેશન અને રેલવે સેક્શનની વ્યવસ્થાઓનું નિયમિત નિરીક્ષણ અને અસરકારક દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવે.